અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

04 MARCH-2026 WEDNESDAY

વર્ષ-10 । અંક-112 । વિક્રમ સંવત-2082 । ફાગણ વદ-01 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


રંગોનો તહેવાર તમારા જીવનમાં રંગો ભરી દે તેવી શુભેચ્છા...

આપ સૌને હોળી અને ધુળેટીના પાવન પર્વની હાર્દિક શુભકામનાઓ...



રોહિત શર્માના સાથથી ભારતપેની સુપર ઓવર ઝુંબેશ હિટ પેજ 5



મેલાનિયા ટ્રમ્પ અધ્યક્ષસ્થાને ઇતિહાસમાં પ્રથમવાર... પેજ 10

## ટ્રમ્પે કહ્યું- તેમની ડિફેન્સ સિસ્ટમ અને લીડરશિપ ખતમ; એરફોર્સ અને નેવી તબાહ થઈ ચૂકી છે

# ઈરાન વાતચીત કરવા ઈચ્છે છે, પણ મોડું થઈ ગયું

(એજન્સી) વોશિંગ્ટન. તા. 03

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન જંગનો આજે ચોથો દિવસ છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન વાતચીત કરવા ઈચ્છે છે, પરંતુ હવે તેના માટે ઘણું મોડું થઈ ગયું છે.ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા દાવો કર્યો કે ઈરાનની ડિફેન્સ સિસ્ટમ અને લીડરશિપ લગભગ ખતમ થઈ ગઈ છે. ટ્રમ્પે કહ્યું કે ઈરાનનું એર ડિફેન્સ, એર ફોર્સ અને નેવી તબાહ થઈ ચૂક્યા છે. જોકે, આ પહેલા રવિવારે ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ ઈરાની નેતાઓ સાથે વાતચીત કરવા માટે તૈયાર છે.આ દરમિયાન રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ઈરાન સાથે વાતચીત કરશે. આનો હેતુ મિડલ-ઈસ્ટ દેશો પર થઈ રહેલા હુમલાઓને રોકવા અને વધતા તણાવને ઓછો કરવાનો છે.પુતિન સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને કતરના અમીર શેખ તમીમ બિન હમદ અલ થાની સાથે ફોન પર વાતચીત કરી ચૂક્યા છે. બંને નેતાઓએ સંઘર્ષના ગંભીર પરિણામો અંગે ચિંતા વ્યક્ત કરી હતી.



### ઈરાનમાં 742નાં મોત, 750 ઘાયલ

અલ-જઝીરાના રિપોર્ટ અનુસાર, અમેરિકા અને ઈઝરાયલે અત્યાર સુધી ઈરાનના 1000થી વધુ ઠેકાણાઓ પર હુમલા કર્યા છે. આ દરમિયાન શરૂઆતના 30 કલાકમાં 2000થી વધુ બોમ્બ ફેંકવામાં આવ્યા છે. આમાં અત્યાર સુધીમાં 742 લોકોનાં મોત થયા છે, જેમાં 176 બાળકો છે. 750થી વધુ લોકો ઘાયલ થયા છે. 28 ફેબ્રુઆરીએ શરૂ થયેલી આ લડાઈના પહેલા દિવસે થયેલા બોમ્બમારામાં ઈરાની સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેની માર્યા ગયા હતા. આ ઉપરાંત રવિવારે 3 અમેરિકી સૈનિકો માર્યા ગયા હતા.

### પુતિન દ્વારા શાંતિ સ્થાપવા કવાયત

એક તરફ ટ્રમ્પ આક્રમક વલણ અપનાવી રહ્યા છે, ત્યારે બીજી તરફ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન મધ્યસ્થતા માટે આગળ આવ્યા છે. પુતિને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને કતરના અમીર સાથે ફોન પર વાતચીત કરી છે. રશિયાનો હેતુ મિડલ-ઈસ્ટમાં વધતા તણાવને રોકવાનો અને વધુ રક્તપાત અટકાવવાનો છે. જોકે, ઈરાને વળતો પ્રહાર કરતા સાઉદી અરેબિયાની તેલ રિફાઈનરી 'રાસ તનુરા' પર હુમલો કર્યો હોવાના અહેવાલો પણ પ્રાપ્ત થયા છે.

### આડેધડ મિસાઈલો છોડી રહ્યું છે

અમેરિકાએ આરોપ લગાવ્યો છે કે ઈરાન આડેધડ મિસાઈલો છોડી રહ્યું છે. અમેરિકી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈરાન મોબાઈલ લોન્ચર્સ દ્વારા અલગ-અલગ જગ્યાએથી મિસાઈલો લોન્ચ કરીને મિડલ-ઈસ્ટમાં વધુમાં વધુ નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યું છે.અમેરિકી સેનાએ કહ્યું છે કે તેઓ આ જોખમોને શોધીને કોઈ પણ ખચકાટ વિના ખતમ કરી રહ્યા છે.

## ઇઝરાયલ-ઈરાન યુદ્ધ: PM મોદીએ 8 દેશના નેતાઓ સાથે વાત કરી

દુબઈ-અબુધાબીથી 2100+ ભારતીયો પરત ફર્યા; ભારતથી 250+ ફ્લાઈટ કેન્સલ



(એજન્સી) નવી દિલ્હી. તા. 03

ઈઝરાયલ-ઈરાન જંગનો આજે ચોથો દિવસ છે. મિડલ ઈસ્ટમાં વધતા તણાવ બાદ ભારતીયો પરત ફરી રહ્યા છે. દુબઈ અને અબુધાબીથી મંગળવાર સાંજ સુધીમાં સાત ફ્લાઈટથી 2100 થી વધુ ભારતીયો પરત ફર્યા છે.

બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બે દિવસમાં ભારતીયોની સુરક્ષાને લઈને 8 ખાડી દેશોના નેતાઓ સાથે વાત કરી છે. પીએમે આજે ઓમાનના સુલતાન, કતારના અમીર અને કુવૈતના ક્રાઉન પ્રિન્સ સાથે ફોન પર વાત કરી ત્યાં થયેલા હુમલાની નિંદા કરી હતી.

એરસ્પેસ બંધ થવાને કારણે મંગળવારે દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અને ચેન્નઈ એરપોર્ટ પર 250 થી વધુ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. જેમાં દિલ્હીથી 80+, મુંબઈથી 107, બેંગલુરુથી 42 અને ચેન્નઈથી 30 ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે.

### દિલ્હી એરપોર્ટ પર 80 ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ રદ



પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે, મંગળવારે સવારે દિલ્હી એરપોર્ટ પર 80 ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. એરસ્પેસ પર પ્રતિબંધોને કારણે, દુબઈ જતી એમિરેટ્સ ફ્લાઈટ EK513ને દિલ્હી પરત ફરવું પડ્યું. આ દરમિયાન, દુબઈથી આવતી ફ્લાઈટ EK512 મંગળવારે સવારે દિલ્હી એરપોર્ટ પર ઉતરી હતી.

## ઇઝરાયલ-ઈરાન યુદ્ધ: એર ઇન્ડિયાની જેદ્દાહ-દુબઈ માટે સ્પેશિયલ ફ્લાઈટ શરૂ

નવી દિલ્હી | ઈઝરાયલ-ઈરાન યુદ્ધને કારણે છેલ્લા બે દિવસમાં ભારતમાં 760થી વધુ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. આજે પણ દિલ્હી એરપોર્ટ પર 87 ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. દિલ્હી, મુંબઈ, કોચી, બેંગલુરુ, ચેન્નાઈ, જયપુર અને અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હજારો મુસાફરો ફસાયેલા છે.મિડલ ઈસ્ટની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અબુ ધાબીમાં BAPS હિન્દુ મંદિર 9 માર્ચ સુધી મુલાકાતીઓ માટે બંધ કરવામાં આવ્યું છે. પીએમ નરેન્દ્ર મોદીએ આજે ઈઝરાયલ-ઈરાન યુદ્ધ પર પ્રતિક્રિયા આપી હતી. આજે દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે કેનેડાના પીએમ માર્ક કાર્ની સાથે મુલાકાત બાદ પીએમ મોદીએ કહ્યું હતું-પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ ચિંતાજનક છે, ખૂબ જ ચિંતાનો વિષય છે. ભારત તેના નાગરિકોની સુરક્ષા માટે બધા દેશો સાથે મળીને કામ કરશે. અમે વાતચીત દ્વારા મુદ્દાનો ઉકેલ લાવવાના પક્ષમાં છીએ.સોમવારે પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીર (PoK) માં ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનીના મોત સામેના વિરોધ પ્રદર્શનો હિંસક બન્યા છે. ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં પ્રદર્શનકારીઓએ સંયુક્ત રાષ્ટ્રની સ્થાનિક ઓફિસમાં આગ લગાવી દીધી, જેમાં ગિલગિટમાં યુનાઈટેડ નેશંસ ડેવલપમેન્ટ પ્રોગ્રામની એફિસ પણ સામેલ છે.



### ઇઝરાયલ-ઈરાન યુદ્ધ: દુબઈમાં મારો પરિવાર, જીવ ત્યાં છે:અલ્મોડાના ગિરીશે કહ્યું- ધબકારા વધી ગયા

મિડલ ઈસ્ટમાં ઈઝરાયેલ-અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા લશ્કરી સંઘર્ષની અસર હવે ઉત્તરાખંડના ઘરો સુધી અનુભવાઈ રહી છે. યુએઈ અને ઓમાન પર મિસાઈલ અને ડ્રોન હુમલાના સમાચારોએ સેંકડો પરિવારોના ધબકારા વધારી દીધા છે. દુબઈમાં પરિવાર છોડીને ઉત્તરાખંડ આવેલા અલ્મોડાના વતની વેપારી ગિરીશ પંત કહે છે,રવિવારે સવારે ડુકુમ્બમાં 'ઓમાન ડ્રાય ડોક' કંપની પરિસરમાં બે ડ્રોન હુમલા થયા. દેહરાદૂનના મોહકમપુર માજરી નિવાસી કૈલાશ બિષ્ટનું નિવાસસ્થાન ઘટનાસ્થળથી માત્ર એક કિલોમીટર દૂર છે. ધડાકાના અવાજથી વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ. કૈલાશે તે જ દિવસે વીડિયો જાહેર કરીને જણાવ્યું કે હુમલો ક્યારે અને ક્યાં થયો, પરંતુ તેઓ અને તેમની સાથે રહેતા અન્ય ભારતીયો સુરક્ષિત છે.

## ખામેનીની હત્યા પર મોદી ખામોશ, હેરાન કરનારું:સોનિયાએ કહ્યું-દિલ્હીનું મૌન જવાબદારીમાંથી પીછેહઠ

### ટારગેટેડ સિલિંગ સિદ્ધાંતોની વિરુદ્ધ; વાજપેયીનું નામ લઈને મોદી સરકારને શું આપી સલાહ?

નવી દિલ્હી | કોંગ્રેસના રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધીએ ઈરાનના સુપ્રીમ લીડર ખામેનીના મોત પર ભારત સરકારના મૌન મામલે સખત સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું- આ મૌન તટસ્થતા નથી, પરંતુ જવાબદારીમાંથી પીછેહઠ છે. સોનિયા ગાંધીનો એડિટોરિયલ આજે ઈન્ડિયન એક્સપ્રેસમાં છપાયો છે.

તેમણે લખ્યું- 1 માર્ચે ઈરાને પુષ્ટિ કરી કે તેના સુપ્રીમ લીડર અયાતુલ્લા ખામેનીની અમેરિકા અને ઈઝરાયેલના ટાર્ગેટેડ હુમલામાં હત્યા કરવામાં આવી. વર્તમાનમાં ચાલી રહેલી રાજદ્વારી ચર્ચા વચ્ચે કોઈ વર્તમાન રાષ્ટ્રાધ્યક્ષની હત્યા સમકાલીન આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ગંભીર ભંગ છે.



સોનિયાએ લખ્યું છે કે આ ઘટના જેટલી ચોંકાવનારી છે, તેનાથી વધુ ચોંકાવનારું નવી દિલ્હીનું મૌન છે.

## રાજ્યસભા ચૂંટણી: ભાજપના ઉમેદવારોનું લિસ્ટ જાહેર, નીતિન નબીન સહિત 9 નામ



(એજન્સી) નવી દિલ્હી. તા. 03

ભારતીય જનતા પાર્ટી (BJP)ના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનને બિહારથી રાજ્યસભા ચૂંટણી માટે પક્ષના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ વિવિધ રાજ્યો માટે પોતાના ઉમેદવારોની યાદી બહાર પાડી છે. અને તેમની આ ઉમેદવારી બિહારમાં પક્ષની એક મોટી ચૂંટણી વ્યૂહનીતિનો ભાગ માનવામાં આવી રહી છે.

### બિહાર અને આસામની ચૂંટણી વ્યૂહનીતિ

બિહારમાં ખાલી પડતી પાંચ બેઠકો પૈકી ભાજપે પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન અને શિવેશ કુમારને ઉમેદવાર બનાવ્યા છે. નીતિન નબીન પટનાના બાંકીપુરથી પાંચ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે અને તેમની ઉમેદવારી બિહારમાં પક્ષની મોટી વ્યૂહનીતિનો ભાગ છે. તેવી જ રીતે આસામની ત્રણ બેઠકો માટે તેરાશ ગોવાલા અને જોગેન મોહનને ટિકિટ આપવામાં આવી છે, જેઓ રાજ્ય સરકારમાં પણ સક્રિય ભૂમિકા ભજવી ચૂક્યા છે.

### અન્ય રાજ્યોમાં સમીકરણો

હરિયાણામાં ભાજપે વહીવટી અનુભવ ધરાવતા સંજય ભાટિયાને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે પશ્ચિમ બંગાળથી જાણીતા ચહેરા રાહુલ સિંહાને ટિકિટ આપી છે. ઓડિશામાં ભાજપની સરકાર હોવાથી ત્યાં સ્થિતિ અનુકૂળ છે, જ્યાંથી મનમોહન સામલ અને સુજીત કુમાર ચૂંટણી લડશે. છત્તીસગઢની વાત કરીએ તો, મહિલા મોરચામાં સક્રિય એવા લક્ષ્મી વર્માને રાજ્યસભા મોકલવાની તૈયારી કરવામાં આવી છે. આ યાદી સ્પષ્ટ કરે છે કે ભાજપે પ્રાદેશિક સંતુલન અને સામાજિક સમીકરણોને ખાસ ધ્યાનમાં રાખ્યા છે.

## હોળી બાદ JDUમાં મોટા ફેરફારની શક્યતા, નીતિશ કુમારના પુત્રની રાજકારણમાં થશે એન્ટ્રી ?

(એજન્સી) નવી દિલ્હી. તા. 03

મુખ્યમંત્રી નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમારને સક્રિય રાજકારણમાં પ્રવેશવા માટે સતત વિનંતીઓ થઈ રહી છે. પાર્ટીના કાર્યકરો અને વરિષ્ઠ નેતાઓએ વારંવાર આ લાગણી વ્યક્ત કરી છે.બિહારના રાજકારણમાં ટૂંક સમયમાં વધુ એક રાજકીય પરિવાર ઉભરી રહ્યો છે. મુખ્યમંત્રી નીતિશ કુમારના પુત્ર નિશાંત ટૂંક સમયમાં રાજકારણમાં પ્રવેશ કરશે તેવી ચર્ચાઓ છે. જો નિશાંત રાજકારણમાં પ્રવેશ કરશે તો નીતિશ કુમારનો પરિવાર પણ રાજકીય પરિવારોની યાદીમાં જોડાશે.



### નીતિશ કુમારના પુત્ર રાજકારણમાં જોડાશે - શ્રવણ કુમાર

નીતિશ કુમાર સરકારમાં રાજ્યમંત્રી શ્રવણ કુમારે મંગળવારે કહ્યું કે મુખ્યમંત્રી નીતિશ કુમારના પુત્ર નિશાંતના રાજકારણમાં પ્રવેશને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે અને જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) ટૂંક સમયમાં આ નિર્ણયની ઔપચારિક જાહેરાત કરશે.

ભારતીય કોસ્ટ ગાર્ડને 6 એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર ALH Mk-III (મેરીટાઇમ રોલ) મળશે

## ભારતે કરી 5,083 કરોડ રૂપિયાની 2 મહત્વની ડિફેન્સ ડીલ, મળશે એડવાન્સ હથિયારો



(એજન્સી) નવી દિલ્હી. તા. 03

3 માર્ચના રોજ સંરક્ષણ મંત્રાલયે કુલ 5,083 કરોડ રૂપિયાની બે મહત્વપૂર્ણ ડિફેન્સ ડીલ પર હસ્તાક્ષર કર્યા છે. આ ડીલ ભારતીય કોસ્ટ ગાર્ડ માટે એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર અને ભારતીય નૌકાદળ માટે એડવાન્સ્ડ મિસાઈલ સિસ્ટમની ખરીદી સાથે સંબંધિત છે. આ ડીલ સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની હાજરીમાં કરવામાં આવી છે. સંરક્ષણ મંત્રાલયે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL), બેંગલુરુ સાથે 2,901 કરોડ રૂપિયાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

### ટ્વીન-એન્જિન હેલિકોપ્ટર અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ હશે

આ કરાર હેઠળ ભારતીય કોસ્ટ ગાર્ડને 6 એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર ALH Mk-III (મેરીટાઈમ રોલ) મળશે. આ સોદો બાય (IndianIDDM) સિરિઝ હેઠળ કરવામાં આવ્યો છે, એટલે કે આ હેલિકોપ્ટર ભારતમાં ડિઝાઈન અને ઉત્પાદિત કરવામાં આવ્યા છે. આ ટ્વીન-એન્જિન હેલિકોપ્ટર અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ છે.

### નૌકાદળને VL-શિલ્ટ મિસાઈલો મળશે

બીજી ડિલ રૂપિયા 2,182 કરોડની છે, તે સરફેસ-ટુ-એર વર્ટિકલ લોન્ચ શિલ્ટ મિસાઈલ સિસ્ટમ ખરીદવા માટે છે. આ કરાર રશિયાની સરકારી સંરક્ષણ કંપની, JSC રોસોબોરોનેક્સપોર્ટ સાથે કરવામાં આવ્યો હતો. ભારતીય નૌકાદળના ફ્રન્ટલાઈન યુદ્ધ જહાજોની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને નોંધપાત્ર રીતે મજબૂત બનાવશે.

## ઓઈલ ક્રિસિસ: તેલની અછતને પહોંચી વળવા માટે ભારતનો શું છે માસ્ટર પ્લાન?

(એજન્સી) નવી દિલ્હી. તા. 03

ભારત હોર્મુઝ સ્ટ્રેટના અવરોધને કારણે થતી કટોકટીની તેલની અછતને પહોંચી વળવા માટે પેટ્રોલ અને ડીઝલની નિકાસ પર પ્રતિબંધ મૂકવા વિચાર કરી રહ્યુ છે. રશિયાથી ક્રૂડ ઓઈલની આયાત વધારવા અને LPG રેશનિંગ જેવા માંગ-વ્યવસ્થાપન પગલાં લાગુ કરવા સહિત અનેક કટોકટી વિકલ્પો પર તર્ક-વિતર્ક કરાઈ રહ્યા છે.સરકાર પહેલા પેટ્રોલ અને ડીઝલની નિકાસ પર પ્રતિબંધ મૂકવાનું વિચારી રહી છે. કારણ કે ભારત તેના લગભગ એક તૃતીયાંશ પેટ્રોલ, એક ચતુર્થાંશ ડીઝલ અને લગભગ અડધા ઉડ્ડયન ઈંધણની નિકાસ કરે છે.

## હરિદ્વારમાં અમિત શાહની મુલાકાતની તૈયારીઓ તેજ

(એજન્સી) ઉત્તરાખંડ. તા. 03

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ મંગળવારે 3 માર્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની 7 માર્ચે હરિદ્વારની પ્રસ્તાવિત મુલાકાત માટે સ્થળ નિરીક્ષણ કર્યું હતું.ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ મંગળવારે 3 માર્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની 7 માર્ચે હરિદ્વારની પ્રસ્તાવિત મુલાકાત માટે સ્થળ નિરીક્ષણ કર્યું હતું.



### શું હશે કાર્યક્રમ ?

છેલ્લા ચાર વર્ષમાં ડબલ-એન્જિન સરકારના કાર્ય અને કેન્દ્ર સરકારના ત્રણ નવા ફોજદારી કાયદાઓને પ્રકાશિત કરવામાં આવશે.

### સ્થળ નિરીક્ષણ કર્યું

ભાજપના પ્રદેશ પ્રમુખ મહેન્દ્ર ભટ્ટ સહિત વરિષ્ઠ વહીવટી અને પોલીસ અધિકારીઓ પણ હાજર હતા. મુખ્યમંત્રીએ સ્ટેજ, સુરક્ષા વ્યવસ્થા અને પ્રદર્શન સ્થળનું નજીકથી નિરીક્ષણ કર્યું હતું અને અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

## પશ્ચિમ બંગાળ : ચૂંટણીને લઈને ECની કડક તૈયારીઓ

નવી દિલ્હી | આ વર્ષે પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે અને તમામ રાજકીય પક્ષો તેની તૈયારીઓમાં વ્યસ્ત છે. આ દરમિયાન ચૂંટણી પંચે જાહેરાત કરી છે કે માત્ર મતદાન મથકોની અંદર જ નહીં, પરંતુ તેમની આસપાસ પણ સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે, જેથી કોઈ ગેરરીતિ ન થાય અને સંપૂર્ણ નિષ્પક્ષ ચૂંટણી થાય.

## રાજ્યસભા ચૂંટણીમાં પેચ ફસાયો: ખડગેની ખુરશી બચાવવા કોંગ્રેસની ઠાકરેને 'એક્સચેન્જ ઓફર'

નવી દિલ્હી | મહારાષ્ટ્રની રાજનીતિમાં રાજ્યસભાની ખાલી પડનારી એક બેઠકને લઈને મહાવિકાસ આઘાડી(MVA)માં હલચલ તેજ થઈ છે. રાજ્યસભાની ચૂંટણી મામલે કોંગ્રેસ હવે સક્રિય થઈ ચૂકી છે. અનેક સોગઠાંઓ ગોઠવી રહી છે. ખાસ કરીને મહારાષ્ટ્ર માટે આ પ્રતિષ્ઠાનો જંગ બની છે.



મહારાષ્ટ્રમાં રાજ્યસભાની એક ખાલી થઈ રહેલી બેઠક પર કોંગ્રેસે પોતાનો દાવો રજૂ કર્યો છે અને ઉદ્ધવ ઠાકરે પાસે સમર્થન માંગ્યું છે. આ માત્ર એક બેઠકની લડાઈ નથી, પરંતુ રાજ્યસભામાં કોંગ્રેસના 'વિરોધ પક્ષના નેતા' (LoP)નું પદ બચાવવાની રાજકીય અને ટેકનિકલ મજબૂરી પણ છે.

### અંક બંધ

તા.04 માર્ચએ ધુળેટીનો તહેવાર હોવાથી કાર્યાલયમાં રજા પાળશે જેથી તા. 05 માર્ચ ગુરુવારનો અંક પ્રસિદ્ધ થશે નહીં. તા.06 માર્ચ શુક્રવારનો અંક રાબેતા મુજબ પ્રસિદ્ધ થશે.

-મેનેજમેન્ટ

## ચંદ્રગ્રહણ પૂર્ણ, શુદ્ધિકરણ પછી મંદિરો ફરી ખુલ્યા:કોલકાતામાં અર્ધ ચંદ્ર દેખાયો, ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરમાં ભસ્મ આરતી દરમિયાન હોળીની ઉજવણી



(એજન્સી) નવી દિલ્હી. તા. 03

વર્ષ 2026નું પહેલું ચંદ્રગ્રહણ સમાપ્ત થઈ ગયું છે. મંગળવાર (3 માર્ચ, 2026)ના રોજ બપોરે 3:21 વાગ્યે શરૂ થયું અને સાંજે 6:47 વાગ્યા સુધી ચાલ્યું. ચંદ્રગ્રહણ સૌપ્રથમ પૂર્વ ભારતમાં દેખાયું. કોલકાતામાં, ગ્રહણને કારણે પૂર્ણ ચંદ્ર આંશિક રીતે દેખાઈ રહ્યો હતો. ગ્રહણ સમાપ્ત થયા પછી, દેવતાઓને મંદિરોમાં સ્નાન કરાવવામાં આવ્યું. શ્રૃંગાર અને ભોગ આરતી પછી મંદિરો ફરીથી ખુલ્યા.ઉજ્જૈનના શ્રી મહાકાલેશ્વર મંદિરમાં મંગળવારે સવારે ભસ્મ આરતી દરમિયાન હોળીની ઉજવણી કરવામાં આવી હતી. ભારત હવામાન વિભાગ (IMD) અનુસાર, મંગળવારે (3 માર્ચ, 2026) પૂર્ણ ચંદ્રગ્રહણ હતું. ભારતમાં, ચંદ્રગ્રહણ અરુણાચલ પ્રદેશના તેજુ નગરમાં સૌથી વધુ દેખાશે, જ્યાં સાંજે 5:03 વાગ્યે ચંદ્રોદય થયો હતો.ચંદ્રગ્રહણ એશિયા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, એન્ટાર્કટિકા, રશિયા, ઉત્તર અમેરિકા અને દક્ષિણ અમેરિકામાં દેખાયું હતું. સૂર્યની પરિક્રમા કરતી વખતે ઘણીવાર એવી સ્થિતિ સર્જાય છે જ્યારે પૃથ્વી, સૂર્ય અને ચંદ્રની વચ્ચે આવી જાય છે. આ દરમિયાન સૂર્યનો પ્રકાશ ચંદ્ર સુધી પહોંચી શકતો નથી અને પૃથ્વીનો પડછાયો ચંદ્ર પર પડવાથી ચંદ્રગ્રહણ થાય છે.ચંદ્રગ્રહણની ઘટના ત્યારે જ બને છે જ્યારે સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર એક સીધી રેખામાં હોય, ખગોળીય વિજ્ઞાન અનુસાર આ ફક્ત પૂનમના દિવસે જ શક્ય બને છે. આ જ કારણ છે કે મોટાભાગના ચંદ્રગ્રહણ ફક્ત પૂનમના દિવસે જ થાય છે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
WEDNESDAY • 04-03-2026

### પીરાણા ડમ્પસાઈટ મામલે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ

# આમ આદમી પાર્ટી અમદાવાદ શહેર સમિતિ દ્વારા પીરાણા ડમ્પસાઈટ મુદ્દે મ્યુનિસિપલ કમિશ્નરને અપાયું આવેદનપત્ર

અમદાવાદ/ગુજરાત

આમ આદમી પાર્ટી અમદાવાદ શહેર સમિતિ દ્વારા નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના આદેશ છતાં પીરાણા ડમ્પ સાઈટનો કચરાનો પહાડ સમયસર દૂર ન થતા અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નરને આવેદનપત્ર આપવામાં આવ્યું. આ તકે અમદાવાદ શહેર સંગઠન મહામંત્રી જતીન પટેલ, શહેર ઉપપ્રમુખ સંદીપ શર્મા, શહેર ઉપપ્રમુખ મોતીભાઈ દેસાઈ સહિત શહેર સમિતિના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આમ આદમી પાર્ટી, અમદાવાદ શહેર સમિતિ તરફથી વિનંતી કરવામાં આવી હતી કે અમદાવાદ શહેરના પીરાણા ડમ્પસાઈટ ખાતે વર્ષોથી જમા થયેલા કચરાના પહાડને દૂર કરવા બાબતે National Green Tribunal (NGT) દ્વારા વર્ષ 2021 સુધીમાં સંપૂર્ણ કામગીરી પૂર્ણ કરવાનો સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો હતો. પરંતુ



દુઃખ સાથે જણાવવાનું છે કે આજદિન સુધી કદાચ માત્ર 50 ટકા જેટલી કામગીરી પૂર્ણ થયેલ હોવાનું જણાય છે. બાકી રહેલા કચરાના નિકાલમાં થતા વિલંબને કારણે આસપાસના વિસ્તારમાં વસતા નાગરિકોના આરોગ્ય પર ગંભીર અસર પડી રહી છે. દુર્ગંધ, વાયુ પ્રદૂષણ અને આગ લાગવાની ઘટનાઓને કારણે પર્યાવરણ તથા જન આરોગ્ય માટે ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ છે.આમ આદમી પાર્ટીની માંગણીઓ છે કે ૧.પીરાણા ડમ્પસાઈટની બાકી રહેલી કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા માટે સમયબદ્ધ આયોજન જાહેર કરવામાં આવે.૨.અત્યાર સુધી થયેલી કામગીરીનો જાહેર હિસાબ અને ખર્ચની વિગત જાહેર કરવામાં આવે.૩.આસપાસના વિસ્તારોમાં રહેતા નાગરિકોના આરોગ્ય ચકાસણી કેમ્પ તથા જરૂરી આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે.૪.ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ન સર્જાય તે માટે વૈજ્ઞાનિક કચરા વ્યવસ્થાપન પદ્ધતિ અમલમાં મૂકવામાં આવે.આમ આદમી પાર્ટી દ્વારા નાગરિકોના આરોગ્ય અને પર્યાવરણની સુરક્ષા માટે તાત્કાલિક અને અસરકારક પગલાં ભરવા વિનંતી કરવામાં આવી હતી.

# આમ આદમી પાર્ટીએ સમગ્ર ગુજરાતમાં હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કર્યું

અમદાવાદ : આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી હનુમાનજીના પરમ ભક્ત છે અને તેઓ હનુમાનજીમાં ખૂબ જ શ્રદ્ધા ધરાવે છે. અરવિંદ કેજરીવાલજી પર ખોટા આરોપો લગાવીને તેમને જેલમાં મોકલવામાં આવ્યા હતા અને તેમની ઈમેજ ખરાબ કરવાની ખૂબ જ કોશિશ કરવામાં આવી હતી છતાં પણ આખરે તેઓ નિર્દોષ જાહેર થયા. કોર્ટે અરવિંદ કેજરીવાલજી અને મનીષ સિસોદિયા સહિત તમામ લોકોને નિર્દોષ જાહેર કર્યા હતા અને એની સાથે જ તેમના વિરુદ્ધ કરવામાં આવેલા તમામ કાવતરા નિષ્ફળ સાબિત થયા. આમ આદમી પાર્ટીનું માનવું છે કે અરવિંદ કેજરીવાલજીને હનુમાનજી પ્રત્યે જે અતૂટ શ્રદ્ધા છે તેના કારણે હનુમાનજીએ કેજરીવાલજી સહિત તમામનું રક્ષણ કર્યું અને સત્યની જીત થઈ ધર્મની જીત થઈ. તો આમ આદમી પાર્ટીના ગુજરાત સંગઠન દ્વારા આજે હોળીના પવિત્ર તહેવાર પર સમગ્ર ગુજરાતમાં હનુમાન ચાલીસા પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું અને પ્રાર્થના કરવામાં આવી હતી કે હનુમાનજી દેશને નુકસાન પહોંચાડવાવાળી તમામ શક્તિઓથી દેશનું રક્ષણ કરે અને હંમેશા સત્ય અને ઈમાનદાર લોકોની જીત થાય. તો આજે તમામ જિલ્લામાં આમ આદમી પાર્ટીના પ્રદેશના નેતાઓ, પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ હનુમાન ચાલીસા પાઠના કાર્યક્રમમાં હાજરી આપી હતી અને શ્રદ્ધાપૂર્વક રીતે પાઠનું પઠન કર્યું હતું. હનુમાન ચાલીસાના પાઠના કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ લોકોએ પ્રાર્થના કરી હતી કે ગુજરાતને તથા દેશને હનુમાનજી રક્ષણ આપે અને લોકો જે દુઃખ, દર્દ અને તકલીફોમાંથી પસાર થઈ રહ્યા છે, તેમાંથી લોકોને છુટકારો અપાવે અને રક્ષણ આપે. જે રીતે અરવિંદ કેજરીવાલજીના કેસમાં પરમાત્મા દ્વારા આમ આદમી પાર્ટીની મદદ કરવામાં આવી હતી, તે જ રીતે આશા છે કે આવનારા સમયમાં ગુજરાતમાં પણ આમ આદમી પાર્ટીને હનુમાનજી અને પરમાત્મા દ્વારા શક્તિ આપવામાં આવશે. ઉપરવાળાના આશીર્વાદ સાથે આમ આદમી પાર્ટી વધુ મજબૂતીથી ખેડૂતો, યુવાનો, મહિલાઓ, નાના વેપારીઓ, મજૂરો, ગરીબ, મધ્યમ વર્ગ, વંચિત-શોષિત સહિત તમામ જાતિ ધર્મ અને તમામ વર્ગના લોકો માટે લડત લડશે અને તમામ લોકોને તેમના હક-અધિકાર સાથે સાથે ન્યાય પણ અપાવશે.

## અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા, બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા મેઈલ કરતાં આરોપીની ધરપકડ



(એજન્સી) અમદાવાદ | તા.03

ગુજરાતની સ્કૂલો, પોસ્ટ ઓફિસ અને વિવિધ કોર્ટને મેઈલ કરીને બોમ્બ વિસ્ફોટ કરીને ઉડાવી દેવાની ધમકી આપનારો શખસ આખરે ઝડપાઈ ગયો છે. આ સંવેદનશીલ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પશ્ચિમ બંગાળથી પહેલી ધરપકડ કરી છે.અમદાવાદમાં છેલ્લા કેટલાક સમયથી ચર્ચાસ્પદ બનેલા ધમકીભર્યા ઈમેઈલ કેસમાં શહેર ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. ટેકનિકલ સર્વેલન્સ અને સઘન તપાસના આધારે પોલીસે આ કેસના મુખ્ય આરોપીને પશ્ચિમ બંગાળથી દબોચી લીધો છે. શહેરમાં ભયનો માહોલ ઉભો કરનારા આ ઈમેઈલ ક્યાંથી અને કોણે કર્યા હતા, તે દિશામાં ચાલી રહેલી તપાસમાં આ પ્રથમ મહત્વની ધરપકડ માનવામાં આવી રહી છે. હાલ પોલીસ આરોપીને અમદાવાદ લાવવાની તજવીજ હાથ ધરી રહી છે, જેથી આ ગુના પાછળના અન્ય હેતુઓ અને સાથીદારો વિશે વધુ ખુલાસો થઈ શકે. ગુજરાતના મુખ્ય શહેરોમાં 27મી ફેબ્રુઆરીએ સરકારી કચેરીઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી. મહેસાણા, સુરત, વલસાડ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, સુરેન્દ્રનગર, પાલનપુરની પોસ્ટ ઓફિસોને સત્તાવાર ઈ-મેઈલ દ્વારા ટાર્ગેટ કરાતા પોલીસ અને બોમ્બ સ્ક્વોડની ટીમ એક્શન મોડમાં આવી ગઈ હતી.

## ગૌહત્યારાઓ મુદ્દે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નિવેદન પર AAP નેતા કિરણ દેસાઈએ સરકારને કર્યા સવાલ



અમદાવાદ : ગૌહત્યારાઓ મુદ્દે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નિવેદન પર આમ આદમી પાર્ટીના માલધારી સેલના પ્રદેશ પ્રમુખ કિરણ દેસાઈએ એક વીડિયોના માધ્યમથી સરકારને કર્યા સવાલ કરતા જણાવ્યું હતું કે આજે ફરી એકવાર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને ગાય માતાની યાદ આવી. ભાજપને ગાય માતાના નામે રોટલા શીખવાની ટેવ પડી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે પણ આ જ રીતે કહેતા હતા કે "ગાયમાતાનું લોહી આ ધરતી પર વહેવા નહીં દઈએ." ગુજરાતમાં આપણે હાલ જોઈ રહ્યા છીએ કે કસાઈઓ ગાડીમાં આવીને ગાય માતાની હત્યા કરે છે અને તેને લઈ જાય છે. ગૃહમંત્રીને હું કહેવા માંગીશ કે તમે તમારી પોલીસને પૂછો કે આ કસાઈઓ બેફામ કેમ બન્યા? બે પગવાળા આખલાઓ આજે ગૌચર ચરી ગયા એના કારણે ગાય માતા રોડ પર આવી છે અને તેને કસાઈઓ લઈ જાય છે. આમ આદમી પાર્ટીના નેતા કિરણ દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે નાયબ મુખ્યમંત્રી, વડાપ્રધાન, ગૃહમંત્રીને અગાઉ લેટર લખીને મેં જાણ કરી હતી કે 55000થી વધારે ગાયો ગુમ છે. થોળમાં મહેસાણા કમિશનરને પત્ર લખ્યો હતો કે ગાય માતાની ખુલ્લેઆમ હત્યા થઈ રહી છે પરંતુ ગુનેગાર વિરુદ્ધ કોઈ ફરિયાદ નોંધવામાં આવી ન હતી. તો હું નાયબ મુખ્યમંત્રીને કહીશ કે ફાંકા ફોજદારી બંધ કરો, હું સ્પષ્ટપણે કહેવા માગું છું કે ગાય માતાની સૌથી ખરાબ હાલત થઈ હોય તો તમારા રાજમાં થઈ છે. આજે તમારા રાજમાં ગાય માતા રખડતી થઈ ગઈ છે. તમારા રાજમાં ગુજરાત દેશમાં પહેલું એવું રાજ્ય છે જ્યાં ગાય માતા માટે લાયસન્સ લેવું પડે અને જ્યાં ખુલ્લેઆમ કસાઈઓ ફરી રહ્યા છે. માટે ગૃહ મંત્રીને કહેવા માંગીશ કે તમારા મોઢે ગાય માતાની વાતો સારી નથી લાગતી.

# અમદાવાદના શાહપુરમાં દારૂના અડ્ડા પર પાડી જનતા રેડ

(એજન્સી) અમદાવાદ | તા.03

ગુજરાતમાં કહેવાતી દારૂબંધીના ધજાગરા અમદાવાદના શાહપુર વિસ્તારમાં હોળીના તહેવાર દરમિયાન ઉડતા જોવા મળ્યા છે. શાહપુર પોલીસની કથિત નિષ્ક્રિયતા અને રહેમનજર હેઠળ ધમધમતા દારૂના અડ્ડાઓથી કંટાળીને આખરે સ્થાનિક રહીશોએ કાયદો હાથમાં લેવાની ફરજ પડી હતી. લોકોએ એકઠા થઈને બુટલેગરોના અડ્ડા પર 'જનતા રેડ' પાડી હતી, જેના કારણે વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. શાહપુર પોલીસ સ્ટેશનની હદમાં આવતા રહેણાંક વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી ખુલ્લેઆમ દારૂનું વેચાણ થતું હોવાની ફરિયાદો ઉઠી રહી હતી. સ્થાનિકોનો આક્ષેપ છે કે, અનેકવાર મૌખિક અને લેખિત રજૂઆતો કરવા છતાં પોલીસ તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નહોતા. ઉલટાનું, પોલીસની આંખ આડા કાન કરવાની નીતિને કારણે બુટલેગરો વધુ બેખોફ બન્યા હતા. તહેવારના સમયે દારૂડિયાઓના ત્રાસથી કંટાળીને મહિલાઓ અને યુવાનોએ જાતે જ અડ્ડા પર હલ્લો બોલાવ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા જનતા રેડના વીડિયોમાં ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા છે.

### અમદાવાદ-ભુજ વચ્ચે એક મહિના માટે મેમુ ટ્રેન દોડશે

પશ્ચિમ રેલવેના અમદાવાદ-ભુજ સ્ટેશનો વચ્ચે સંચાલિત "નમો ભારત" રેકના નિર્ધારિત મેન્ટેનન્સ કાર્ય તથા વધારાની રેક ઉપલબ્ધ ન હોવાને કારણે, મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને અસ્થાઈ રીતે મેમુ ટ્રેનનું સંચાલન કરવામાં આવશે. ટ્રેન નં. 94801 અમદાવાદ-ભુજ "નમો ભારત" 03.03.2026 થી 02.04.2026 સુધી મેમુ રેક સાથે સંચાલિત થશે. ટ્રેન નં. 94802 ભુજ-અમદાવાદ "નમો ભારત" 04.03.2026 થી 03.04.2026 સુધી મેમુ રેક સાથે સંચાલિત થશે. ટ્રેનોના સ્ટોપેજ, રચના તથા સમય અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# અમદાવાદના જ્વેલર્સમાં સોનાની ચોરી કરતી બે મહિલાઓ જેલહવાલે

(એજન્સી) અમદાવાદ | તા.03

અમદાવાદના જ્વેલર્સની દુકાનોમાં ગ્રાહકના સ્વાંગમાં જઈને સોનાના દાગીનાની ચોરી કરતી બે મહિલાઓની નરોડા પોલીસે ધરપકડ કરી છે. ઝડપાયેલી બંને મહિલાઓ કૌટુંબિક બહેનો છે. બંને મહિલાઓની સાથે અન્ય બે મહિલાઓ પણ ચોરીના તરકટમાં સામેલ હતી, તેઓ ગ્રાહક બની જ્વેલર્સની દુકાનોમાં પ્રવેશ કરતી હતી, દુકાનદાર જ્યારે સોનાના દાગીના બતાવે ત્યારે કોઈના કોઈ રીતે નજર ચૂકવી દાગીના ચોરી કરતા હતા. નરોડા પોલીસે સોનાની ચુનીઓ અને કડી સહિત રૂપિયા 80 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. 24 ફેબ્રુઆરીની ઘટના છે, જ્યારે અમદાવાદના નરોડા વિસ્તારમાં આવેલા જે.જે જ્વેલર્સ નામની દુકાનમાં ત્રણેક વાગ્યાની આસપાસ ચાર જેટલી મહિલાઓ એક બાળક સાથે દુકાનમાં આવી હતી. જેમાં સૌ પ્રથમ બે મહિલાઓ આવી હતી અને બાદમાં અન્ય બે મહિલાઓ દુકાનમાં દાખલ થઈ હતી. જે.જે જ્વેલર્સમાં હાજર દુકાન માલિકની દીકરીએ બહેનોને કાનમાં પહેરવાની બુટ્ટી અને ચુની બધું બતાવ્યું હતું. કારીગર પાસે પાણી મંગાવ્યું હતું અને બાદમાં વાતોમાં ભોળવી સોનાના દાગીનાની ચોરી કરી ત્યાંથી જતી રહી હતી. બાદમાં જ્વેલર્સના સ્ટાફને જાણ થતાં તેમણે સીસીટીવી ચેક કર્યા હતા, જેમાં મહિલાઓ નજર ચૂકવીને દાગીનાની ચોરી કરતી ઝડપાઇ ગઈ હતી.

# રોમાનિયાના મિલૌટી ટાઉનના મેયર ગુજરાતની મુલાકાતે, રાજ્યના સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો તાગ મેળવ્યો

(એજન્સી) ગાંધીનગર | તા.03

યુરોપના રોમાનિયા દેશના મિલૌટી ટાઉનના મેયર શ્રી વેસાઈલ કેરારે અને તેમના પત્ની બે દિવસની ગુજરાતની મુલાકાતે પધાર્યા છે. તેમની આ મુલાકાત દરમિયાન તેમણે અમદાવાદ મહાનગરપાલિકા અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ના વરિષ્ઠ અધિકારીઓ સાથે ઈ-ગવર્નન્સ, શહેરી વિકાસ પરિયોજનાઓ, નાગરિક કેન્દ્રિત સેવાઓ અને ઔદ્યોગિક વિકાસ અંગે ચર્ચા વિચારણા કરી હતી. ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ



દ્વારા આયોજિત આ મુલાકાતમાં તેઓ દેશના વિવિધ રાજ્યોની મુલાકાત લઈ રહ્યા છે. ગુજરાતમાં તેમણે અમદાવાદ મહાનગરપાલિકામાં મેયર શ્રીમતિ પ્રતિભાબેન જૈન તેમજ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની સહિત વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરીને વિકાસ પરિયોજનાઓ, ઈ ગવર્નન્સ, રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ, અર્બન ટ્રાન્સપોર્ટ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને શહેરી વિકાસને લગતી મહત્વપૂર્ણ બાબતોની માહિતી મેળવી હતી. આ દરમિયાન તેમણે અમદાવાદમાં ઈન્ટિગ્રેટેડ કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટરની પણ મુલાકાત લીધી હતી. અમદાવાદ સિવાય તેમણે ગાંધીનગરમાં શ્રી એમ.થેન્નારસન, અગ્ર સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અને સુશ્રી રેમ્યા મોહન, કમિશનર મ્યુનિસિપાલિટીઝ તેમજ અધિક મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત શહેરી વિકાસ મિશન સાથે મુલાકાત કરી હતી. રાજ્યમાં શહેરી વિકાસ ક્ષેત્રે ચાલી રહેલી વિવિધ આઈકોનિક પરિયોજનાઓ, ઈ-ગવર્નન્સ અને રાજ્ય સરકારના વિઝન અંગે તેમને માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા. મિલૌટી શહેર માટે રિવરફ્રન્ટ પ્રોજેક્ટના વિકાસમાં યોગદાન આપવા અંગે તેમણે અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. આ ચર્ચા દરમિયાન બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, ધોલેરા હાઈવે, સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ, ડ્રીમ સિટી સુરત તેમજ શહેરમાં વિવિધ શહેરી વિકાસ પરિયોજનાઓથી મળેલી રોજગારીની તકો વિશે જણાવવામાં આવ્યું હતું.

# અમદાવાદ મંડળનું ભવ્ય પ્રદર્શન વિક્રમજનક રૂ.690 કરોડની આવક

### પાછલા વર્ષની સરખામણીમાં આવકમાં 11.10% ની નોંધપાત્ર વૃદ્ધિ




અમદાવાદ : પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ યાત્રીઓને સુરક્ષિત, સુગમ અને ઉત્તમ સેવાઓ પૂરી પાડવા તથા આવકમાં વૃદ્ધિ પ્રત્યે સતત પ્રતિબદ્ધ છે. આ જ ક્રમમાં, ફેબ્રુઆરી, 2026 દરમિયાન મંડળે યાત્રી તેમજ માલભાડા આવક, ટિકિટ તપાસ, બિન ભાડા આવક (NFR) તથા વ્યવસાય વિકાસના ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ છે. મંડળ ફક્ત આવકમાં વૃદ્ધિ જ નથી નોંધવી, પરંતુ માલના લોડિંગ અને યાત્રી સુવિધાના ક્ષેત્રમાં પણ પાછલા વર્ષની સરખામણીમાં મહત્વપૂર્ણ પ્રગતિ પ્રાપ્ત કરી છે.

### કુલ આવક પ્રદર્શન

કુલ આવક : ફેબ્રુઆરી 2026 માં રૂ.690 કરોડની કુલ આવક મેળવી, જે પાછલા વર્ષની સરખામણીમાં 11.10% વધારે છે.
યાત્રી આવક: રૂ.158.02 કરોડ પ્રાપ્ત કરવામાં આવી (15.77% ની વૃદ્ધિ).
માલ આવક: રૂ. 514.68 કરોડની આવક પ્રાપ્ત થઈ (10.53% ની વૃદ્ધિ).
ટિકિટ તપાસ : ટિકીટ તપાસ અભિયાન મારફતે રૂ. 2.75 કરોડની આવક પ્રાપ્ત થઈ (11.79% ની વૃદ્ધિ).
અન્ય સ્ત્રોત : અન્ય વિવિધ સ્ત્રોતોથી રૂ. 14.50 કરોડની આવક પ્રાપ્ત કરવામાં આવી.
માલ લોડિંગમાં ઐતિહાસિક સિદ્ધિ
વેગન લોડિંગ: દરરોજ સરેરાશ 2902.74 વેગન લોડ કરવામાં આવ્યા, જે પાછલા વર્ષથી 7.93% વધારે છે.
માલ લોડિંગ: સરેરાશ 3.92 મિલિટન ટન દરરોજ માલ લોડિંગ નોંધવામાં આવી (14.70% ની વૃદ્ધિ)।
મીઠાનું લોડિંગ: મીઠાનું લોડિંગ સરેરાશ 392.82 વેગન દરરોજ રહ્યું. (42.71% ની ભારે વૃદ્ધિ)।
કન્ટેનર અને ફર્ટિલાઈઝર: કન્ટેનર લોડિંગમાં 6.36% અને ફર્ટિલાઈઝર લોડિંગમાં 33.47% ની વૃદ્ધિ નોંધવામાં આવી.
નવો વિક્રમ : ગાંધીધામ ક્ષેત્રમાં એક જ દિવસમાં 15 લૉન્ગ હૉલ માલગાડીઓનું સંચાલન કરી નવો વિક્રમ સ્થાપિત કરવામાં આવ્યો.
બિન-ભાડા આવક (NFR) અને નવીનતા
લક્ષ્યથી વધુ પ્રાપ્તિ : વાર્ષિક લક્ષ્ય રૂ. 13 કરોડને પાર કરતાં રૂ. 13.18 કરોડની અત્યાર સુધીની સર્વોચ્ચ બિન-ભાડા આવક પ્રાપ્ત કરવામાં આવી.
પાર્કિંગ આવક : પાર્કિંગથી રૂ. 3.12 કરોડની આવક થઈ, જે પાછલા વર્ષથી 17% વધારે છે.
નવીનતા : ભીમાસરમાં ઔદ્યોગિક મીઠાના લોડિંગ માટે સ્ટેનલેસ સ્ટીલ કન્ટેનરનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો, જે ટકાઉ માલ વ્યવસ્થાપનની દિશામાં એક નવું ધોરણ છે.
યાત્રી સેવાઓ અને ડિજિટલ પ્રગતિ
વંદે ભારત એક્સપ્રેસ : 16 ફેબ્રુઆરી 2026 થી અસારવા-ઉદયપુર સિટી વંદે ભારત એક્સપ્રેસનું સંચાલન આરંભ થયું.
હોળી સ્પેશિયલ : હોળી પર્વ પર વિશેષ ટ્રેનોની 30 ટ્રિપ સંચાલિત કરવામાં આવી, જેનાથી 0.47 લાખ યાત્રીઓને લાભ થયો અને રૂ. 5.12 કરોડની આવક પ્રાપ્ત થઈ.
ડિજિટલ ટિકિટીંગ : ડિજિટલ માધ્યમોને પ્રોત્સાહન આપતાં PRS માં 23.81% અને UTS માં 34.45% લેવડદેવડ ડિજિટલ રીતે સંપન્ન થઈ.
ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંચાલન કુશળતા
ક્ષમતા વિસ્તાર : ગાંધીધામ-આદિપુર સેક્શન પર ચોથી લાઈન (Quadrupling) નું સફળતાપૂર્વક કમીશનીંગ કરવામાં આવ્યું.
આધુનિક વ્યવસ્થાપન : સાંતલપુરમાં આધુનિક 'ક્રૂ મેનેજમેન્ટ સિસ્ટમ' (CMS) નો શુભારંભ થયો.
સંચાલન: DFC ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પર દરરોજ સરેરાશ 96.86 ટ્રેનો ચલાવવામાં આવી,જે પાછલા વર્ષથી 18.83% વધારે છે.
સ્વચ્છતા અને અમલીકરણ
ટિકિટ તપાસ : વિશેષ તપાસ અભિયાનો દરમિયાન 3,801 અનિયમિત યાત્રાના કેસ પકડવામાં આવ્યા અને રૂ. 26.57 લાખનો દંડ વસૂલવામાં આવ્યો.
સ્વચ્છતા : એન્ટી-લિટરિંગ અભિયાન હેઠળ 1,120 મામલામાં દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી.
ફેબ્રુઆરી 2026 માં અમદાવાદ મંડળનું આ પ્રદર્શન દર્શાવે છે કે આવક સર્જન, માલ લોડિંગ, ડિજિટલ પ્રગતિ અને સંચાલન ક્ષમતા જેવા મુખ્ય ક્ષેત્રોમાં મંડળ સતત શ્રેષ્ઠતા તરફ અગ્રસર છે.

## રેલવે પાટા ઓળંગવાની પ્રવૃત્તિ વિરૂદ્ધ રેલવે સુરક્ષા બળનું જાગૃતિ અભિયાન

વડોદરા : રેલવે ટ્રેકની આસપાસ રહેનારા નિવાસીઓ દ્વારા અનધિકૃત રૂપે પાટા ઓળંગવાની વધતી ઘટનાઓ પર પ્રભાવક નિયંત્રણના ઉદ્દેશથી વડોદરા મંડળના રેલવે સુરક્ષા બળ દ્વારા વ્યાપક જન-જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ મુજબ આ અભિયાન હેઠળ રેલવે લાઈનની આસપાસ રહેનારા સ્થાનિક નિવાસીઓને રેલવે પાટા અનધિકૃત રૂપે ન ઓળંગવા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે. તેમનાથી વિનંતી કરવામાં આવી રહી છે કે રેલવે ટ્રેક ઓળંગતી



વખતે ફક્ત અધિકૃત સમપાર ફાટક (લેવલ ક્રોસિંગ) અથવા નિર્ધારિત ફુટ ઓવર બ્રિજ/અંડરપાસનો જ ઉપયોગ કરે.શ્રી સક્સેનાએ જણાવ્યું કે જો કોઈ વ્યક્તિ રેલવે પાટાને ગેરકાયદેસર ઓળંગતા જણાશે, તો તેની વિરૂદ્ધ રેલવે અધિનિયમ, 1989 ની કલમ 147 હેઠળ કેસ નોંધીને કાયદા મુજબ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. ફેબ્રુઆરી 2026 દરમિયાન રેલવે સુરક્ષા બળ, વડોદરા મંડળ દ્વારા કુલ 871 વ્યક્તિઓ વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યા અને તેમનાથી કુલ 13,000/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો.વડોદરા મંડળ તમામને અપીલ કરે છે કે રેલવે પાટા ન ઓળંગો, આ જીવલેણ પણ હોઈ શકે છે.

## હોળી પર્વ દરમિયાન યાત્રી ભીડ વ્યવસ્થાપન માટે વ્યાપક વ્યવસ્થાઓ, અપગ્રેડેડ ભીડ નિયંત્રણ ઉપાયોથી સુગમ અને સુરક્ષિત યાત્રા સુનિશ્ચિત

હોળી પર્વના અવસરે વધેલી યાત્રી ભીડને પ્રભાવક રીતે મેનેજ કરવા માટે પશ્ચિમ રેલવે દ્વારા વ્યાપક અને સુવ્યવસ્થિત વ્યવસ્થાઓ કરવામાં આવી. તમામ વિભાગો વચ્ચે સુદ્રઢ સંકલન સ્થાપિત કરતાં એ સુનિશ્ચિત કરવામાં આવ્યું કે પોતાના ગૃહ નગરો તરફની યાત્રા કરનારા યાત્રીઓને સુરક્ષિત, સુગમ અને નિર્બાધ યાત્રા સુવિધા પ્રાપ્ત થાય.પશ્ચિમ રેલવે એ હોળી પર્વ દરમિયાન વધેલી ભીડને ધ્યાનમાં રાખતાં ફેબ્રુઆરીના છેલ્લા સપ્તાહ તથા માર્ચ મહિનામાં પોતાના સ્ટેશનોથી 308 વિશેષ ટ્રેનોના ફેરા સંચાલિત કરવાની જાહેરાત કરી છે. આ જ ક્રમમાં 21 ફેબ્રુઆરીથી 02 માર્ચ, 2026 દરમિયાન પશ્ચિમ રેલવેએ ગોરખપુર, બનારસ, દાનાપુર, સમસ્તીપુર, દરભંગા, ભગત કી કોઠી (જોધપુર), હરિદ્વાર, રક્સૌલ, હજરત નિજામુદ્દીન, દિલ્લી સહિત અન્ય મહત્વપૂર્ણ સ્ટેશનો માટે કુલ 266 વિશેષ ટ્રેનોનું સંચાલન કર્યું. આ વિશેષ ટ્રેનો ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને ગુજરાત જેવા મુખ્ય રાજ્યોને જોડતાં યાત્રીઓની વધારાની માંગને પૂરી કરવા માટે ચલાવવામાં આવી.27 ફેબ્રુઆરીથી 02 માર્ચ, 2026 ના સમયગાળા દરમિયાન પશ્ચિમ રેલવે દ્વારા 27 લાખથી વધુ યાત્રીઓને તેમના મુકામ સુધી સુરક્ષિત અને સુગમ યાત્રા સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી.અમદાવાદ મંડળ હેઠળ અમદાવાદ, સાબરમતી, અસારવા, ગાંધીધામ અને ભુજ સ્ટેશનોથી 27, 28 ફેબ્રુઆરી અને 01 માર્ચ, 2026 ના રોજ સંચાલિત વિશેષ ટ્રેનો મારફતે 3 લાખથી વધુ યાત્રીઓએ યાત્રા કરી.

**સ્ટેશનવાર યાત્રી સંખ્યા આ મુજબ રહી**
અમદાવાદથી લગભગ 1.55 લાખ યાત્રી
સાબરમતીથી 70 હજાર યાત્રી
અસારવાથી 30 હજાર યાત્રી
ગાંધીધામથી 30 હજાર યાત્રી
ભુજથી 15.5 હજાર યાત્રી
ભીડ વ્યવસ્થાપન માટે પ્રભાવક પગલાં

હોળી પર્વ દરમિયાન યાત્રીઓની સુવિધા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નીચે જણાવેલા વિશેષ ઉપાયો લાગુ કરવામાં આવ્યા -
વિશેષ ટ્રેનોના સંબંધમાં સતત ઉદઘોષણાઓ કરીને યાત્રીઓમાં ભ્રમથી સ્થિતિથી બચાવ કરવામાં આવ્યો.
ઈલેક્ટ્રોનિક ડિસ્પ્લે બોર્ડ પર ટ્રેનોની અદ્યતન માહિતી પ્રદર્શિત કરવામાં આવી.
રેલવે કર્મચારીઓ દ્વારા યાત્રીઓને માર્ગદર્શન અને સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવી.
એટીવીએમ અને રેલવન એપ મારફતે ટિકિટ લેવા માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યા.
મોબાઈલ યૂટીએસ સુવિધા મારફતે લાઈનમાં રાહ જોઈ રહેલા યાત્રીઓને ટિકિટ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા.
વધારાના રિઝર્વેશન કાઉન્ટર, એટીવીએમ અને હેન્ડહેલ્ડ ટિકિટીંગ ટર્મિનલની વ્યવસ્થા કરવામાં આવી.
મુખ્ય સ્ટેશનો પર હોલ્ડિંગ એરિયા બનાવીને યાત્રી અવરજવરને સુવ્યવસ્થિત કરવામાં આવી.
હોલ્ડિંગ એરિયામાં પીવાના પાણી, બેસવાની વ્યવસ્થા અને અન્ય જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી.
વિશેષ ટ્રેનોની માહિતી પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયા મારફતે સર્વગ્રાહી રૂપે પ્રસારિત કરવામાં આવી.
સંચાલન જરૂરિયાતોને અનુરૂપ ડ્યૂટી પર હાજર કર્મચારીઓ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી.
મુખ્ય સ્ટેશન અને ટ્રેનોમાં રેલવે સુરક્ષા બળ (આરપીએફ) તથા ટિકિટ તપાસ કર્મચારીઓની પૂરતી જમાવટ કરવામાં આવી.
સંવેદનશીલ સ્ટેશનો પર સીસીટીવી મારફતે વાસ્તવિક સમયમાં દેખરેખ રાખવામાં આવી.
વિશેષ ટ્રેનોનું સમયપાલન સુનિશ્ચિત કરવા માટે સતત મોનિટરિંગ કરવામાં આવ્યું.
ફુટઓવર બ્રિજ, પ્લેટફોર્મ, પ્રવેશ/નિકાસ દ્વાર અને ટ્રેનોમાં સુરક્ષિત ચઢવા-ઉતરવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી.
પશ્ચિમ રેલવે પોતાના નેટવર્ક પર યાત્રી અવરજવરની સતત દેખરેખ રાખી રહ્યું છે તથા હોળી પર્વ દરમિયાન યાત્રીઓને સુરક્ષિત, આરામદાયક અને સુવિધાજનક યાત્રા ઉપલબ્ધ કરાવવા માટે વધારાની વિશેષ ટ્રેનોના સંચાલન અને જરૂરી સંસાધનોની ઉપલબ્ધતા માટે પૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### એરપોર્ટ સુરક્ષામાં બેદરકારી થી મોટું જોખમ, રન-વે દીવાલ તોડવાનો નિર્ણય વિવાદનું કેન્દ્ર બન્યો

# રાજકોટ જૂનું એરપોર્ટ વિવાદ રન-વે ની દીવાલ તોડવાની તજવીજ

(એજન્સી) રાજકોટ । તા. 03

અબજો રૂપિયાની કિંમતી જમીન પર પથરાયેલા રાજકોટના જૂના એરપોર્ટનું ભવિષ્ય જેટલું શંકાસ્પદ દેખાઈ રહ્યું છે, તેટલો જ વિવાદાસ્પદ તેનો વર્તમાન વહીવટ બની રહ્યો છે. જે એરપોર્ટ પર આજે પણ પ્રસંગોપાત વીવીઆઈપી અને મહાનુભાવોના વિમાન ઉતરાણ કરે છે, ત્યાં સુરક્ષાના તમામ પ્રોટોકોલ તોડીને રન-વે નજીકની દીવાલ તોડી પાડવાની જોખમી હિલચાલ તેજ બની છે. અંધેર વહીવટની હદ તો ત્યાં આવી છે કે ગંદકી, જંતુઓનો ઉપદ્રવ અને સુરક્ષાની ત્રૂટીઓ વચ્ચે હવે તંત્ર દ્વારા ક્ષુલ્લક કારણો આગળ ધરીને સુરક્ષા જવાનોની હેરાનગતિ કરવામાં આવી રહી છે, જેનાથી સમગ્ર એરપોર્ટની સલામતી રામભરોસે મુકાઈ ગઈ છે.




#### સીઆઈએસએફ જવાનોની બસ પર પ્રતિબંધ અને વિવાદ

રેસકોર્સ નજીક આવેલી એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) ની સ્ટાફ કોલોનીમાં એએઆઈના સ્ટાફ ઉપરાંત સીઆઈએસએફ (CISF) ના અઢીસો જેટલા જવાનો વસવાટ કરે છે. આ જવાનોને શિફ્ટ ડ્યૂટી મુજબ હીરાસર સ્થિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લાવવા-લઈ જવા માટે બસોની સુવિધા છે. જોકે, તંત્રએ એવો વિચિત્ર તર્ક રજૂ કર્યો છે કે બસોની અવરજવરથી કોલોનીના બાળકોને જોખમ છે. ૨૬મી ફેબ્રુઆરીથી આ બસોને કોલોનીમાં પ્રવેશબંધી ફરમાવી દેવામાં આવી છે. જવાનોને હવે જાહેર માર્ગ પર બસ પાર્ક કરીને લાંબો રસ્તો પગપાળા કાપવા મજબૂર કરવામાં આવી રહ્યા છે, જે સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત જોખમી છે.કોલોનીમાં પ્રવેશબંધીના વિવાદના ઉકેલ તરીકે જે રસ્તો વિચારવામાં આવ્યો છે, તે વધુ ભયાનક છે. જૂના એરપોર્ટનો ગેટ નંબર-૬ ખોલાવીને રન-વે ની નજીક આવેલી પાર્કિંગ પાસેની દીવાલ તોડીને બસોને રન-વે પાસેથી પસાર થવા દેવાની યોજના ઘડાઈ રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ગેટ પર હાલમાં જીઆઈએસએફ કે સ્થાનિક પોલીસનો પૂરતો બંદોબસ્ત નથી. જો રન-વે ની આસપાસની સુરક્ષા દીવાલમાં ગાબડું પાડવામાં આવે, તો કોઈ પણ અસામાજિક તત્ત્વ આસાનીથી અંદર ઘૂસી શકે છે. જવાબદાર અધિકારીઓ આટલી ગંભીર સુરક્ષા ચૂક છતાં આંખ આડા કાન કરી રહ્યા છે તે ચિંતાનો વિષય છે.

સીઆઈએસએફ (CISF) દ્વારા આદેશ સામે કડક વિરોધ નોંધાવતા દલીલ કરવામાં આવી છે કે, છેલ્લા બે-અઢી વર્ષથી બસો અત્યંત નિયંત્રિત રીતે ચલાવવામાં આવે છે અને આજ સુધી કોઈ અકસ્માત સર્જાયો નથી. જ્યારે કોલોનીમાં રહેતા અધિકારીઓના ખાનગી વાહનો બેરોકટોક ફરી શકે છે, ત્યારે માત્ર સુરક્ષા જવાનોની બસ પર જ કેમ પ્રતિબંધ? મીડિયા અહેવાલ મુજબ, સુરક્ષા દળોનું માનવું છે કે બસોને જાહેર માર્ગ પર પાર્ક કરવી સુરક્ષાની દ્રષ્ટિએ હિતાવહ નથી, કારણ કે તેમાં સશસ્ત્ર જવાનો અને મહત્વના સાધનોની અવરજવર હોય છે. તેમ છતાં, તંત્ર પોતાની જીદ પર અડગ છે અને સુરક્ષાના ભોગે આ જોખમી નિર્ણય લાગુ કરવા મથી રહ્યું છે. જૂના એરપોર્ટની દુર્દશા માત્ર આ એક નિર્ણય પૂરતી મર્યાદિત નથી. એરપોર્ટ પરિસરમાં ઠેર-ઠેર કચરાના ગંજ ખડકાયા છે, જેના કારણે જીવ-જંતુઓનો ઉપદ્રવ વધ્યો છે. અગાઉ અહીં આગજની જેવી ગંભીર ઘટનાઓ પણ બની ચૂકી છે. આ ઉપરાંત, એરપોર્ટની આસપાસ ખડકાયેલી બહુમાળી ઈમારતો પણ સુરક્ષા માટે મોટો પડકાર છે. આવી સંવેદનશીલ પરિસ્થિતિમાં રન-વે ની દીવાલ તોડવી એ 'બળતામાં ઘી હોમવા' જેવું સાબિત થઈ શકે છે. મીડિયા અહેવાલ અનુસાર, સ્થાનિક સ્ટાફમાં પણ આ અંધેર વહીવટને લઈને ભારે કચવાટ જોવા મળી રહ્યો છે. રાજકોટનું આ જૂનું એરપોર્ટ હજુ પણ કાર્યરત છે અને દેશના વીવીઆઈપી મહેમાનો અહીં ઉતરાણ કરે છે.

## વડોદરામાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત અકોટામાં ૯ વર્ષના બાળક પર ગાયોના ટોળાનો હુમલો



વડોદરા | સંસ્કારી નગરી વડોદરામાં રખડતા ઢોરનું જોખમ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. ગઈકાલે રાત્રે અકોટાના રામપુરા વિસ્તારમાં રખડતા ઢોરના ટોળાએ ઘર પાસે રમી રહેલા એક ૯ વર્ષના માસૂમ બાળક પર હુમલો કર્યો હતો. ગાયોનું ટોળું બાળકની ઉપર ચઢી જતાં તેને મોંઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. હાલ આ બાળક સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, જ્યાં તેની હાલત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં તંત્ર અને પશુ માલિકો સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. રાત્રે ૧૦ વાગ્યાના સુમારે જ્યારે બાળક પોતાના ઘર પાસે રમી રહ્યો હતો, ત્યારે અચાનક ગાયોનું એક મોટું ટોળું ત્યાં ધસી આવ્યું હતું. કાબૂ બહાર ગયેલી ગાયો બાળક પર ચઢી ગઈ હતી. ગંભીર રીતે ઘાયલ થયેલા બાળકને તાત્કાલિક સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, શહેરમાં અનેક વિસ્તારોમાં રાત્રિના સમયે રખડતા ઢોરનો જમાવડો જોવા મળે છે, જે વાહનચાલકો અને રાહદારીઓ માટે સતત જોખમ ઊભું કરે છે.

## ડ્રાઈવિંગ શીખવાના શોખમાં ૨૦ વર્ષીય યુવકનું મોત 16 વર્ષના કિશોરે અચાનક બ્રેક મારતા સર્જાયો અકસ્માત

(એજન્સી) વડોદરા । તા. 03

વડોદરાના બાજવા વિસ્તારમાં રહેતા અને કડિયાકામ કરતા પરિવાર પર આભ ફાટી પડ્યું છે. રાત્રિના સમયે ૧૬ વર્ષના કિશોરને ટ્રેક્ટર ચલાવતા શીખવવું ૨૦ વર્ષના બાદલ નામના યુવકને ભારે પડ્યું હતું. કિશોરે હાઈવે પર અચાનક બ્રેક મારતા બાદલ ઉછળીને નીચે પટકાયો હતો, જેમાં ગંભીર ઈજાના કારણે તેનું કરુણ મોત નીપજ્યું હતું. પોલીસે આ મામલે સગીર વયના કિશોર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

#### શીખવાની જીદ અને જીવલેણ બ્રેક

મૂળ દાહોદ જિલ્લાના અને હાલ બાજવામાં રહેતા ૨૦ વર્ષીય બાદલ નિસરતા તેના શેઠનું ટ્રેક્ટર લઈને સામાન મૂકવા ગયો હતો. તેની સાથે ૧૬ વર્ષનો એક કિશોર પણ હતો. પરત ફરતી વખતે કિશોરે ટ્રેક્ટર ચલાવવાની જીદ કરી હતી. રાત્રિનો સમય હોવાથી બાદલે કિશોરને સ્ટીયરિંગ સોંપ્યું અને પોતે બાજુની સીટ પર બેઠો હતો. રણોલી બ્રિજ પાસે રોંગ સાઈડના સર્વિસ રોડ પર સ્પીડ બ્રેકર આવતા કિશોરે ગભરાટમાં એકદમ બ્રેક મારી દીધી હતી.

#### માથા અને મોંઢા પર ગંભીર ઈજા

કિશોરે મારેલી અચાનક બ્રેકને કારણે બાજુમાં બેઠેલો બાદલ સમતુલન ગુમાવી બેઠો હતો અને હવામાં ઉછળીને સીધો રોડ પર પટકાયો હતો. માથા અને મોંઢાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ટૂંકી સારવાર બાદ તેણે દમ તોડ્યો હતો. મધ્યમવર્ગીય પરિવારે પોતાનો જુવાનજોધ દીકરો ગુમાવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. સગીર વયના કિશોર પાસે લાયસન્સ ન હોવા છતાં અને અનુભવ વગર ટ્રેક્ટર ચલાવવું એ ગંભીર ગુનો છે. પોલીસે કિશોર વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

## વડોદરાનો રીઢો ઘરફોડ ચોર ઝડપાયો રાજસ્થાન અને સુરતમાં ચોરીના ગુનાઓની કબૂલાત

(એજન્સી) વડોદરા । તા. 03

વડોદરા શહેરમાં ગુનાખોરીનો પર્યાય બનેલો અને અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો રીઢો ગુનેગાર આખરે પોલીસના સકંજામાં આવ્યો છે. વડોદરાનો રીઢો ઘરફોડ ચોર ઝડપાયો હોવાની સત્તાવાર માહિતી મળતા જ સુરત અને રાજસ્થાન પોલીસ પણ સક્રિય થઈ ગઈ છે. આજવા રોડ પર રહેતા આ શખ્સની પૂછપરછમાં આંતરરાજ્ય ચોરીના અનેક કિસ્સાઓનો પર્દાફાશ થયો છે.




વડોદરા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન આજવા રોડના એકતા નગરમાં રહેતા અજય રમેશભાઈ મારવાડીને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસની કડક પૂછપરછ દરમિયાન અજયે કબૂલાત કરી હતી કે તેણે માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ રાજસ્થાનના પાલી ખાતે પણ ઘરફોડ ચોરીની ઘટનાઓને અંજામ આપ્યો હતો. સુરતમાં થયેલી ઘરફોડ ચોરીમાં પણ તેની મુખ્ય ભૂમિકા હોવાનું બહાર આવ્યું છે. આ મામલે વડોદરા પોલીસે સંબંધિત રાજ્યોની પોલીસને જાણ કરી દીધી છે. ઝડપાયેલો આરોપી અજય મારવાડી કોઈ સામાન્ય ચોર નથી, પરંતુ એક રીઢો ગુનેગાર છે. તેની વિરુદ્ધ વડોદરાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં લૂંટ અને ચોરી સહિતના ૭ થી વધુ ગુનાઓ નોંધાયેલા છે. એટલું જ નહીં, અગાઉ સગીરાનું અપહરણ કરી તેના પર બળાત્કાર ગુજારવા જેવા ગંભીર ગુનામાં પણ તેની ધરપકડ થઈ ચૂકી છે. ખંડણી ઉઘરાવવાના કિસ્સામાં પણ તેની સંડોવણી ખુલતા પોલીસ તેના પર સતત વોચ રાખી રહી હતી.

## વડોદરા કરોડોની ઉચાપત કેસ માં ડોક્ટર સંતોષ ના રિમાન્ડ, શેલ કંપની કૌભાંડ દ્વારા કરોડોની છેતરપિંડી

(એજન્સી) વડોદરા । તા. 03

સંસ્કારી નગરી વડોદરામાં આર્થિક ગુનાખોરીનો એક મોટો કિસ્સો સામે આવ્યો છે, જેમાં એક ડોક્ટરે જ વિશ્વાસઘાત અને છેતરપિંડીની તમામ સીમાઓ ઓળંગી દીધી છે. જેતલપુર રોડ પર આવેલી વોર્ડ વિઝાર્ડ મેડિકેર કંપનીમાં ૨૮.૪૭ કરોડ રૂપિયાની મસમોટી ગેરરીતિ આચરવાના ગુનામાં સંડોવાયેલા મુખ્ય સૂત્રધાર ડો. સંતોષ ગઢવીની ધરપકડ બાદ પોલીસે તેને કોર્ટમાં રજૂ કર્યો હતો. તપાસ અધિકારી દ્વારા રજૂ કરવામાં આવેલી ૧૪ દિવસના રિમાન્ડની માંગણી સામે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે આરોપીના આગામી ૬ઠ્ઠી માર્ચ સુધીના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ કૌભાંડની જટિલતા જોતા પોલીસ હવે દિલ્હી અને ચેન્નાઈ સુધી તપાસનો દોર લંબાવશે.

આરોપી ડો. સંતોષ ગઢવીએ કંપનીને આર્થિક નુકસાન પહોંચાડવા માટે અત્યંત વ્યવસ્થિત પ્લાન બનાવ્યો હતો. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે આરોપીએ 'ડિવાઈન હેલ્થકેર' અને 'બીમેક ઈમેજીંગ' જેવી બોગસ એટલે કે શેલ કંપનીઓના નામે બેંક ખાતાઓ ખોલાવ્યા હતા. આરોપીએ બનાવટી ક્વોટેશન અને પર્ચેઝ ઓર્ડર ઊભા કર્યા હતા, જે હકીકતમાં જે-તે કંપનીઓ દ્વારા ક્યારેય આપવામાં આવ્યા જ નહોતા. આ ખોટા દસ્તાવેજોના આધારે મેડિકલ સાધનોની ખરીદીના નામે કંપની પાસેથી એડવાન્સ પેમેન્ટ મેળવીને કરોડો રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. આ એક સુનિયોજિત આર્થિક ગુનો હોવાનું પોલીસનું પ્રાથમિક તારણ છે.

તપાસ અધિકારીએ કોર્ટમાં રજૂ કરેલા સોગંદનામામાં જણાવ્યું હતું કે, કૌભાંડના કરોડો રૂપિયામાંથી અંદાજે ૧.૪૩ કરોડ રૂપિયા આરોપીએ પોતાની પત્ની તેમજ અન્ય અંગત વ્યક્તિઓના બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હોવાનું જણાયું છે. પોલીસ હવે આ નાણાં ક્યાં રોકવામાં આવ્યા છે અને ગુનામાં વપરાયેલી ચેકબુક ક્યાં છુપાવવામાં આવી છે તેની તપાસ કરી રહી છે. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અને અન્ય નામી બેંકોમાં ખોલાવવામાં આવેલા ખાતાઓ દ્વારા થયેલા કરોડોના ટ્રાન્ઝેક્શનની ઊંડી પૂછપરછ કરવામાં આવશે.

## મુસાફરનો મોબાઈલ લૂંટનાર ઝડપાયો આણંદનો રીઢો રિક્ષાચાલક વડોદરા ક્રાઈમ બ્રાન્ચના હાથે ચડ્યો




વડોદરા | શહેરમાં રિક્ષાચાલકો દ્વારા મુસાફરોને નિશાન બનાવવાની ઘટનાઓ વધી રહી છે, ત્યારે વડોદરા ક્રાઈમ બ્રાન્ચે એક મોટી સફળતા મેળવી છે. ગત ૧૨મી તારીખે ગોત્રી વિસ્તારમાં એક સિનિયર સિટિઝનનો મોબાઈલ લૂંટીને ફરાર થઈ ગયેલો આણંદનો રીઢો ગુનેગાર આખરે પોલીસના સકંજામાં આવ્યો છે. મુસાફરનો મોબાઈલ લૂંટનાર આ શખ્સ વડોદરા આવતા જ પોલીસે તેને વાડી શાસ્ત્રી બાગ વિસ્તારમાંથી દબોચી લીધો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ૧૨મી તારીખે એક સિનિયર સિટિઝન ગોત્રી વિસ્તારમાં રિક્ષામાં મુસાફરી કરી રહ્યા હતા. તે દરમિયાન કોઈનો ફોન આવતા તેઓ વાત કરી રહ્યા હતા. જેવું તેમનું ઉતરવાનું સ્થળ આવ્યું, રિક્ષાચાલક વૃદ્ધના હાથમાંથી ફોન ઝૂંટવીને રિક્ષા ભગાડી ફરાર થઈ ગયો હતો. આ ઘટના બાદ પોલીસે રિક્ષાના વર્ણન અને સીસીટીવી ફૂટેજના આધારે તપાસ તેજ કરી હતી. ઝડપાયેલા આરોપીની ઓળખ અરબાઝખાન ઉર્ફે બક્કલ રસીદખાન પઠાણ (રહે. બોરસદ, મૂળ પેટલાદ) તરીકે થઈ છે.

### વોટ્સએપ ગ્રુપમાં એડ કરી ફેબ્રિકેશનના વેપારી સાથે આચરવામાં આવી ઠગાઈ

## શેરબજારના નામે રૂ. 87 લાખની છેતરપિંડી રાજકોટના યુવકે ઊંચા પ્રોફિટની લાલચે મૂડી ગુમાવી

(એજન્સી) રાજકોટ । તા. 03

સોશિયલ મીડિયા અને ડિજિટલ યુગમાં સાયબર ઠગાઈના કિસ્સાઓ રોકેટ ગતિએ વધી રહ્યા છે. રાજકોટના મવડી વિસ્તારમાં રહેતા અને લોખંડનો વ્યવસાય કરતા ૩૦ વર્ષીય યુવક ડેનીશ ડોબરીયા સાથે શેરબજારમાં રોકાણના નામે રૂ. ૮૭.૨૦ લાખની ઓનલાઈન ઠગાઈ થઈ હોવાની ઘટના સામે આવી છે. રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે આ મામલે વિવિધ બેંક ખાતાધારકો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

#### ભરમાવનારી વાતો અને ૫૦૦% પ્રોફિટની લાલચ

ફરિયાદ મુજબ, ડેનીશને ગત ૫ તારીખે એક વોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવ્યો હતો, જેનો એડમિન રાહુલ શર્મા નામનો વ્યક્તિ હતો. આ ઠગે પોતાને શેરબજારનો ૧૫ વર્ષનો અનુભવી ગણાવી રોકાણકારોને લોકપ્રિય સ્ટોક બુક આપવાની લાલચ આપી હતી. તેણે અમેરિકામાં પણ ગ્રુપ ચાલતું હોવાનું અને વાર્ષિક ૫૦૦ ટકા નફો થતો હોવાની મોટી વાતો કરીને ડેનીશને વિશ્વાસમાં લીધો હતો.

#### વર્ચ્યુઅલ વોલેટમાં દેખાતા હતા કરોડો રૂપિયા

ઠગના કહેવાથી ડેનીશે એક એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી. જેમાં શરૂઆતમાં રોકાણ કર્યા બાદ તેના વર્ચ્યુઅલ વોલેટમાં રૂ. ૧.૫૩ કરોડ જેવી માતબર રકમ જમા દેખાતી હતી. જોકે, જ્યારે આ રકમ ઉપાડવા (વિડ્રોલ) માટે રિક્વેસ્ટ નાખવામાં આવી, ત્યારે એપમાં વધુ રૂ. ૮૯.૯૪ લાખ ભરવાનું બતાવવામાં આવતું હતું. આ બાબતે શંકા જતાં ડેનીશે સાયબર ક્રાઈમ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો.

**પોલીસ તપાસ અને ચેતવણી**

રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે જે જે બેંક ખાતાઓમાં રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી, તેના ધારકો સામે ગુનો દાખલ કર્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, ઠગાઈ માટે વપરાયેલા બેંક ખાતા ભાડે રાખેલા હોવાની શક્યતા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અજાણ્યા વોટ્સએપ ગ્રુપ કે લિંક દ્વારા આવતી શેરબજારની એડવાઈસથી દૂર રહેવું જોઈએ. ઉંચા નફાની લાલચ હંમેશા જોખમી સાબિત થઈ શકે છે.

### શોર્ટ સર્કિટથી આગ ફાટી નીકળી હોવાનું અનુમાન

## વડોદરા ફાયર બ્રિગેડે એક કલાકની જહેમત બાદ આગ બુઝાવી

(એજન્સી) વડોદરા । તા. 03

વડોદરા શહેરને અડીને આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં આગની ઘટનાઓ વધી રહી છે. આજે પરોઢિયે વાઘોડિયા રોડ પર કોટંબી ક્રિકેટ સ્ટેડિયમ નજીક આવેલા આલમગઢ ગામે એક મકાનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. સદનસીબે, આગ લાગતા જ પરિવારના સભ્યો જાગી જઈ બહાર દોડી આવતા મોટી જાનહાનિ ટળી હતી. પ્રાથમિક તપાસમાં આગનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું મનાઈ રહ્યું છે.

#### પરિવારનો આબાદ બચાવ અને ગ્રામજનોની મદદ

આજે વહેલી સવારે જ્યારે પરિવાર નિદ્રામાં હતો ત્યારે મકાનમાં અચાનક ધુમાડાના ગોટેગોટા અને અગનજ્વાળાઓ દેખાવા લાગી હતી. આગની તીવ્રતા જોઈને પરિવારના સભ્યો તાત્કાલિક ઘરની બહાર નીકળી ગયા હતા. આગ વધુ પ્રસરે અને આસપાસના મકાનોને લપેટમાં લે તે પહેલા જ આખા ગામના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. ગ્રામજનોએ તાત્કાલિક વડોદરા ફાયર બ્રિગેડને જાણ કરી હતી.

વડોદરા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ સતત એક કલાક સુધી પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. ફાયર બ્રિગેડની આ ત્વરિત કામગીરીને કારણે આગ બાજુના મકાનોમાં ફેલાતી અટકી હતી, જેનાથી મોટું નુકસાન ટાળી શકાયું હતું. સ્થાનિક પોલીસે પણ ઘટનાસ્થળે પહોંચી પંચનામું કરવાની તજવીજ હાથ ધરી છે. છેલ્લા કેટલાક સમયથી વડોદરાની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાના બનાવો વધી રહ્યા છે. આ કિસ્સામાં પણ ફરી એકવાર વડોદરા ફાયર બ્રિગેડની મદદ લેવાની ફરજ પડી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઉનાળાની શરૂઆત પહેલા જ વધી રહેલી ગરમી અને વીજ ઉપકરણો પરના લોડને કારણે આવી દુર્ઘટનાઓ સર્જાતી હોય છે.

## રાજકોટમાં નકલી પોલીસ ઝડપાયો 'પોલીસ સ્ટેશન ચાલ' કહી આધેડ પાસેથી 30 હજાર પડાવ્યા



રાજકોટ | રંગીલા રાજકોટમાં ખાખીના નામે નિર્દોષ નાગરિકોને ડરાવી લૂંટ ચલાવતી ગેંગ ફરી એકવાર સક્રિય થઈ છે. એસ્ટ્રોન ચોક પાસે એક આધેડને આંતરી, પોલીસની ખોટી ઓળખ આપી ૩૦,૦૦૦ રૂપિયા પડાવનાર બે શખ્સો પૈકી એકને એ-ડિવિઝન પોલીસે દબોચી લીધો છે. રાજકોટમાં નકલી પોલીસ ઝડપાયો હોવાની ઘટનાથી શહેરીજનોમાં કાયદો અને વ્યવસ્થાને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે. બનાવની વિગત મુજબ, પરા પીપળિયા વિસ્તારમાં રહેતા જનાર્ધન સહાની ગત ૨૫મી ફેબ્રુઆરીએ કામ પરથી ઘરે જઈ રહ્યા હતા. ત્યારે એસ્ટ્રોન ચોક પાસે મોપેડ પર આવેલા બે શખ્સોએ તેમને રોક્યા હતા. આરોપીઓએ 'અમે પોલીસ છીએ, ચાલ સ્ટેશને' કહીને આધેડનો મોબાઈલ અને બાઈકની ચાવી આંચકી લીધી હતી. ત્યારબાદ તેમને અલગ-અલગ વિસ્તારોમાં ફેરવી માનસિક રીતે ડરાવીને પૈસાની માંગણી કરી હતી.

### ધૂળેટી પૂર્વે કેનાલમાં ડૂબ્યો યુવક થી અરેરાટી, વડોદરા ફાયર બ્રિગેડ શોધખોળ માટે ૯ કિમી સુધી તપાસી વળી

# વડોદરા સેગવા કેનાલ દુર્ઘટના માં વાઘોડિયા રોડ નો યુવક લાપતા

(એજન્સી) વડોદરા । તા. 03

હોળી અને ધૂળેટીના પવિત્ર પર્વ નિમિત્તે નદી, તળાવ કે કેનાલમાં ન્હાવા પર પ્રતિબંધ હોવા છતાં અને તંત્ર દ્વારા જાહેરનામું બહાર પાડવા છતાં કમનસીબ ઘટનાઓ અટકવાનું નામ નથી લેતી. વડોદરા જિલ્લાના ડભોઈ-શિનોર રોડ પર આવેલી સેગવા કેનાલમાં વડોદરાનો ૧૯ વર્ષીય એક આશાસ્પદ યુવક ડૂબ્યો હોવાની આશંકાએ ભારે ખળભળાટ મચાવ્યો છે. ગત સાંજથી શરૂ થયેલી શોધખોળમાં હજુ સુધી યુવકનો કોઈ પત્તો લાગ્યો નથી. આ ઘટનાની ગંભીરતા જોતા વડોદરા ફાયર બ્રિગેડની અનેક ટીમો કામે લગાડવામાં આવી છે. ચિંતાજનક બાબત એ છે કે આ યુવકની સાથે તેના અન્ય બે મિત્રો પણ હોવાની વાતો વહેતી થતાં પોલીસ હવે આ દિશામાં પણ તપાસ કરી રહી છે.



વડોદરા શહેરના વાઘોડિયા રોડ વિસ્તારમાં રહેતો ૧૯ વર્ષીય યુવક તેના મિત્રો સાથે સેગવા પાસેથી પસાર થતી નર્મદા કેનાલ પર ગયો હતો. કેનાલના કિનારેથી યુવકના કપડાં અને અન્ય ચીજવસ્તુઓ મળી આવતા તે પાણીમાં ડૂબ્યો હોવાની આશંકા પ્રબળ બની હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક કરજણ નગરના ફાયર બ્રિગેડને જાણ કરી હતી, જે બાદ ગઈકાલથી જ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જોકે, કેનાલમાં પાણીનો પ્રવાહ વધુ હોવાને કારણે સ્થાનિક ટીમને સફળતા મળી ન હતી, જેના પગલે આજે વડોદરા ફાયર બ્રિગેડની વિશેષ મદદ લેવામાં આવી હતી. વડોદરા જીઆઈડીસી ફાયર બ્રિગેડના સૈનિક વિપુલ સાધુના જણાવ્યા અનુસાર, પરિસ્થિતિને પહોંચી વળવા માટે ફાયર બ્રિગેડની ત્રણ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. આ ટીમોએ કેનાલના પ્રવાહની દિશામાં અંદાજે ૯ કિલોમીટર જેટલા લાંબા વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરી હતી. અત્યાધુનિક સાધનો અને તરવૈયાઓની મદદ લેવા છતાં સાંજ સુધી યુવકનો કોઈ સગડ મળ્યા નથી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કેનાલમાં ઊંડાણ અને પાણીની ગતિ વધુ હોવાથી શોધખોળમાં મુશ્કેલી પડી રહી છે. તંત્ર દ્વારા હાલમાં કેનાલના પાણીના પ્રવાહને ઓછો કરવા માટે પણ રજૂઆત કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

#### મિત્રોની સંડોવણી અને પોલીસ તપાસ

આ ઘટનામાં સૌથી વધુ રહસ્યમય પાસું એ છે કે યુવકની સાથે તેના બીજા બે મિત્રો પણ હોવાની આશંકા સેવાઈ રહી છે. જો તે મિત્રો પણ ડૂબ્યા હોય અથવા તે સ્થળેથી લાપતા હોય તો આ કિસ્સો વધુ ગંભીર બની શકે છે. પોલીસ હવે યુવકના મોબાઈલ લોકેશન અને તેના સંપર્કમાં રહેલા મિત્રોની પૂછપરછ કરી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, આસપાસના સીસીટીવી ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યા છે જેથી એ જાણી શકાય કે ખરેખર કેટલા લોકો કેનાલ સુધી પહોંચ્યા હતા.

### યુવતીના પ્રતિકાર અને પરિવારની સમયસૂચકતાથી લંપટ ઝડપાયો

# ઉનામાં યુવતીના ઘરમાં ઘૂસી દુષ્કર્મનો પ્રયાસ, મનચલાએ હદ વટાવી

(એજન્સી) ઉના । તા. 03

ગીર સોમનાથ જિલ્લાના ઉના શહેરમાં ધોળા દિવસે સુરક્ષા સામે સવાલો ઉઠાવતી એક ગંભીર ઘટના સામે આવી છે. ઘરે એકલી રહેલી યુવતીની એકલતાનો લાભ લઈ, તેની પજવણી કરતો એક મનચલો યુવક દુષ્કર્મના ઈરાદે ઘરમાં ઘૂસી ગયો હતો. યુવતીના સાહસિક પ્રતિકાર અને આ જ સમયે પરિવારજનો ઘરે આવી પહોંચતા મોટી દુર્ઘટના ટળી હતી. પોલીસે આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

મળતી માહિતી મુજબ, ઉનાની યુવતી અને ચાચકવડ ગામનો ફરાન હનીફ શેખ અઢી વર્ષ પહેલા સાથે અભ્યાસ કરતા હતા. આ સમય દરમિયાન ફરાને યુવતી સાથે મિત્રતા કેળવવાના બહાને સોશિયલ મીડિયા અને ફોન દ્વારા સતત પજવણી શરૂ કરી હતી. યુવતીએ અનેકવાર મળવાની મનાઈ કરી હોવા છતાં, આરોપી સતત દબાણ કરી રહ્યો હતો. આજે બપોરે જ્યારે યુવતી ઘરે એકલી હતી, ત્યારે ફરાને તક જોઈને ઘરમાં પ્રવેશ કર્યો હતો.

ઘરમાં ઘૂસીને ફરાને યુવતી સાથે અભદ્ર વર્તન કરી બળજબરીથી સંબંધ બાંધવા દબાણ કર્યું હતું. યુવતીએ હિંમત હાર્યા વગર લંપટ યુવકનો પ્રતિકાર કર્યો હતો. આ દરમિયાન યુવતીના પરિવારજનો અચાનક ઘરે આવી પહોંચ્યા હતા અને અજાણ્યા યુવકને જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. પરિસ્થિતિ પામી ગયેલા પરિવારજનોએ તાત્કાલિક ફરાન શેખને પકડી લીધો હતો અને તેને ઢસડીને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**વૃષભ : બ. વ. ઉ.**

ફિટનેસ તથા વેટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે.

**મિથુન : ક. છ. ઘ.**

આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે.

**કર્ક : ડ. હ.**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે.

**સિંહ : મ. ટ.**

તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે.

**તુલા : ર. ત.**

આજે તમારે અન્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવાની જરૂર પડશે પણ બાળકો સાથે થોડા વધુ ઉદાર થવું તમને મુશ્કેલી તરફ લઈ જશે. તમે રૉમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો. આજે કામના સ્થળે દરેક બાબતમાં તમારો હાથ ઉપર રહે એવી શક્યતા છે.

**વૃશ્ચિક : ન. ય.**

ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**મકર : ખ. જ.**

આજે તમે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ સંભાળી લેશો આ માટે તમારી ઈચ્છાશક્તિને વળતર અપાશે. લાગણીશીલ નિર્ણય લેતી વખતે તમારે તમારા મગજ પરનો કાબૂ ગુમાવવો નહીં. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. આજે તમે પ્રેમની પીડા અનુભવશો.

## રંગ રસિયા કાર્યક્રમ

### શ્યામ મહિલા મંડળ - જૂનાગઢ દ્વારા શ્યામ વાડી ખાતે રંગ રસિયા કાર્યક્રમ ઉજવાઈ ગયો



| નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ તા.૩. શ્યામ મહિલા મંડળ, જૂનાગઢના પ્રમુખશ્રી મીનાબેન ગોહેલ ની આગેવાનીમા હોળીના તહેવાર નિમિત્તે તા. 1- 3- 26ને રવિવારના રોજ ગુ. ક્ષ. કડીયા જ્ઞાતિની ભવનાથ રોડ ઉપર આવેલી શ્યામ વાડીમા મહિલા મંડળની બહેનો અને અક્ષર ધામ સ્થિત ઝાંઝરડા વૈશ્નવ મહિલા મંડળની બહેનો લીલાબેન ધામેચા, નીરૂબેન ઉનળકટ તેમજ રંજનબેન દવે અને રેખાબેન કાચાના ગૃપ સાથે મળીને રંગ રસિયા કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મા ભગવાન શ્રી કૃષ્ણ ને ફુલ, હાર, અબીલ, ગુલાલ અર્પણ કરી પ્રમુખશ્રી મીનાબેન ગોહેલ તેમજ સર્વે બહેનો દ્વારા પુજન કરી ખજૂર, દાળિયા,ધાણી,પતાશા, જાંબુ વગેરેનો ભોગ ધરવામાં આવેલ. ત્યારબાદ ભક્તિ ગીતો, રાસની સાથે અબિલ, ગુલાલ, પુષ્પ વૃષ્ટિ , અને અરસ પરસ રંગ ઉડાડી મહિલા મંડળ દ્વારા આનંદ કરવામાં આવેલ. આ કાર્યક્રમમા નાની દિકરીઓથી લઈને મોટી ઉંમરના બહેનોએ પણ હર્ષે ઉલ્લાસ સાથે ભાગ લીધો હતો. અને ખુશી મનાવી હતી. આ કાર્યક્રમમાં શ્યામ મહિલા મંડળના મંત્રી અરુણાબેન ભાલીયા, ખજાનચી છાયાબેન ચોટલીયા, ભાવનાબેન ચાવડા, કંચનબેન ચૌહાણ, સરલાબેન જાદવ, હર્ષાબેન ચોટલીયા, જીજ્ઞાબેન ચોટલીયા, ચાંદનીબેન ચાવડા, ઉપરાંતમા મોટી સંખ્યામાં બહેનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમ હર્ષભેર ઉજવ્યો હતો, કાર્યક્રમને સફળ બનાવવા કન્વિનરશ્રી કિશોરભાઈ ચોટલીયા તેમજ ભરતભાઈ ભાલીયાએ જહેમત ઉઠાવી હતી.

### શિક્ષણમાં દુર્લક્ષ અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં

# ભાવનગરની સરકારી ઈજનેરી કોલેજોની અવદશા: વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળ્યો

(એજન્સી) ભાવનગર | તા.03

ભાવનગર: એન્જિનિયરિંગ ક્ષેત્રે ભાવનગરના તેજસ્વી વિદ્યાર્થીઓનું ભવિષ્ય અત્યારે જોખમમાં હોય તેવું લાગી રહ્યું છે. શહેરમાં બે-બે સરકારી ઈજનેરી કોલેજો (SSGEC અને GEC) હોવા છતાં, તંત્ર અને સ્થાનિક રાજકારણીઓની ઉદાસીનતાને કારણે અહીં શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે. વર્ષોથી એક સમાન અને જૂના કોર્સ ચલાવવામાં આવી રહ્યા છે, જેના કારણે વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજીના યુગમાં ખાનગી કોલેજો કે અન્ય શહેરોનો આશરો લેવો પડી રહ્યો છે.

ભાવનગરની બંને સરકારી કોલેજોમાં સિવિલ, મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ જેવી કોમન બ્રાંચો કાર્યરત છે. નવાઈની વાત એ છે કે, શાંતિલાલ શાહ ઈજનેરી કોલેજમાં નવી બ્રાંચો શરૂ કરવાને બદલે હાલની બેઠકો ઘટાડવા અથવા બ્રાંચ બંધ કરવાની હિલચાલ ચાલી રહી છે. જ્યારે રાજ્યની અન્ય ૧૬ સરકારી કોલેજોમાં આધુનિક બદલાવ આવી રહ્યા છે, ત્યારે ભાવનગરને



આ લાભથી વંચિત રાખવામાં આવી રહ્યું છે.આગામી સમયમાં ધોલેરા સર (SIR) પ્રોજેક્ટ આકાર લઈ રહ્યો છે, ત્યારે ભાવનગરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), મશીન લર્નિંગ, રોબોટિક્સ અને ડેટા સાયન્સ જેવા નવા યુગના કોર્સ શરૂ કરવા અનિવાર્ય છે. જો વિદ્યાર્થીઓને સ્થાનિક સ્તરે જ આવા કોર્સ ઉપલબ્ધ થાય, તો જ તેઓ વૈશ્વિક સ્પર્ધામાં ટકી શકશે. પરંતુ હાલની સ્થિતિ જોતા, સ્થાનિક પ્રતિનિધિઓ આ ગંભીર મુદ્દે મૌન સેવી રહ્યા હોય તેમ જણાય છે. કોલેજોમાં માત્ર કોર્સ જ જૂના નથી, પણ વહીવટી માળખું પણ ખોરવાયેલું છે. શાંતિલાલ શાહ કોલેજમાં સિનિયર ફેકલ્ટીની ભારે અછત છે. લેબ આસિસ્ટન્ટ, લાયબ્રેરીયન કે એકાઉન્ટ ઓફિસર જેવા મહત્વના પદો ખાલી હોવા છતાં સરકાર દ્વારા કોઈ સક્રિય પગલાં લેવામાં આવ્યા નથી. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, લેબમાં પૂરતા સાધનોના અભાવે વિદ્યાર્થીઓનું પ્રેક્ટિકલ જ્ઞાન પણ અધૂરું રહી જાય છે.તાજેતરમાં શિક્ષણ વિભાગમાં રીસ્ટ્રક્ચરિંગ અંગેની બેઠક યોજાઈ હતી, જેમાં રાજ્યમાં ૨૬૬૨ સીટો વધારવાની જાહેરાત થઈ છે. ભાવનગરના વિદ્યાર્થીઓ અને વાલીઓ આશા રાખી રહ્યા છે કે આ નવી સીટોમાં ભાવનગરને ન્યાય મળશે અને વર્ષો જૂના બીબાઢાળ માળખામાં પરિવર્તન આવશે. જો સરકાર યોગ્ય નિર્ણય નહીં લે, તો આગામી દિવસોમાં વિદ્યાર્થીઓનું આંદોલન વધુ ઉગ્ર બને તેવી શક્યતા છે.

### દિવ્ય રંગોત્સવ, ભક્તિ રંગે દાદાના સંગે,

## દાદાના દરબારમાં રંગોત્સવ પર્વની ભવ્ય ઉજવણી

| નરેન્દ્ર દવે | જૂનાગઢ સાળંગપુર તા.3

શ્રીસ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ સાળંગપુર ધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે જે અંતર્ગત દાદાને હોળીના દિવસે વિશેષ શણગાર કરી તથા સાત કલરના ૫૧,૦૦૦ કિલો ઓર્ગેનિક રંગો જેમાં ગુલાબી, લાલ, પીળો, નારંગી દ્વારા દિવ્ય રંગોત્સવની



હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. રંગોત્સવની શરૂઆત હનુમાનજીની આરતી અને હનુમાન ચાલીસા કરીને કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, આ મહોત્સવ માટે ખાસ ઓર્ગેનિક કલર તૈયાર કરાવવામાં આવ્યો હતો, જે સ્પેશિયલ ઓર્ડર આપીને છોટાઉદેપુરથી બનાવડાવામાં આવ્યો હતો. આ વખતે મુખ્યત્વે ચાર રંગો - પિંક, રેડ, યલો અને ઓરેન્જમાં જ કલર હતા. આ ઉપરાંત, ઉત્સવમાં 1000 કિલો મિક્સ ફૂલો જેમાં હજારી અને ગુલાબ દ્વારા ભક્તો પર પુષ્પવર્ષા કરવામાં આવી હતી. પ.પૂ.શા.શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીના સાંનિધ્યમાં અને કોઠારીશ્રી વિવેકસાગર દાસજી સ્વામી, શુકદેવ સ્વામી (ગોકુલધામ નાર) સહિત અનેક સંતો અને દેશ દુનિયાથી પધારેલા 1.50 લાખથી વધુ સંખ્યામાં આવેલા ભક્તો એક સાથે દાદાના રંગે રંગાયા હતા. આજે સવારે શણગાર આરતી બાદ ફુલડોલોત્સવમાં દાદાનું વિશેષ પૂજન અર્ચન કરવામાં આવ્યુ હતું.

### 248 કનેક્શન તપાસ્યા હતા

## પીજીવીસીએલના 57 કનેક્શનોમાં રૂ.17 લાખની વીજચોરી પકડાઈ

ભાવનગર : ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના ગ્રામ્ય ડિવિઝનના ૫૭ કનેક્શનોમાં પીજીવીસીએલની ૨૬ ટીમો દ્વારા વીજ ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં રૂ.૧૭ લાખની વીજચોરી પકડાઈ હતી.પીજીવીસીએલ ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના ગ્રામ્ય ડિવિઝનના સણોસરા, સિહોર ગ્રામ્ય, વરતેજ અને વલ્લભીપુર સબ ડિવિઝનમાં વીજતંત્રની ૨૬ ટીમો દ્વારા આજે વહેલી સવારથી ચારેય સબ ડિવિઝનમાં મળીને ૨૪૫ રહેણાંકી અને ૦૩



વાણિજ્ય મળી કુલ ૨૪૮ વીજ કનેક્શનો તપાસવામાં આવ્યા હતા. જેમાંથી ૫૬ રહેણાંકી અને ૧ વાણિજ્ય મળી કુલ ૫૭ કનેક્શનોમાં કુલ રૂ.૧૭.૯૦ લાખની વીજ ચોરી પકડાતા પીજીવીસીએલ દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે.

## ઘોઘામાં બાઈક અને કાર અથડાતા યુવાનનું મોત

ભાવનગર : ઘોઘા આવેલ કામનાથ મહાદેવજીના મંદિર સામેના રોડ પર કાર અને બાઈક અથડાતા બાઈક ચાલકને ગંભીર ઈજાગ્રસ્ત હાલતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નિપજ્યું હતું.ઘોઘા ખાતે રહેતા શાંતિલાલ ગોહિલના પુત્ર હિતેશભાઈ ગોહિલ પોતાનું મોટરસાયકલ લઈને ભાવનગર થી ઘોઘા પોતાના ઘરે આવી રહ્યા હતા. તે દરમિયાન ઘોઘામાં આવેલા કામનાથ મંદિર પાસે ના રોડ પર સામેથી આવી રહેલા કાર ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી બાઈક સાથે અથડાવી દેતા હિતેશભાઈને ગંભીર ઈજાવો છતાં સારવાર માટે ઘોઘાની હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.

### પરીક્ષા વગેરે કારણોસર પાછી ઠેલાઈ

## ૯મીએ ભાવનગર મહાપાલિકાની પાંચ વર્ષની ટર્મ પૂર્ણ થશે, વહીવટદાર મુકાશે

ભાવનગર : ભાવનગર મહાનગરપાલિકાની પાંચ વર્ષની ટર્મ આગામી થોડા દિવસમાં પૂર્ણ થઈ રહી છે પરંતુ હજુ સુધી ચૂંટણી જાહેર કરવામાં આવી નથી તેથી ચૂંટણી પાછી ઠેલાશે અને મહાનગરપાલિકામાં વહીવટદાર મુકાશે તેમ જણાય રહ્યુ છે. ચૂંટણી સુધી વહીવટદાર કામગીરી કરશે. મહાનગરપાલિકાની ચૂંટણી પાંચ વર્ષ પૂર્વે યોજાય હતી અને આગામી તા. ૯ માર્ચ-૨૦૨૬ના રોજ ભાવનગર મહાનગરપાલિકાની પાંચ વર્ષની મુદત પૂર્ણ થઈ રહી છે પરંતુ સુધી ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી જાહેર કરવામાં આવી નથી તેથી આગામી તા. ૧૦ માર્ચ-૨૦૨૬થી રાજ્ય સરકાર દ્વારા વહીવટદાર મુકવામાં આવશે. સરની કામગીરી, પરીક્ષા વગેરે કારણોસર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિલંબ થશે તેમ જણાય રહ્યુ છે. ભાવનગર મહાનગરપાલિકામાં ૧૩ વોર્ડ છે અને ૫૨ નગરસેવક છે, જેમાં ભાજપના ૪૪ નગરસેવક અને કોંગ્રેસના ૮ નગરસેવક છે. ભાજપના એક મહિલા નગરસેવકનું નિધન થયુ છે તેથી હાલ ૫૧ નગરસેવક છે. મેયર સહિતના ૫૧ નગરસેવકો હવે સાત દિવસ સત્તામાં રહેશે.

## હોલિકા પર્વે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વૈદિક હોલિકા દહન કરવામા આવ્યું



| નરેન્દ્ર દવે | જૂનાગઢ સોમનાથ તા.03.

જ્યારે દેશભરમાં હોલિકા ઉત્સવ ઉત્સાહ સાથે ઉજવવામાં આવી રહ્યો હતો ત્યારે અધિકાંશ સ્થાનોએ લાકડા દ્વારા હોલિકા દહન કરી ઉત્સવ ઉજવવામાં આવે છે, ત્યારે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ચોપાટી ગ્રાઉન્ડ પર વૈદિક હોલિકા દહનનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટની પાઠશાળાના ઋષિકુમારોએ ઢોલ,શરણાઈ, ડમરૂના નાદ સાથે 21 પ્રકારના આહુતિ દ્રવ્યોની વૈદિક સમર્પણ યાત્રા યોજી હતી. ટ્રસ્ટના પૂજારીશ્રીઓ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ટ્રસ્ટ પરિવાર તરફથી ઈન.જનરલ મેનેજરશ્રી અજયકુમાર દુબેને પૂજન કરાવવામાં આવી હતી જે બાદ તેમના હસ્તે હોલિકા દહન કરવામાં આવ્યું હતું. જેમાં વિશેષ રૂપે પર્યાવરણ ને કેન્દ્રમાં રાખીને ટ્રસ્ટ દ્વારા હોલિકા દહનમાં પરંપરાગત અને વૈદિક સામગ્રીનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો. શ્રી સોમનાથ ટ્રસ્ટ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં પર્યાવરણને લક્ષમાં રાખીને વિવિધ પ્રકલ્પો ચલાવી રહ્યું છે. ત્યારે પ્રધાનમંત્રીશ્રી ના LiFE (લાઈફ સ્ટાઈલ ફોર ઈન્વાયરમેન્ટ) અભિગમ અંતર્ગત ટ્રસ્ટ દ્વારા પર્યાવરણને લાભ કરતું અને દર્શનાર્થીઓના સ્વાસ્થ્ય માટે આયુર્વેદિક દ્રષ્ટિએ ઉત્તમ એ પ્રકારનું વૈદિક હોલિકા દહન યોજવામાં આવ્યું હતું. સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિધિવત પૂજન કરીને હોલિકા પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું જેમાં મહત્તમ ગીર ગાયના ગોમય એટલેકે છાણા, સીમિત માત્રામાં સમિધ કાષ્ટ, તલ, ધાણી, આ તકે શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર અને શ્રી સોમનાથ મહાદેવના દર્શને આવનાર દેશવિદેશના ભક્તો જોડાશે. ભક્તો માટે ઓનલાઈન હોલિકા આહુતિ અને દર્શનની વિશેષ વ્યવસ્થાને ઉત્તમ પ્રતિસાદ: આ વૈદિક હોલિકા દહનમાં ભક્તો માટે ટ્રસ્ટ દ્વારા સોમનાથ ટ્રસ્ટની ગૌશાળાની ગૌમાતાના સુકેલા છાણ, ગીર ગાયનું ઘી, સમિધ કાષ્ઠ, સાત પ્રકારના અનાજ, કપૂર અને વિવિધ પ્રકારની ઔષધિઓ હોલિકામાં અર્પણ કરવાની વિશેષ વ્યવસ્થા કરાવવામાં આવી હતી.

## ‘બેટી બચાવો, બેટી પઢાવો’ ને સાર્થક કરતા દેશલપર (ગું)ના યુવા રાજકીય આગેવાન દિકરીના પિતા

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કહેવાય છે કે કોઈ પણ પંસગે ઈનામ આપી બાળકો ને પોત્સાહ આપવું એ મહત્વપૂર્ણ સેવાકાર્ય છે એવુ એક ઉદાહરણ રૂપ કાર્ય દેશલપર (ગું) ગામે દિકરીના પિતા એ કર્યુ છે ગામ સામાજિક,રાજકીય ક્ષેત્ર માં સારૂ નામ ધરાવતા તેમજ જરૂરિયાતમંદ લોકોની સેવામાં હર હંમેશ આર્થિક સહયોગ આપનાર સલીમભાઇ જીયેજા જેવો ની દીકરી જીયેજા સનાયા સલીમના જન્મ દિવસની ખુશીમા દેશલપર (ગું) મધ્યે આવેલ આંગણવાડી - ૨ ના તમામ બાળકોને નાસ્તા માટે સ્ટીલની ડીસ નું વિતરણ કરવામાં આવ્યુ હતુ જે દિકરી ના પિતા સલીમભાઇ દ્વારા સરકારશ્રી ના સુત્ર “બેટી બચાવો, બેટી પઢાવો’ ને સાર્થક કરી શિક્ષણ કાર્ય ક્ષેત્ર માં પ્રેરણારૂપ સેવાકાર્ય કરી ઉદાહરણ રૂપ દાખલો બેસાડ્યો છે ઉલ્લેખનીય છે કે ભારત સરકારશ્રી દ્વારા “બેટી બચાવો, બેટી પઢાવો’ 22 જાન્યુઆરી 2015 ના રોજ શરૂ કરાયેલ જે એક મુખ્ય હેતુ સામાજિક અભિયાન છે, જેનો ઉદ્દેશ્ય શિક્ષણ તેમજ સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો છે. છોકરીઓને સુરક્ષિત અને શિક્ષિત વાતાવરણ પૂરું પાડવા માટે ઉદ્દેશ્ય છે



પિતાએ દિકરીના જન્મદિવસે સૌ આંગવાણી-૨ બાળકોનેભોજનીડીસ ઈનામ આપી કર્યા પોત્સાહ

## કારની ટક્કરથી બાઈક ચાલક યુવાન બાદ સારવારમાં ભાભી અને દીકરીનું પણ મોત

આણંદ : બોરસદના જંત્રાલ-વીરસદ રોડ પર આવેલી એક સ્કૂલ નજીક ગતરોજ પુરપાટ ઝડપે જઈ રહેલી એક કારની ટક્કરે બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે બાઈક ઉપર સવાર ચાલકની ભાભી અને ચાલકની પુત્રી ઈજાગ્રસ્ત થતા તેઓને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સોમવારે સારવાર દરમિયાન બંનેના મોત થયા હતા. આ બનાવ અંગે વીરસદ પોલીસે કાર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બોરસદના કંસારી રોડ ઉપર આવેલી એક પોલ્ટ્રી ફાર્મ નજીક રહેતા ગણપતભાઈ ભીમસંગભાઈ પરમારનો ૩૨ વર્ષીય પુત્ર હરેશ ઉર્ફે પીન્ટો રવિવારની સાંજના પોતાના બાઈક ઉપર ભાઈની પત્ની જ્યોત્સનાબેન અને આઠ વર્ષીય દીકરી પ્રિયાબેનને બેસાડી વીરસદથી જંત્રાલ તરફ જઈ રહ્યો હતો.

## ભુજમાં ૧૧૭ વૃદ્ધ વડીલો ટીફીન સેવા દ્વારા ઘેરબેઠાં ભોજન જમી રહ્યા છે

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા ભુજ અને ભુજ વિસ્તારમાં રહેતા એકલા-અટુલા નિરાધાર અને ૭૦ ની વય વટાવી ચૂકેલા ૧૧૭ વૃદ્ધ વડીલોને ઘેર બેઠાં ટીફીન દ્વારા ભોજન પહોંચાડવામાં આવે છે. જેઓ ઘરથી બહારે નીકળી શકતા નથી. રસોઇ બનાવી શકતા નથી, એકલા-અટુલા-નિરાધાર છે તેવા વૃદ્ધોને દરરોજ તેમનાં ઘર સુધી ટીફીન દ્વારા ભોજન ભુજની માનવજ્યોત સંસ્થા પહોંચાડે છે. નાત-જાતના ભેદભાવ વિના દરરોજ ૧૧૭ વૃદ્ધોને નિઃશુલ્ક ભોજન



ટીફીન દ્વારા પહોંચાડાય છે. માનવસેવાની આ પ્રવૃત્તિ-માં શ્રી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ દાદર, મહાવીર-કબીર-સાઈ સત્સંગ મંડળ-ભુજ, ભુજ સ્વામિનારાયણ મંદિર, કબીર મંદિર ભુજ તથા અન્ય સહયોગી દાતાશ્રીઓનો સહયોગ મળતો રહે છે.સમગ્ર વ્યવસ્થા પ્રબોધ મુનવર, પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની, પરેશ માહેશ્વરી, કનૈયાલાલ અબોટી, દીપેશ શાહ, સહદેવસિંહ જાડેજા, નરશીંભાઈ પટેલ તથા રફીક બાવા સંભાળી રહ્યા છે.

### 42 અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ

# ડીસા નગરપાલિકામાં માનનીય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીનો લોક સંવાદ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો

(એજન્સી) પાલનપુર | તા.03

ડીસા નગરપાલિકા ખાતે રાજ્ય કક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી દ્વારા લોક સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ડીસા ખાતે રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના વરદ હસ્તે ફિઝિકલ મોડેલ ટીપીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. લોક સંવાદ કાર્યક્રમ દરમિયાન નગરપાલિકા તથા ડીસા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાંથી આવેલા કુલ 42 અરજદારોના પ્રશ્નો રૂબરૂ સાંભળી સ્થળ પર જ તેના નિરાકરણ માટે પ્રયત્ન કરવામાં આવ્યો હતો. વિવિધ વિભાગોના જિલ્લાના પદ અધિકારીઓને ઉપસ્થિત રાખી માર્ગો, ગટર, પાણીની પાઈપલાઈન, ભૂગર્ભ ગટર યોજનાઓ, તળાવ, સ્મશાન ગૃહ, આંગણવાડી કેન્દ્રો, અટલવાડી, પ્રાથમિક શાળાઓ, આરોગ્ય, વીજ થાંભલા, વાહન વ્યવહાર, બસ સેવાઓ, રમતગમતના મેદાનો તથા સ્પોર્ટ્સ સંકુલ જેવા વિવિધ મુદ્દાઓ અંગે લેખિત અને



મૌખિક સૂચનાઓ આપવામાં આવી હતી.

રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ અરજદારોને શાંતિપૂર્વક અને લાગણીસભર રીતે સાંભળી હૃદયપૂર્વક આવકાર આપ્યો હતો અને તમામ પ્રશ્નોનું યથાયોગ્ય નિરાકરણ લાવવામાં આવ્યું હતું. જ્યાં વહીવટી મંજૂરીની જરૂર હતી ત્યાં સંબંધિત વિભાગોને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચન કરાયું હતું. ‘જનસંવાદ કાર્યક્રમ’માં રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ડીસા નગરપાલિકા અને તાલુકા વિસ્તારના નાગરિકોના વહીવટી તથા વિકાસલક્ષી પ્રશ્નોને સીધા સાંભળી તેમનું ઝડપી અને અસરકારક નિરાકરણ લાવવાનો છે, જેના માટે પ્રાંત કચેરી, ડીસા ખાતે આ આયોજન કરવામાં આવ્યું જેમાં લોકો દ્વારા વિવિધ પ્રકારના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા અને તેમના ત્વરિત ઉકેલ માટે તમામ વહીવટી અધિકારીઓ સક્રિય સહયોગ આપી રહ્યા છે, તેમજ આ જનસંવાદ કાર્યક્રમ ગુજરાત સરકારના ‘ગતિશીલ ગુજરાત’ના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ છે, જેના માધ્યમથી સરકાર પ્રજાની વચ્ચે જઈને તેમના પ્રશ્નોને સમજી યોગ્ય ઉકેલ લાવી શકે છે. મુખ્યમંત્રીશ્રીનો ઉદ્દેશ છે કે છેવાડાનો માનવી પણ સરકારની તમામ યોજનાઓનો લાભ લઈ શકે અને આ યોજનાઓ દ્વારા લોકોનું જીવન સુખ, સમૃદ્ધિ અને વિકાસમય બને.

### યુદ્ધ જેવી ભયાનક અને અનિશ્ચિત પરિસ્થિતિમાં

## જ્યારે એક પરિવારની આશાઓ તૂટવા લાગે, ત્યારે જો કોઈ સહારો બનીને ઊભો રહે — એ જ સાચી માનવીય સેવા છે

દેશની દીકરી કેનેડાથી ભારત પરત ફરતી વખતે જોર્ડનમાં ફસાઈ ગઈ ચિંતિત માતા-પિતા એ જ્યારે ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીને મળી પોતાની વ્યથા વ્યક્ત કરી, ત્યારે તેમણે માત્ર પદાધિકારી તરીકે નહીં, પરંતુ પરિવારના સદસ્ય જેવી સંવેદનશીલતા દર્શાવી. શ્રી સંઘાણીએ દિલ્હી ખાતે ઈફકોમાં એમ ડી.શ્રી કે જે પટેલ અને જોર્ડન સ્થિત ઈફકોના સંયુક્ત ઉપક્રમે JIFCO સાથે સંપર્ક કર્યો, પોતે સ્વયં પણ સતત ફોન પર પરિસ્થિતિની દેખરેખ રાખી, ત્યાંના અધિકારીઓ અને કર્મચારીઓએ દીકરીના વિઝા, રહેઠાણ અને દરેક જરૂરી વ્યવસ્થા તરત જ સુનિશ્ચિત કરી. આજે એ દીકરી સુરક્ષિત છે, અને એક



પરિવારનુ સ્મિત ફરી પાછું આવ્યું છે. આ માત્ર પ્રશાસનિક સહાય નહીં, પરંતુ દિલીપ સંઘાણીનુ “પરિવાર ભાવ”નું જીવંત ઉદાહરણ છે. તાજેતરના જીફકો પ્રવાસની તસ્વીરમાં ઈફકો ના અધ્યક્ષ દિલીપ સંઘાણી, એમ ડી. કે જે પટેલ, જીફકોના દીપક યાદવ દ્રશ્યમાન થાય છે.

## માલવહન ખર્ચ વધતા મોંઘવારી વધવાની પ્રબળ શક્યતાઓ

# પશ્ચિમ એશિયાના તણાવથી ભારતનો વેપાર માર્ગ જોખમમાં

(એજન્સી) અમદાવાદ | તા 03

પશ્ચિમ એશિયામાં ભભૂકી રહેલી યુદ્ધની જ્વાળાઓએ હવે ભારતીય અર્થતંત્ર અને દરિયાઈ વેપાર પર સંકટના વાદળો ઘેરા કર્યા છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના વધતા જતા સૈન્ય સંઘર્ષ અને ઈરાનના સર્વોચ્ચ નેતાના નિધન બાદ સમગ્ર ખાડી પ્રદેશમાં અસ્થિરતા વ્યાપી ગઈ છે, જેના કારણે ભારતની સપ્લાય ચેઈન અને આયાત-નિકાસ પ્રક્રિયાને સીધી અસર પહોંચી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જો આ પરિસ્થિતિ લાંબો સમય ચાલશે તો ભારત માટે ઉર્જા સુરક્ષા અને વિદેશી મુદ્રાના પ્રવાહ પર ગંભીર નકારાત્મક અસરો જોવા મળી શકે છે.

વાણિજ્ય મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભારત સરકારની સૌથી મોટી ચિંતા અત્યારે મહત્વપૂર્ણ દરિયાઈ વેપાર માર્ગોની સુરક્ષાને લઈને છે. ઈરાને યુએઈ, કુવૈત અને કતાર જેવા પડોશી દેશો પર વળતા હુમલા શરૂ કરતા, હોર્મુઝની સામુદ્રધુની અને લાલ સમુદ્ર જેવા વ્યૂહાત્મક માર્ગો જોખમમાં મુકાયા છે. આ માર્ગો ભારતની ક્રૂડ ઓઈલની આયાત માટે જીવનરેખા સમાન છે. મીડિયા અહેવાલ મુજબ, આંતરરાષ્ટ્રીય જળસીમામાં તણાવ



વધતા હવે માલવાહક જહાજોને લાંબો અને ખર્ચાળ રસ્તો અપનાવવાની ફરજ પડી શકે છે.

સ્થાનિક નિકાસકારોના સંગઠનોએ ચેતવણી આપી છે કે યુદ્ધના કારણે પરિવહન ખર્ચમાં તોતિંગ વધારો થવાની સંભાવના છે. જો જહાજોએ આફ્રિકાના 'કેપ ઓફ ગુડ હોપ' ફરીને આવવું પડશે, તો ડિલિવરીમાં 15 થી 20 દિવસનો વિલંબ થશે અને નૂર ભાડામાં ધરખમ ઉછાળો આવશે. આનાથી માત્ર ગલ્ફ દેશો જ નહીં, પરંતુ યુરોપ અને અમેરિકા મોકલવામાં આવતા માલની કિંમતો પણ વધી જશે, જે આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય સ્પર્ધાત્મકતાને અસર કરશે.

આ વૈશ્વિક કટોકટીની સૌથી માઠી અસર સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડવાની આશંકા છે. જો ઈંધણના ભાવમાં વધારો થશે, તો પરિવહન મોંઘું થતા શાકભાજીથી લઈને જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચશે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે વિદેશમાં વસતા ભારતીયો દ્વારા મોકલવામાં આવતા નાણાં (રેમિટન્સ) ના પ્રવાહમાં પણ ઘટાડો થઈ શકે છે, જે ભારતની વિદેશી હૂંડિયામણની અનામત માટે ચિંતાનો વિષય છે.

વર્તમાન ગંભીર પરિસ્થિતિને જોતા ભારત સરકાર અત્યારથી જ સક્રિય થઈ ગઈ છે. સંરક્ષણ અને વિદેશ મંત્રાલયના સંકલન સાથે એવા સુરક્ષિત માર્ગોની શોધ કરવામાં આવી રહી છે, જેના દ્વારા આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો જળવાઈ રહે. મીડિયા અહેવાલ અનુસાર, સરકાર તેલ ઉત્પાદક દેશો સાથે સતત સંપર્કમાં છે જેથી ઊર્જા સંકટ ટાળી શકાય. આગામી દિવસોમાં જો આ યુદ્ધ વધુ ઉગ્ર બનશે, તો ભારતીય બજારમાં ઉથલપાથલ વધવાની પૂરેપૂરી શક્યતા છે.

### ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓફ ઈન્ટેલિજન્સ ભારતની પ્રગતિની નવી તાકાત બનશે

મુંબઈ: ભારતની આગામી વિકાસયાત્રા 'ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓફ ઈન્ટેલિજન્સ' દ્વારા સંચાલિત થશે, જે ભૌતિક અને ડિજિટલ પ્રણાલીઓનું મિશ્રણ હશે. અદાણી ગ્રુપના સીએફઓ જુગશિન્દર (રોબી) સિંહે મુંબઈમાં આયોજિત વાર્ષિક રોકાણકાર પરિષદમાં જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આગામી દાયકાઓમાં ઉર્જા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ધરખમ ફેરફારો લાવશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે એઆઈનો લાંબા ગાળાનો પ્રભાવ એટલો મોટો હશે જેની આપણે અત્યારે કલ્પના પણ નથી કરી શકતા. જુગશિન્દર સિંહે સ્પષ્ટ કર્યું હતું કે એઆઈ ટેકનોલોજી માત્ર સોફ્ટવેર પૂરતી મર્યાદિત નથી. તેમણે જણાવ્યું કે, "વિશાળ ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગર એઆઈનું અસ્તિત્વ શક્ય નથી." અદાણી ગ્રુપની વ્યૂહરચના ઉર્જા ઉત્પાદન, સંગ્રહ અને ટ્રાન્સમિશન પર કેન્દ્રિત છે, જે એઆઈ અને ડિજિટલ પ્લેટફોર્મ માટે પાયાનું કામ કરશે. મીડિયા અહેવાલ મુજબ, ગ્રુપ ડેટા સેન્ટર્સ અને ગ્રીન એનર્જીમાં મોટા પાયે રોકાણ કરી રહ્યું છે જેથી ભવિષ્યની ટેકનોલોજીકલ જરૂરિયાતો પૂરી કરી શકાય.

## News Brief

### એમએસએમઈ વધુ નિર્માણ કરી નિકાસમાં વિશ્વ વિજેતા બને મોદી

નવી દિલ્હી: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંગળવારે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) અને ઉદ્યોગ જગતના અગ્રણીઓને ભારતની નિકાસ ક્ષમતા વધારવા માટે 'બિલ્ડ મોર, પ્રોડ્યુસ મોર અને કનેક્ટ મોર'ની વ્યૂહરચનાને પ્રાથમિકતા આપવા હાકલ કરી છે. બજેટ પછીના વેબિનારમાં વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધન કરતા તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ઉત્પાદન, લોજિસ્ટિક્સ અને એમએસએમઈ એ દેશના અર્થતંત્રના અભિન્ન સ્તંભો છે જે એકબીજા સાથે જોડાયેલા છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આપણી દિશા અને સંકલ્પ એકદમ સ્પષ્ટ છે. તેમણે કહ્યું કે, "વધુ નિર્માણ કરો, વધુ ઉત્પાદન કરો, વધુ જોડાણ કરો અને હવે આપણે વધુ નિકાસ કરવાની જરૂર છે." મોદીએ નોંધ્યું હતું કે મજબૂત ઉત્પાદન ક્ષેત્ર નવી તકોનું સર્જન કરે છે. વિવિધ દેશો સાથે થયેલા મુક્ત વેપાર કરારો (FTAs) નો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે વિકાસનો આ હાઈવે હવે ઉદ્યોગો માટે તૈયાર છે અને તેનો મહત્તમ લાભ લેવાનો આ યોગ્ય સમય છે. વૈશ્વિક સ્પર્ધાત્મકતા અંગે બોલતા પ્રધાનમંત્રીએ સૂચન કર્યું હતું કે હવે આપણે સંશોધન (R&D) માં ભારે રોકાણ કરવું જોઈએ. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પીએમ મોદીએ ઉદ્યોગોને સલાહ આપી છે કે આપણા ઉત્પાદનોની ગુણવત્તા માત્ર વૈશ્વિક ધોરણોને અનુરૂપ જ નહીં, પરંતુ તેનાથી પણ ચડિયાતી હોવી જોઈએ. અન્ય દેશોની જરૂરિયાતો અને ત્યાંના લોકોની અપેક્ષાઓનો અભ્યાસ કરીને ઉત્પાદનો તૈયાર કરવા પર તેમણે ભાર મૂક્યો હતો.

### બાર્સેલોનામાં ભારતની ધાક MWC ૨૦૨૬માં સિંધિયાનું નેતૃત્વ



નવી દિલ્હી: સ્પેનના બાર્સેલોનામાં આયોજિત 'મોબાઈલ વર્લ્ડ કોંગ્રેસ' (MWC) 2026 માં ભારત પોતાની ટેકનોલોજીકલ તાકાતનું પ્રદર્શન કરી રહ્યું છે. કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયા ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે. તેમણે વિશ્વભરના અગ્રણી સીઈઓ સાથે મુલાકાત કરી ભારતની કનેક્ટિવિટી અને નવીનતાના વિઝનને રજૂ કર્યું હતું. આ વૈશ્વિક ઈવેન્ટમાં ભારતની સક્રિય ભાગીદારી દર્શાવે છે કે દેશ હવે ડિજિટલ ઈકોસિસ્ટમમાં વિશ્વસ્તરે નેતૃત્વ કરવા તૈયાર છે.આ પ્રવાસ દરમિયાન કેન્દ્રીય મંત્રી સિંધિયા 'ભારત પેવેલિયન'નું ભવ્ય ઉદ્ઘાટન કરશે, જે ભારતીય સ્ટાર્ટઅપ્સ અને ટેલિકોમ કંપનીઓ માટે વૈશ્વિક મંચ પૂરો પાડશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, તેઓ 'આઈએમસી 2026' (IMC) ના કરટેન રેઝરનું પણ અનાવરણ કરશે. સિંધિયા જીએસએમએ (GSMA) ના મંત્રી સ્તરીય કાર્યક્રમમાં "કોસ્ટ બેરિયર તોડવા" અને "ભવિષ્ય માટે તૈયાર ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર" જેવા વિષયો પર સંબોધન કરશે, જે ભારતની સસ્તી અને સુલભ ટેકનોલોજીની સફળતાને વિશ્વ સમક્ષ મૂકશે.

### જીડીપીના આંકડા ઘટ્યા છતાં ભારતની આર્થિક સ્થિતિ અત્યંત મજબૂત

નવી દિલ્હી:ભારતના જીડીપી (GDP) ના બેઝ યરમાં ફેરફારને કારણે નોમિનલ જીડીપીના આંકડામાં ઘટાડો થયો હોવા છતાં, દેશની એકંદર રાજકોષીય ગતિશીલતા અત્યંત આરામદાયક સ્થિતિમાં છે. યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના તાજેતરના અહેવાલ મુજબ, ચાલુ નાણાકીય વર્ષ (FY26) ના એપ્રિલ-જાન્યુઆરી દરમિયાન રાજકોષીય ખાધ સુધારેલા અંદાજ (RE) ના માત્ર 63 ટકા સુધી મર્યાદિત રહી છે. આ આંકડા દર્શાવે છે કે સરકાર તેની નાણાકીય શિસ્ત જાળવી રાખવામાં સફળ રહી છે.આંકડાકીય મોરચે જોઈએ તો, જીડીપીનું આધાર વર્ષ 2011-12 થી બદલીને 2022-23 કરવામાં આવ્યું છે. આ ફેરફારને કારણે નોમિનલ જીડીપીના સ્તરમાં સમાયોજન કરવામાં આવ્યું છે. બીજા આગોતરા અંદાજ મુજબ, નાણાકીય વર્ષ 2026 માટે નોમિનલ જીડીપી હવે 347 લાખ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ છે, જે જૂના બેઝ મુજબના અંદાજ કરતા અંદાજે 10 લાખ કરોડ રૂપિયા ઓછો છે. જોકે, અહેવાલ જણાવે છે કે આ સુધારા છતાં ભારતની રાજકોષીય મજબૂતી પર કોઈ નકારાત્મક અસર પડી નથી.નોમિનલ જીડીપીમાં ઘટાડાને કારણે જીડીપીના ટકાવારી તરીકે રાજકોષીય ખાધમાં 10-15 બેસિસ પોઈન્ટ્સનો ઉછાળો આવવાનું જોખમ છે, પરંતુ સરકાર 4.4 ટકાનો લક્ષ્યાંક આરામથી પૂર્ણ કરે તેવી શક્યતા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, સરકારની આવક લક્ષ્યાંક કરતા વધુ રહેવાની અને ખર્ચમાં તર્કસંગતતા આવવાની ધારણા છે. એપ્રિલ-જાન્યુઆરી FY26 માં રાજકોષીય ખાધ 9.81 લાખ કરોડ રૂપિયા રહી છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં 11.70 લાખ કરોડ રૂપિયા (74.5 ટકા) હતી. અત્યાર સુધી ખર્ચ કરતા આવકનું પ્રદર્શન ચડિયાતું રહ્યું છે.

## ડિજિટલ પેમેન્ટ ટ્રાન્ઝેક્શનમાં નોંધપાત્ર વધારો

# રોહિત શર્માના સાથથી ભારતપેની સુપર ઓવર ઝુંબેશ હિટ

નવી દિલ્હી: ફિનટેક ક્ષેત્રની અગ્રણી કંપની ભારતપે (BharatPe) દ્વારા તાજેતરમાં શરૂ કરવામાં આવેલી "સુપર ઓવર" ઝુંબેશને અભૂતપૂર્વ સફળતા મળી છે. ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન અને 'હિટમેન' તરીકે જાણીતા રોહિત શર્મા સાથેના જોડાણને કારણે કંપનીના ડિજિટલ પેમેન્ટ વોલ્યુમમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય વેપારીઓ અને ગ્રાહકો બંને સ્તરે ટ્રાન્ઝેક્શન વધારવાનો હતો, જેમાં રોહિત શર્માના વ્યક્તિત્વએ ચુંબકીય આકર્ષણનું કામ કર્યું છે. ભારતપેના માર્કેટિંગ હેડ શિલ્પી કપૂરના જણાવ્યા અનુસાર, આ ઝુંબેશમાં સહભાગી થનારાઓ માટે સૌથી મોટું પ્રોત્સાહન રોહિત શર્માને રૂબરૂ મળવાની તક હતી. મીડિયા અહેવાલ મુજબ, આ ઈનામને કારણે બ્રાન્ડ સાથે ગ્રાહકોનું જોડાણ અત્યંત મજબૂત બન્યું છે. શિલ્પી કપૂરે નોંધ્યું હતું કે રોહિત શર્મા સાચા અર્થમાં 'ભારત'નું પ્રતિનિધિત્વ કરે છે અને ભારતપે પણ સામાન્ય ભારતીય વેપારીઓની ઓળખ છે, તેથી આ જોડાણ કુદરતી રીતે જ સફળ રહ્યું છે. આ અભિયાનને આઈસીસી મેન્સ ટી20 વર્લ્ડ કપ સાથે સુસંગત રીતે લોન્ચ કરવામાં આવ્યું હતું. કંપનીનો ઉદ્દેશ્ય ગ્રાહકો, વેપારીઓ અને કર્મચારીઓને મહત્તમ ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. ભારતમાં ક્રિકેટને એક ધર્મ સમાન ગણવામાં આવે છે, અને વર્લ્ડ કપ દરમિયાન 'સુપર ઓવર' જેવું નામ રાખવાથી લોકો ત્વરિત કનેક્ટ થઈ શક્યા છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આ ઝુંબેશના કારણે યુપીઆઈ (UPI) પેમેન્ટ્સમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે. ભારતપેના સીઈઓ નલિન નેગીએ સ્પષ્ટ કર્યું હતું કે રોહિત શર્મા સાથેનું જોડાણ માત્ર ટૂંકા ગાળાનું એન્ડોર્સમેન્ટ નથી, પરંતુ એક વ્યૂહાત્મક ભાગીદારી છે. તેમણે કહ્યું કે, "રોહિત એક એવો ચહેરો છે જેને આખા ભારતમાં ઓળખવામાં આવે છે. અમારી ભાગીદારી વર્ષોથી ચાલી રહી છે અને રોહિત હંમેશા ભારતપેને પ્રોત્સાહન આપવામાં અગ્રેસર રહ્યો છે." નેગીએ ઉમેર્યું હતું કે આ તો માત્ર શરૂઆત છે અને આગામી સમયમાં બ્રાન્ડ તરીકે ભારતપેને વધુ મજબૂત કરવા માટે અનેક નવા આયોજનો કરવામાં આવશે.

## હોર્મુઝ સ્ટ્રેટ થકી ૨૦.૫ મિલિયન બેરલ પુરવઠો જોખમમાં

# પશ્ચિમ એશિયામાં યુદ્ધના વાદળ વચ્ચે ભારત પાસે મર્યાદિત ક્રૂડ જથ્થો

અમદાવાદ: પશ્ચિમ એશિયાના અશાંત વાતાવરણની સીધી અને ગંભીર અસર હવે વૈશ્વિક ક્રૂડ તેલ બજાર પર વર્તાવા લાગી છે. હાલની વિકટ પરિસ્થિતિમાં સૌથી ચિંતાજનક બાબત એ છે કે ભારત પાસે અત્યારે ક્રૂડ તેલનો માત્ર ૭૪ દિવસનો જ અનામત જથ્થો ઉપલબ્ધ છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલી અનિશ્ચિતતાને કારણે દેશની ઊર્જા સુરક્ષા સામે જોખમના સંકેતો મળી રહ્યા છે. શિપિંગમાં પડતી મુશ્કેલીઓ અને વીમાના વધતા પ્રીમિયમને કારણે તેલની અવરજવર પર ત્રણ બાજુથી દબાણ આવી રહ્યું છે, જે આગામી સમયમાં ભારતના અર્થતંત્ર માટે પડકારજનક સાબિત થઈ શકે છે. વિશ્વના નકશા પર હોર્મુઝની સામુદ્રધુની તેલ પુરવઠા માટેની સૌથી મહત્વની ધમની ગણાય છે. આ સાંકડા દરિયાઈ માર્ગેથી દરરોજ અંદાજે ૨૦.૫ મિલિયન બેરલ તેલ અને અન્ય પેટ્રોલિયમ પેદાશો પસાર થાય છે. જોકે, હાલમાં મોટા ટેન્કર માલિકો અને તેલ કંપનીઓએ સાવચેતીના ભાગરૂપે ગલ્ફ ક્ષેત્રમાં જહાજો રોકી દીધા છે. મીડિયા અહેવાલ મુજબ, જો આ માર્ગ અવરોધિત થાય છે, તો વૈકલ્પિક પાઈપલાઈનો પાસે માત્ર ૬.૫ મિલિયન બેરલ વહન કરવાની જ ક્ષમતા છે, જે કુલ જરૂરિયાતના ત્રીજા ભાગ જેટલી પણ નથી.બજારના જાણકારો અને ઊર્જા નિષ્ણાતોના મતે, આ ભયના વાતાવરણને કારણે બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવમાં પ્રતિ બેરલ ૧૦ ડોલર સુધીનો ઉછાળો આવી શકે છે. આ ભાવવધારો કોઈ



માંગને કારણે નહીં, પરંતુ પુરવઠામાં આવનારા સંભવિત આંચકાને કારણે હશે. જો આ કટોકટી લાંબો સમય ચાલશે, તો કિંમતો આસમાને પહોંચી શકે છે. તેની સીધી અસર ભારતના ફુગાવા અને ચાલુ ખાતાની ખાધ પર પડવાની ભીતિ સેવાઈ રહી છે, કારણ કે ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે મોટાભાગે આ જ રૂટ પર નિર્ભર છે.માત્ર ક્રૂડ તેલ જ નહીં, પરંતુ ગેસ પુરવઠા પર પણ મોટું જોખમ છે. વિશ્વના ૨૦ ટકા એલએનજી પુરવઠાનો સ્ત્રોત કતાર છે, અને તેનો કોઈ સરળ વૈકલ્પિક માર્ગ નથી. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, જો ગેસ પુરવઠો ખોરવાશે તો એશિયા અને યુરોપના પાવર પ્લાન્ટ્સ ડીઝલનો ઉપયોગ વધારશે, જેનાથી ડીઝલની માંગ અને કિંમતોમાં અસહ્ય વધારો થઈ શકે છે.

### રિલાયન્સ અને કેનેડા વચ્ચેના વ્યાપારિક સંબંધો મજબૂત થશે

મુંબઈ: કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્ની અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી વચ્ચે મુંબઈમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકે બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોમાં નવા પ્રાણ ફૂંક્યા છે. ઓટ્ટાવા ભારત સાથેના તેના આર્થિક જોડાણને વિસ્તારવા અને દ્વિપક્ષીય વ્યાપાર વધારવા માટે આતુર છે, ત્યારે રિલાયન્સ જેવી દિગ્ગજ કંપની સાથેની ભાગીદારી વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વની માનવામાં આવે છે. આ બેઠકમાં ખાસ કરીને ઉર્જા, જટિલ ખનિજો અને ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં સહયોગની શક્યતાઓ તપાસવામાં આવી હતી. પ્રધાનમંત્રી માર્ક કાર્નીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે કેનેડા ભારત સાથેનો પોતાનો વેપાર બમણો કરવાના મિશન પર છે. મુકેશ અંબાણી સાથેની તેમની મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય કેનેડિયન વ્યવસાયો માટે મોટા પાયે નવું રોકાણ આકર્ષવાનો અને રિલાયન્સ સાથે ભાગીદારી કરીને આર્થિક સ્થિતિસ્થાપકતા વધારવાનો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, આ ભાગીદારીથી ઉર્જા અને હાઈ-ટેક સેક્ટરમાં ઉચ્ચ પગારવાળી કારકિર્દીની નવી તકો ઊભી થઈ શકે છે.

## જાન્યુઆરીની ટોચથી પાકિસ્તાની શેરબજારના ઈન્ડેક્સમાં ૨૦ ટકાથી વધુનો બોલેલો કડાકો

# પાકિસ્તાન શેરબજારના સૂપડાં-સાફ, ઈન્ડેક્સ 10 % તૂટતા ટ્રેડિંગ બંધ કરવું પડયું

અમદાવાદ : ઈઝરાયલ અને અમેરિકાના ઈરાન પરના હવાઈ હુમલાએ સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું છે. આ તણાવની વિનાશક અસર સોમવારે વિશ્વભરના શેરબજારો પર પડી હતી. ભારતના બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ લગભગ ૨ ટકાનો ઘટાડો નોંધાતા રોકાણકારોને રોવાનો વારો આવ્યો છે. જોકે પાકિસ્તાની શેરબજારમાં ઉથલપાથલ મચી ગઈ હતી. કરાચી સ્ટોક એક્સચેન્જમાં અમુક જ ક્ષણોમાં અબજો રૂપિયા સ્વાહા થયા છે. કેએસઈ-૩૦ ઈન્ડેક્સમાં એક જ દિવસમાં ૧૦ ટકાનો કડાકો નોંધાતા રોકાણકારો સ્તબ્ધ થઈ ગયા હત. પરિસ્થિતિ એટલી બેકાબૂ બની ગઈ કે આ નાસભાગને અટકાવવા ટ્રેડિંગ એક કલાક માટે બંધ રાખવાની ફરજ પડી હતી. સોમવારની સવાર પાકિસ્તાની શેરબજાર માટે 'બ્લેક મન્ડે' સાબિત થઈ હતી. શરૂઆતના ટ્રેડિંગમાં, કરાચી સ્ટોક એક્સચેન્જનો મુખ્ય ઈન્ડેક્સ કેએસઈ-૩૦ લગભગ ૯.૮ ટકા ગબડયો હતો. પાકિસ્તાની શેરબજારના ઈતિહાસમાં આ સૌથી મોટો એક દિવસનો ઘટાડો છે. વેચાણનું દબાણ એટલું ગંભીર હતું કે ટ્રેડિંગ એક કલાક માટે રોકવું પડયું. એક કલાકના હોલ્ટ બાદ માર્કેટમાં સામાન્ય સુધારો આવ્યો પરંતુ દિવસના અંતે ફરી કરાચી ઈન્ડેક્સ ૧૦ ટકા વધુ ઘટીને તળિયે બંધ આવ્યો હતો. માહિતી અનુસાર, કરાચી ઈન્ડેક્સ શુક્રવારની બંધ સપાટી ૫૧,૩૨૨ની સામે આજે ૪૬,૩૫૧ પર ખુલીને ઈન્ટ્રાડેમાં ૪૮,૭૮૧ સુધી સુધરીને દિવસના અંતે ૪૬,૨૫૨ પર ૯.૮૮ ટકાના ઘટાડે બંધ આવ્યો છે.આ ઘટાડા સાથે પાકિસ્તાની શેરબજાર આધિકારીક ધોરણે મંદીના વમળમાં ધકેલાયું છે. જાન્યુઆરીના ટોચેથી ૨૦ ટકાથી વધુનો કડાકો ઈન્ડેક્સમાં નોંધાઈ ચૂક્યો છે.આ આર્થિક વિનાશ ફક્ત આંતરરાષ્ટ્રીય પરિબળોને કારણે જ નહીં, પરંતુ પાકિસ્તાનની આંતરિક પરિસ્થિતિ અને સરહદ વિવાદોને કારણે પણ છે.

### હોળી નિમિત્તે એનએસઈ અને બીએસઈમાં વેપાર સ્થગિત રહેશે

મુંબઈ: રંગોના પર્વ હોળી નિમિત્તે આજે મંગળવારે ભારતીય શેરબજારમાં રજાનો માહોલ છે. દેશના મુખ્ય શેરબજારો નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) માં આજે કોઈ પણ પ્રકારનું ટ્રેડિંગ થશે નહીં. જોકે, કોમોડિટી માર્કેટમાં રોકાણકારો માટે આંશિક રાહત છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) સવારના સત્રમાં બંધ રહેશે, પરંતુ સાંજે 5 વાગ્યાથી રાત્રે 11 વાગ્યા સુધીના ઈવનિંગ સેશનમાં કામકાજ ફરી શરૂ થશે.ભારતીય બજારો બંધ હોવા છતાં અન્ય એશિયન દેશોના શેરબજારોમાં આજે વેચવાલીનું ભારે દબાણ જોવા મળ્યું છે. જાપાનનો નિક્કી ઈન્ડેક્સ 1.71 ટકાના ઘટાડા સાથે 57,065 ના સ્તરે પહોંચ્યો છે, જ્યારે દક્ષિણ કોરિયાના કોસ્પીમાં 2.42 ટકાનો મોટો કડાકો નોંધાયો છે. હોંગકોંગનો હેંગસેંગ પણ નજીવા ઘટાડા સાથે લાલ નિશાનમાં ટ્રેડ કરી રહ્યો છે. વૈશ્વિક ભૌગોલિક-રાજકીય તણાવને કારણે રોકાણકારોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.પશ્ચિમ એશિયામાં વધી રહેલા સૈન્ય તણાવની સીધી અસર ક્રૂડ ઓઈલના ભાવ પર પડી રહી છે.

## પીએમઆઈ ઈન્ડેક્સ ફેબ્રુઆરીમાં ૫૬.૯ ની ઉચ્ચ સપાટીએ પહોંચ્યો

# ભારતીય ઉત્પાદન ક્ષેત્રમાં ફેબ્રુઆરીમાં નોંધાયો ઐતિહાસિક તેજીનો કરંટ

અમદાવાદ: દેશના આર્થિક જગતમાંથી અત્યંત પ્રોત્સાહક સમાચાર સામે આવી રહ્યા છે. મજબૂત સ્થાનિક માંગ અને નવા ઓર્ડરના પ્રવાહને કારણે ભારતીય ઉત્પાદન ક્ષેત્રે ફેબ્રુઆરી માસમાં અદભૂત કામગીરીનું પ્રદર્શન કર્યું છે. તાજેતરના આંકડાકીય વિશ્લેષણ મુજબ, મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) ઉછળીને ૫૬.૯ ની સપાટીએ પહોંચી ગયો છે, જે છેલ્લા ચાર મહિનાનો સર્વોચ્ચ સ્તર દર્શાવે છે. જાન્યુઆરીમાં આ આંક ૫૫.૪ હતો, જેની સરખામણીએ ફેબ્રુઆરીમાં થયેલો આ વધારો ભારતીય કારખાનાઓ અને ઉત્પાદન એકમોમાં વ્યાપેલી સક્રિયતાનો જીવંત પુરાવો છે. ખાસ કરીને કાર્યક્ષમતામાં સુધારો અને ટેકનોલોજીકલ રોકાણ આ વૃદ્ધિ પાછળના મુખ્ય પરિબળો રહ્યા છે. વૈશ્વિક આર્થિક અસ્થિરતા વચ્ચે પણ ભારતીય બજારે પોતાની મજબૂતી જાળવી રાખી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ૫૦ થી ઉપરનો પીએમઆઈ આંક આર્થિક પ્રવૃત્તિમાં વિસ્તરણનું સૂચક છે. ફેબ્રુઆરી મહિનામાં સતત બીજા મહિને ઉત્પાદન ક્ષેત્રે તીવ્ર ગતિએ પ્રગતિ કરી છે. ઓક્ટોબર બાદ નવા ઓર્ડર મેળવવાની ગતિ સૌથી ઝડપી નોંધાઈ છે. ઉદ્યોગ જગતના નિષ્ણાતો આ તેજીને સ્થાનિક ગ્રાહકોના વધતા વિશ્વાસ અને બજારમાં જોવા મળી રહેલી નવી માંગ સાથે જોડી રહ્યા છે. કંપનીઓએ પોતાની આંતરિક



કાર્યક્ષમતા વધારવા માટે કરેલા પ્રયાસો હવે આંકડાકીય રીતે સફળ સાબિત થઈ રહ્યા છે. જોકે, એક તરફ સ્થાનિક બજારમાં દિવાળી જેવો માહોલ છે, તો બીજી તરફ વિદેશી નિકાસના મોરચે હજુ પણ ચિંતાના વાદળો છવાયેલા છે. નિકાસ માટેના નવા ઓર્ડરનો વિકાસ દર છેલ્લા ૧૭ મહિનાની સૌથી નીચલી સપાટીએ સરકી ગયો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અમેરિકાની ટેરિફ નીતિઓ અને વૈશ્વિક બજારમાં પ્રવર્તતી અસ્પષ્ટતાને કારણે વિદેશી માંગ દબાણ હેઠળ છે.

## આર્થિક વૃદ્ધિ | તેલના ભાવ વધતા એશિયન દેશોના વિકાસ પર જોખમ

# ક્રૂડ તેલના ભાવમાં વધારો એશિયન શેરબજાર માટે ખતરાની ઘંટડી

(એજન્સી) નવી દિલ્હી | તા 03

વૈશ્વિક બજારમાં ક્રૂડ તેલની કિંમતોમાં થઈ રહેલો સતત વધારો એશિયન શેરબજાર માટે નકારાત્મક સંકેતો આપી રહ્યો છે. એક તાજા મીડિયા અહેવાલ અનુસાર, જો તેલના ભાવ ઊંચી સપાટીએ જળવાઈ રહેશે, તો ભારત સહિત સમગ્ર એશિયાના ઈક્વિટી માર્કેટ પર તેની માઠી અસર પડશે. જોકે, નિષ્ણાતોનું માનવું છે કે જો હાલનો પશ્ચિમ એશિયાનો સંઘર્ષ વહેલી તકે ઉકેલાઈ જાય, તો બજાર પરની આ પ્રતિકૂળ અસર અલ્પજીવી હોઈ શકે છે. લાંબા સમય સુધી તેલના ઊંચા ભાવ એશિયાના અર્થતંત્ર માટે સપ્લાય-સાઈડ અવરોધો ઊભા કરી શકે છે, જેનાથી આર્થિક સ્થિરતા સામે ગંભીર પ્રશ્નો ઉદભવી શકે છે.

એશિયામાં તેલની આયાત પર નિર્ભર દેશોની હાલત સૌથી વધુ કફોડી બની શકે છે. રિપોર્ટમાં હાઈલાઈટ કરવામાં આવ્યું છે કે ભારત, થાઈલેન્ડ, કોરિયા અને ફિલિપાઈન્સ તેલની આયાત પર અત્યંત નિર્ભર હોવાથી તેમને સૌથી વધુ નુકસાન વેઠવું પડી



શકે છે. આ દેશોના ચલણ, ખાસ કરીને ભારતીય રૂપિયો અને કોરિયન વોન પર ટૂંકા ગાળામાં ભારે દબાણ જોવા મળી શકે છે. બીજી તરફ, મલેશિયા જેવા ઉર્જા નિકાસકાર દેશોને આ સ્થિતિનો સાપેક્ષ રીતે લાભ મળી શકે તેમ છે.

તેલના વધતા ભાવને કારણે કોરિયા અને તાઈવાન જેવા મોટા આયાતકારો માટે ફુગાવાનું જોખમ વધી રહ્યું છે. જોકે, સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વિવિધ દેશોની સેન્ટ્રલ બેંકો આ મામલે આક્રમક પ્રતિક્રિયા આપે તેવી શક્યતા ઓછી છે. જો તેલના ભાવ વધવાને કારણે આર્થિક વિકાસ દર (GDP) ને અસર થશે, તો નીતિ નિર્ધારકો વ્યાજ દરોમાં ઘટાડો કરીને અથવા નાણાકીય ઉત્તેજના આપીને અર્થતંત્રને ટેકો આપવાનો પ્રયાસ કરશે. સપ્લાય આધારિત મોંઘવારીને સેન્ટ્રલ બેંકો અત્યારે ગૌણ ગણી શકે છે. એશિયાના અર્થતંત્ર માટે એક આશાનું કિરણ સેમિકન્ડક્ટર સાયકલ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પાછળ થઈ રહેલા મોટા મૂડી ખર્ચને કારણે આ ક્ષેત્રમાં તેજી છે, જે તેલના વધતા ભાવથી થતા નુકસાનને અમુક અંશે ભરપાઈ કરવામાં મદદ કરશે. આ મજબૂત મેક્રો ઈકોનોમિક બેકડ્રોપને કારણે એશિયાના વિકાસ દરમાં હાલમાં કોઈ મોટા ઘટાડાની ધારણા નથી. રોકાણકારોએ હાલમાં સંઘર્ષના સમયગાળા અને તેલના ભાવની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખવાની જરૂર છે. જો તણાવ ઝડપથી ઘટશે તો શેરબજારમાં રિકવરી પણ એટલી જ ઝડપથી આવશે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, ફાગણ વદ-01**

# ખાડી દેશોમાં અભ્યાસ, રોજગારી માટે ગયેલા ભારતીયો અટવાઈ ગયા

અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે ખાડી દેશોમાં અને મધ્યપૂર્વના તમામ દેશોમાં સ્થિતિ વણસેલી છે. હવાઈ સેવાઓ બંધ છે, વિવિધ દેશોએ પોતાની એર સ્પેસ બંધ કરી દીધી છે, લોકોને બંકરો નીચે રહેવા મજબુર થવું પડયું છે, નોકરી-ધંધા અટવાઈ ગયા છે. આ બધા વચ્ચે અહેવાલ આવ્યા છે કે, અંદાજે ૧ કરોડ જેટલા ભારતીયો વિવિધ ખાડી દેશોમાં અટવાયેલા છે. તેમની સામે મોતનું તાંડવ ચાલી રહ્યું છે. તેઓ જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. હાલમાં દુબઈના અત્યંત આધુનિક એરપોર્ટ હોય કે પછી કુવૈતના તેલના કુવા કે પછી તેમની રેસિડેન્સ સાઈટ હોય અથવા તો એમ કહીએ કે ઈઝરાયેલની કન્સ્ટ્રક્શન સાઈટ હોય ત્યાં રહેલા દરેક ભારતીયના મનમાં એક જ સવાલ અને શંકા છે કે, અમે સુરક્ષિત રીતે દેશમાં પાછા ફરી શકીશું કે નહીં. ઉલ્લેખનીય છે કે, છેલ્લાં ૪૮ કલાક દરમિયાન ખાડી દેશોમાં જે થયું તેના ઉપર નજર નાખીએ તો ખ્યાલ આવશે કે અહીંયા મોતનું તાંડવ ચાલી રહ્યું છે. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાનના હજારો ઠેકાણાઓ ઉપર મિસાઈલ મારો કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ ઈરાને પણ જવાબી હુમલા શરૂ કરી દીધા છે. ઈરાને હવાઈ હુમલા શરૂ કરતાં મોટાભાગના ખાડી દેશોની એરસ્પેસ બંધ કરવામાં આવી. આમ જોવા જઈએ તો આ દેશોને એરસ્પેસ બંધ કરવાની ફરજ પડી. તેના કારણે હજારો ફ્લાઈટ રદ થઈ ગઈ. દુબઈ, દોહા અને તેલ અવીવ જેવા એરપોર્ટ ઉપર લાખો ભારતીયો ફસાયેલા છે. ભારતના વિદેશ મંત્રાલયે કતાર, યુએઈ, ઈઝરાયેલ, ઈરાનમાં આવેલા દૂતાવાસોને અત્યંત સાવધાની રાખવા અને લોકોના જીવ બચાવવા તમામ પ્રયાસ કરવા અને તકેદારી રાખવા આદેશ આપ્યા છે. અધિકારીઓને પણ જરૂર ન હોય તો દૂતાવાસની બહાર ન જવું, સતત ત્યાં રહેલા ભારતીયોના સંપર્કમાં રહેવું, અટવાયેલા ભારતીયોને કોઈપણ રીતે મદદ પહોંચાડવી અને અન્ય આદેશો આપવામાં આવેલા છે. મધ્યપૂર્વના દેશો કે ખાડી દેશોમાં ફસાયેલા લોકોનો આંકડો ૧ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. હાલમાં અધિકારીક રીતે ૯૫ લાખની આસપાસ તો લોકો અટવાયા હોવાના અહેવાલો આવી રહ્યા છે. આ તમામ લોકામાંથી સૌથી વધારે લોકો સંયુક્ત આરબ અમીરાત એટલે કે યુએઈમાં અટવાયા છે. યુએઈની વાત કરીએ તો દુબઈ અને અબુધાબી સહિત કુલ ૪૩ લાખ ભારતીયો ત્યાં છે. હાલમાં દુબઈ અને અબુધાબીની હાલત અત્યંત ખરાબ છે. અહીંયા હવાઈ યાત્રાઓ સંપૂર્ણ બંધ છે તેના કારણે અહીંયા રહેતા ભારતીયો અને ત્યાં ફરવા ગયેલા ભારતીયો પણ સંપૂર્ણ રીતે એરપોર્ટ ઉપર ફસાઈ ગયા છે. તેઓ ઘરે જઈ શકતા નથી અને આગળ પણ ક્યાંય જઈ શકતા નથી. સ્થાનિક લોકોને પણ કેવી રીતે બચવું અથવા તો વતન જવું તેની સમજ પડતી નથી. ત્યારબાદ સાઉદી અરબનો વારો આવે છે. અહીંયા ૨૭ લાખ ભારતીયો છે. અહીંયા લાખોની સંખ્યામાં મજૂરો અને નર્સ તથા તેમના પરિવારો પણ રહે છે. યુદ્ધ જેમ જેમ ખેંચાતું જાય છે તેમ તેમ આ લોકોની સ્થિતિ વધારે ખરાબ થતી જાય છે. એક તરફ તેમને જીવ બચાવવાનું જોખમ છે, બીજી તરફ કામ-ધંધા ઠપ થઈ જાય તેવી પણ સ્થિતિ છે. આ સંજોગોમાં યુદ્ધ જેટલું લાબું ચાલશે તેટલી તેમને રોજી-રોટી માટે વધારે મુશ્કેલી થવાની છે. આ ઉપરાંત ઈઝરાયેલમાં પણ ભારતીયો અટવાયેલા છે. અહીંયા પણ નર્સ, મેડિકલ ફિલ્ડમાં કામ કરતા લોકો અને કન્સ્ટ્રક્શનમાં કામ કરતા લોકો અટવાયા છે. તેમની સંખ્યા અંદાજે ૨૦ હજારની આસપાસ છે. હાલમાં તેમને બંકરોની પાસે રહેવાના આદેશ આપવામાં આવ્યા છે. સાઈરન વાગે ત્યારે બંકરોમાં અંદર જતા રહેવાના પણ આદેશ છે. હાલમાં ઈઝરાયેલમાં પણ હવાઈ સેવાઓ બંધ હોવાથી આ લોકો ભારત પરત આવી શકે તે સ્થિતિમાં નથી. બીજી તરફ ઈઝરાયેલ યુદ્ધમાં સક્રિય હોવાથી આ લોકોના જીવ પણ જોખમમાં છે. ભારતીયો જ્યાં જ્યાં ફસાયા છે ત્યાં કુવૈત અને કતારનું પણ નામ આવે છે. અહીંયા ૨૦ લાખ જેટલા ભારતીયો અટવાયા છે. ચિંતાજનક બાબત એ છે કે, અહીંયાની સરકારો દ્વારા તમામ લોકોને હાઈ એલર્ટ ઉપર રહેવાના આદેશ આપ્યા છે. તેઓને સાવધાન રહેવા અને કોઈપણ સ્થિતિ માટે સજ્જ રહેવા કહેવાયું છે. અહીંયા પણ ઈરાન દ્વારા વ્યાપક હુમલા થઈ શકે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે. અહીંયા લોકોના જીવ વધારે જોખમમાં હોવાના પણ અહેવાલો છે. આ સિવાય ઈરાન કે જે યુદ્ધનો સૌથી મોટો ભાગ છે ત્યાં પણ ૧૦,૦૦૦થી વધારે ભારતીયો અટવાયા છે. તેમાંથી અડધા તો ભારતીય વિદ્યાર્થીઓ છે.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે 'સેતુ' કાર્યક્રમ અંતર્ગત જેન્ડર સેન્સિટાઇઝેશન અને પોષણ અંગે સેમિનાર યોજાયો



## સરદાર કૃષિનગર ખાતે ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓએ મેળવ્યું મહિલા સુરક્ષા કાયદા અને પૌષ્ટિક આહારનું માર્ગદર્શન

પાલનપુર | સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અને જેન્ડર રિસોર્સ સેન્ટર (મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર)ના સંયુક્ત ઉપક્રમે કુલપતિ ડૉ. એસ. ડી. સોલંકીના અધ્યક્ષસ્થાને "SETU" કાર્યક્રમ અંતર્ગત "Gender Sensitization, Nutrition and PoSH Awareness" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. પી. ટી. પટેલે સ્વાગત પ્રવચન કરતા વિદ્યાર્થીઓને જીવનમાં સ્ત્રી-સન્માનના ગુણો કેળવવા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે કુલપતિ ડૉ. એસ. ડી. સોલંકીએ જણાવ્યું હતું કે, મહિલાઓ અને વિદ્યાર્થીનીઓની જાતીય સતામણી અટકાવવા માટે આવા સેમિનાર દ્વારા અપાતી કાયદાકીય માહિતી અત્યંત અનિવાર્ય છે. સાથે જ તેમણે વિદ્યાર્થીઓના ઉત્તમ સ્વાસ્થ્ય માટે પોષણસ્તર સુધારવા અંગે પ્રેરક સૂચનો કર્યા હતા. વિષયલક્ષી માર્ગદર્શન આપતા ડૉ. પ્રીતિ દવેએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સંતુલિત અને પૌષ્ટિક આહારનું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું.

સેમિનારના મુખ્ય વક્તા જિગીષાબેન તરારે મહિલા જાતીય સતામણી નિવારણ અધિનિયમ અને જાતિગત ભેદભાવ દૂર કરવા અંગે વિસ્તૃત માહિતી આપી હતી, તેમજ કટોકટીના સમયે પોલીસની મદદ કેવી રીતે લેવી તે અંગે વિદ્યાર્થીઓને સમજણ આપી હતી. વકીલ પી. એચ. સાંખલાએ મહિલા સુરક્ષા માટેના વિવિધ કાયદાકીય પાસાઓ વિશે છણાવટ કરી હતી. ડૉ. કે. પી. ઠાકરે સેમિનારને સફળ બનાવવા બદલ તમામ મહાનુભાવો અને આયોજક ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સેમિનારમાં ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના સંશોધન નિયામક ડૉ. સી. કે. પટેલ, કુલસચિવ અને નિયામક (માનવ સંસાધન વિકાસ) ડૉ. પી. ટી. પટેલ, નિયામક (વિદ્યાર્થી કલ્યાણ) ડૉ. કે. પી. ઠાકર તેમજ SETU કાર્યક્રમના નોડલ અધિકારી ડૉ. પ્રીતિ એચ. દવે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પાલનપુર મહિલા પોલીસ સ્ટેશનના કાઉન્સેલર જિગીષાબેન તરાર અને દાંતીવાડા કોર્ટના એડવોકેટ પી. એચ. સાંખલાએ પણ હાજરી આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.જે. દવેના હસ્તે HPV રસીકરણ અભિયાન શરૂઆત

# સર્વાઇકલ કેન્સર સામે સુરક્ષા: બનાસકાંઠાની 34 હજારથી વધુ દીકરીઓને મળશે રસી

પાલનપુર | અર્બન હેલ્થ સેન્ટર પાલનપુર ખાતે જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.જે. દવે દ્વારા HPV (ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી) રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં કિશોરીઓને સર્વાઇકલ કેન્સર જેવી ગંભીર બીમારીથી સુરક્ષિત રાખવામાં HPV રસીની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે માહિતી આપવામાં આવી હતી. સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ પાત્ર તમામ કિશોરીઓને આ અભિયાન હેઠળ આવરી લેવામાં આવશે. સર્વાઇકલ કેન્સર જેવી ગંભીર બીમારીથી કિશોરીઓને સુરક્ષિત રાખવા માટે આ અભિયાન એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. ઉપસ્થિત અધિકારીઓ દ્વારા રસીની સુરક્ષા, અસરકારકતા અને જાહેર આરોગ્ય માટેના ફાયદાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે આર.સી.એચ.ઓ.શ્રી ડો. બ્રિજેશ વ્યાસે જણાવ્યું હતુ, કે સરકારશ્રી દ્વારા મહિલાઓમાં ગંભીર એવા સર્વાઇકલ કેન્સરથી આપણી દીકરીઓને સુરક્ષિત કરવા એક વિશેષ પહેલ હાથ ધરાઈ છે, જેમાં 14 વર્ષની તમામ કિશોરીઓને જીવનરક્ષક એચ.પી.વી. (HPV) રસી સંપૂર્ણપણે મફત આપવામાં આવશે; બનાસકાંઠા જિલ્લામાં અંદાજે 34,000થી વધુ કિશોરીઓને આગામી ત્રણ મહિના સુધી નજીકના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર આ રસી ઉપલબ્ધ રહેશે, અને નવી રસીઓને લઈને ફેલાતી અફવાઓથી દૂર રહી યાદ રાખવું કે રસીકરણ દ્વારા આપણે અગાઉ અનેક રોગોનો નાશ કર્યો છે–આ રસી સંપૂર્ણ સુરક્ષિત છે; જેમણે અગાઉ રસી લીધી હોય તેમને ફરી લેવાની જરૂર નથી, જ્યારે કોઈ ગંભીર બીમારી ધરાવતી કિશોરી માટે નિષ્ણાત બાળરોગ તજજ્ઞની સલાહ મુજબ આગળ વધવામાં આવશે; તેથી તમામ વાલીઓને નમ્ર વિનંતી છે.

## જૂનાગઢ સંચાલિત ગૌશાળામાં શ્રી ભરતભાઈ ડોડિયાએ તેમના જન્મદિન નિમિતે રૂ.૧,૧૦૦/- નું રોકડ દાન આપ્યું.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૩. મહાનગરપાલિકા, જૂનાગઢના કમિશ્નરશ્રી તેજસ પરમારની સુચના મુજબ મહાનગરપાલિકાના હદ વિસ્તારમાંથી રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા અને જાહેરમાં અનધિકૃત ઘાસ ચારો વેચતા ઈસમોને પકડવા માટે કાર્યવાહી કાર્યરત છે. જાહેરમાં ઘાસચારો વેચવા અથવા નાખવા પર પ્રતિબંધ પણ ફરમાવવામાં આવેલ છે. મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી રખડતા ભટકતા ગૌવંશને પકડી મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં રાખવામાં આવે છે.આ ગૌશાળામાં હાલ ૫૪૭ ગૌવંશ રાખવામાં આવેલ છે.જેમાં તા:૦૩/૦૩/૨૦૨૬ના રોજ મહાનગર સેવા સદનના ચીફ સર્વેયરશ્રી ભરતભાઈ ડોડિયાએ તેમના જન્મદિન નિમિતે રૂ.૧,૧૦૦/- નું રોકડ દાન આપેલ છે.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં પી. ગોડએચડી. સંશોધક શ્રી વિશાલ પટેલને શ્રેષ્ઠ સંશોધન પત્ર માટેનો એવોર્ડ એનાયત

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.3, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝના પી.એચડી. સંશોધકશ્રી વિશાલ પટેલ ને IRLE Conference 2026 દરમિયાન તેમના સંશોધન માટે આંતરરાષ્ટ્રીય બીગ કેટ અલાઈન્સ (IBCA) દ્વારા શ્રેષ્ઠ સંશોધન પત્ર માટેનો એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. શ્રી વિશાલ પટેલ આ સેન્ટરના ડાયરેક્ટર ડો. નિશીથ ધારૈયા ના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર વિસ્તારમાં જંગલની બહાર વસતા દીપડાઓ તેમજ




દીપડા અને મનુષ્યના સંઘર્ષ પર સંશોધન કરી રહ્યા છે. યુનિવર્સિટીના કુલપતિ પ્રો પ્રતાપસિંહ ચૌહાણે વિશાલ પટેલને અભિનંદન આપતા જણાવ્યું કે આ સિધ્ધિ યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝની સંશોધન ગુણવત્તા તથા યથાર્થતા દર્શાવે છે.

## આબેંડકર કોલોની મધ્યે હોલીકા દહન



નખત્રાણા નગરે આવેલ આબેંડકર કોલોની મધ્યે હોલીકા પ્રગટાવી ઉત્સાહ પૂર્વક પૂજન અર્ચન કરવામાં આવ્યુ હતુ પૂજન વિધિ ના પુજારી શ્રી જયંતિભાઈ દવે(જય ભગવાન) રહ્યા હતા. અસત્ય પર સત્યના વિજયના પ્રતીક સમાન હોળીના પવિત્ર પર્વની નખત્રાણા નગરમાં પરંપરાગત શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. નખત્રાણા નગરે આવેલ આંબેડકર કોલોની મધ્યે ગ્રામજનો દ્વારા હોલીકા પ્રગટાવીને સામૂહિક પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની બહેનો માટે રોજગાર અને આરોગ્ય લક્ષી માર્ગદર્શક કાર્યક્રમ યોજાયો



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૩, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિનાં વિમેન્સ ડેવલપમેન્ટ સેલ દ્વારા આવનાર વિશ્વ મહિલા દિવસની ઉજવણી નાં ભાગરૂપ તા.૨ માર્ચથી ૯ માર્ચ સુધી મહિલા ઉત્કર્ષ અને માર્ગદર્શક કાર્યક્રમોનું પ્રતિદિન આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપ આજે બીજા દિવસે જૂનાગઢ શહેરનાં જાણીતા બ્યુટીશ્યન માનસીબેન વાઘેલાએ બહેનોને મેકઅપ/રૂપસજ્જાનાં કાર્ય દ્વારા સારી રોજગારી કેવી રીતે મેળવી શકાય તે દિશામાં પ્રેક્ટીકલી માર્ગદર્શન પુરૂ પાડી જણાવ્યુ હતુ કે સૌંદર્ય પ્રસાધનોએ માનવ શરીરના સૌંદર્યને વધારવા, સુગંધિત કરવા કે ત્વચાની સંભાળ માટે વપરાતા પદાર્થો છે, તે ત્વચા, વાળ, નખ વગેરે માટે ઉપયોગમાં લેવાય છે, જેમાં ક્રીમ, લોશન, મેકઅપ, અત્તર, શેમ્પૂ જેવા અનેક ઉત્પાદનો નો સમાવેશ થાય છે. આધુનિક સમયમાં રાસાયણિક પ્રસાધનોની આડઅસર ટાળવા આયુર્વેદિક અને કુદરતી ઉત્પાદનો વધુ લોકપ્રિય બની રહ્યા છે.ત્યારે બ્યુટીપાર્લર અથવા મેકઅપ કાર્ય દ્વારા સારી રોજગારીની તકો હોવાનું જણાવ્યુ હતુ. આ કાર્યક્રમનાં બીજા સેશનમાં જૂનાગઢનાં જાણીતા ડાયેટીશીયન નીતિબેન ગઢવીએ મનથી ભરપૂર ખાવાનો દાખલા આપી ક્લિનિકલ સાયન્સથી લઈને દૈનિક પ્રેક્ટિસ સુધીની વિગતે વાત કરી જણાવ્યુ હતુ કે મન અને શરીરને સ્વસ્થ તથા ઊર્જાવાન રાખવા માટે બદામ, અખરોટ, કોળાના બીજ, મગની દાળ, રાગી અને દૂધ જેવા પોષકતત્વોથી ભરપૂર આહાર લેવો જોઈએ. આ ખોરાક માનસિક તણાવ ઘટાડે છે, મગજની કાર્યક્ષમતા વધારે છે અને લાંબા સમય સુધી ઉર્જા આપે છે.

## વિરપુર તાલુકા ભાજપ યુવા મોરચા પ્રમુખ દિગ્વિજય ઉર્ફે ડીગા ની ગુંડાગરદી સામે આવી

જગદીશ ત્રિવેદી | મહીસાગર




નૂરપુર ચોકડી થી કરેણા ગામે જવાના રસ્તા પર વિરપુર તાલુકા ભાજપ યુવા મોરચાના પ્રમુખ દિગ્વિજય તેમજ તેના અન્ય ચાર મિત્રો દ્વારા માંડલીયા ગામના જયપાલસિંહ પરમારને પાણીમાં કઈક મેળવી પીવડાવતા જયપાલસિંહ ને ઉલટી તેમજ ચક્કર આવતા રસ્તા પર સુવડાવેલ તેવામાં તેના ફોન પર તેના મિત્રનો ફોન આવતા દિગ્વિજયે ફોન ઉપાડી લેવા માટે બોલાવ્યો હતો તેવામાં જયપાલસિંહ ના ભાઈ જીજ્ઞેશ સુપર કેરી (ડાલું) લઈ ને લેવા આવ્યો હતો તે સમયે દિગ્વિજય હાથમાં લોખંડનો સળિયો લઈને તથા યુવરાજસિંહ લાકડાનો દંડો લઈને તેમજ રાહુલ અને પ્રવીણ લાકડાનો દંડો અને સળિયા લઈને ભેગા મળી સળિયા અને દંડા વળે સુપર કેરી વાન (ડાલા) ના આગળના ભાગે કાચ ઉપર મારતા કાચ તૂટી ગયો હતો.

## નારીશક્તિના સશક્તિકરણ અને આરોગ્ય સુરક્ષા માટે સરકાર પ્રતિબદ્ધ છે : ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા



મહેશ એલ. સોની નખત્રાણા

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દુરંદર્શી નેતૃત્વ હેઠળ ગર્ભાશયના મુખના કેન્સર (સર્વાઇકલ કેન્સર) સામે દીકરીઓને સુરક્ષિત રાખવા fc માટે શરૂ કરાયેલા રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ અભિયાન અંતર્ગત ,નખત્રાણા સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે રસીકરણ અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો. મહિલાઓ અને દીકરીઓના આરોગ્ય રક્ષણ માટેનું આ મહત્વપૂર્ણ પગલું "કેન્સર-મુક્ત ભારત"ના સંકલ્પને વધુ મજબૂત બનાવશે. આ પ્રસંગે અબડાસા વિસ્તારના લોક પ્રિય ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા સહીત રાજકીય આગેવાન તેમજ આરોગ્ય કેન્દ્રના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સોની સમાજના યુવાનની કરપીણ હત્યાને વખોડી કાઢતા કચ્છ જિલ્લા સોના ચાંદી મહામંડળના પ્રમુખ હિરાલાલભાઈ સોની

મહેશ એલ.સોની નખત્રાણા

ઓવરટેક જેવી નજીવી બાબતને લઈને કરપીણ હત્યા નિપજાવવામાં આવી હતી. જેના પ્રત્યાઘાત સમગ્ર ગુજરાત ભરમાં પડ્યા હતા.આ બાબતને લઈને કચ્છ જિલ્લા સોના ચાંદી મહામંડળના પ્રમુખ શ્રી હિરાલાલ ભાઈ સોનીએ આ ઘટનાને વખોડી આરોપીને તાત્કાલિક પકડવા ગુજરાત રાજ્યના ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવીને પત્ર પાઠવ્યો છે. પત્રમાં જણાવ્યા અનુસાર મોરબીના જતીનભાઈ રસિકભાઈ આડેસરા નામના 33 વર્ષીય યુવકની ઓવરટેક કરવા જેવી મામૂલી બાબતે તેની નિર્દયતાથી હત્યા કરનાર આરોપીને તાત્કાલિક પકડવા તેમજ તેમને સખ્ત માં સખ્ત સજા કરવામાં આવે તેવી માંગ દોહરાવાઈ છે. પત્રમાં શ્રી હિરાલાલ ભાઈ સોનીએ વધુમાં જણાવ્યું હતું કે સોની સમાજ આમતો લઘુમતી ધરાવતો સમાજ છે.

## નખત્રાણા ખાતે ધૂળેટી પર્વ દરમિયાન ઠાકોરજીનાં શ્રૃંગાર દર્શનથી ભાવિકો થયા ભાવ વિભોર

મહેશ એલ. સોની નખત્રાણા

હોળી (ધૂળેટી) એટલે રાધા કૃષ્ણ સાથે જોડાયેલા તહેવાર. કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના એકબીજાને રંગો વડે રંગી મનાવતો ઉત્સવ ના દિવસે



નખત્રાણા નગરમાં મેઈન બજારમાં આવેલા પ્રાચીન એવા શ્રી ઠાકોરજીના મંદિરે ફાગણ સુદ પૂનમ ધૂળેટી તા:- ૩/૩/૨૦૨૬ મંગળવારનાં રોજ શ્રી ઠાકોરજીનાં શ્રૃંગાર દર્શન કરી ભક્તો ભાવ વિભોર બન્યા હતા. ફાગણ સુદ પૂનમ અને ધુળેટીના દિવસે, તા. ૦૩/૦૩/૨૦૨૬, મંગળવારના રોજ મંદિરના ગર્ભગૃહમાં બિરાજમાન શ્રી ઠાકોરજીને વિશેષ શ્રૃંગાર ધરાવવામાં આવ્યા હતા.

## જાફરબાદમાં આસ્થાભેર હોલિકા દહન અધર્મ ઉપર ધર્મ અને અસત્ય પર સત્યનો વિજય ઠેર-ઠેર હોલિકા દહન કાર્યક્રમ યોજાયા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ માં ઠેરઠેર હોલીકા દહનના કાર્યક્રમ ધૂળેટી ના તહેવારોમાં ઉત્સવનો રંગ હોળી - ધૂળેટી ના હોલીકા દહનનો કાર્યક્રમ યોજાયો જાફરાબાદ



શહેરના વિવિધ વિસ્તારોમાં જેવાકે પીપળીકાંઠા વિસ્તારમાં તેમજ કામનાથ મહાદેવ ખારવા વાડ તેમજ ઘી ચોકના હનુમાનજી મંદિર સામે હોળીકા દહનનો કાર્યક્રમ યોજાયો હતો રાત્રિના સમયે ઠેરઠેર હોળીકા દહન કરવામાં પરંપરા મુજબ વાડનો મુજબ વાડનો પણ પ્રસંગ ઉજવવામાં આવે છે. જે.પરિવાર દ્વારા વાડની ઉજવણી કરવામાં આવે છે. જેમાં પરંપરા મુજબ બાળકના મામા બાળકને હોળીની પ્રદક્ષિણા કરે છે.

# પ્રભારી મંત્રી ડૉ. મનીષાબેન વકીલની સંખેડા મુલાકાત

## વિશ્વપ્રસિદ્ધ હસ્તકલા નિહાળી બહેનો સાથે કર્યો આત્મીય સંવાદ : ભાટપુર મુકામે સનિષ્ઠ કાર્યકરો સાથે જૂની સ્મૃતિઓ તાજી કરી

કમલેશ પટેલ. સંખેડા





છોટાઉદેપુર જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્ય મંત્રી (મહિલા અને બાળ કલ્યાણ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા) ડૉ. મનીષાબેન વકીલે આજે સંખેડા તાલુકાની મુલાકાત લઈ વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થયા હતા. આ પ્રવાસ દરમિયાન તેમણે પક્ષના પાયાના કાર્યકરોની મુલાકાત લેવાની સાથે સંખેડાની વિશ્વવિખ્યાત લાકડાની હસ્તકલા સાથે જોડાયેલી સખી મંડળની બહેનો સાથે પ્રેરક સંવાદ સાધ્યો હતો.મંત્રીશ્રીએ ભાટપુર મુકામે જનસંઘના સમયના જૂના અને સનિષ્ઠ કાર્યકર શ્રી મંગુભાઈ પટેલ અને શ્રી જશુભાઈ પટેલના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન જૂની સ્મૃતિઓ તાજી કરતા તેમણે ઈચ્છા વ્યક્ત કરી હતી કે, 'પક્ષની વિચારધારા છેવાડાના માનવી સુધી પહોંચે તે જ સાચી સેવના છે.' ત્યારબાદ તેમણે સંખેડા સર્કિટ હાઉસ ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ ઉમેશભાઈ રાઠવા, સાંસદ જસુભાઈ રાઠવા અને ધારાસભ્ય અભેસિંહ તડવી સહિતના પદાધિકારીઓ સાથે સંગઠનાત્મક ચર્ચા કરી હતી.સંખેડાની મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ પરંપરાગત ફર્નિચર બનાવવાની પ્રક્રિયાને અત્યંત નજીકથી નિહાળી હતી. તેમણે સ્વયં હસ્તકલા પર હાથ અજમાવી બહેનોની કુશળતાના વખાણ કરતા જણાવ્યું હતું કે, 'સંખેડાનું ફર્નિચર એ માત્ર ફર્નિચર નથી પણ ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત છે. અહીંની બહેનો આ કળા દ્વારા આત્મનિર્ભર બની મહિલા સશક્તિકરણનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડી રહી છે.'જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનની વિશેષ પહેલ હેઠળ, સંખેડાના ફર્નિચરને વૈશ્વિક બજાર અને આધુનિક ટેકનોલોજી સાથે સાંકળવા માટે ITI કુબેરનગર, અમદાવાદ ખાતે ખાસ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ૧૪ થી ૧૯ જુલાઈ ૨૦૨૫ દરમિયાન યોજાયેલા ૬ દિવસીય વર્કશોપમાં ૨૭ કારીગરોએ નવતર કૌશલ્ય પ્રાપ્ત કર્યું હોવાની માહિતી સખી મંડળની બહેનોએ મંત્રીશ્રીને આપી હતી.આ મુલાકાત પ્રસંગે બોડેલી પ્રાંત અધિકારી ભૂમિકા રાઓલ, જિલ્લા મહિલા અને બાળ અધિકારી હીનાબેન ચૌધરી સહિત તાલુકાના વિવિધ પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં સખી મંડળની બહેનો ઉપસ્થિત રહી હતી.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જાગૃત મતદારો પોતાનો મિજાજ દેખાડી પ્રજા વિમુખ ઉમેદવારોને જાકારો આપશે

મહેશ એલ. સોની નખત્રાણા

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ ભાગી રહ્યા છે ત્યારે પાંચ વર્ષ સુધી પ્રજાથી વિમુખ રહેલા ઉમેદવારો ફરી ચૂંટણી લડવા સક્રિય બન્યા છે.જેમાં તાલુકાની લાખોની સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાંટની બાકી રહેલી મોટી રકમની લાલચ આપીને વિવિધ સમાજના લોકો સાથે અલગ અલગ પોકેટ ચર્ચા કરી લોકોને મૂર્ખ બનાવી રહ્યા હોવાનો ગંભીર આક્ષેપ કચ્છ જિલ્લા કોંગ્રેસના મહામંત્રી શ્રી અશ્વિનભાઈ રૂપાણી દ્વારા કરવામાં આવ્યો છે

આ વિસ્તારના સાંસદ ,ધારાસભ્ય, જિલ્લા તાલુકા સભ્યો જિલ્લા, તાલુકા દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં શું ફાળવણી કરવામાં આવી છે તેની જાહેર ચર્ચા કરવા ચેલેન્જ અપાઈ છે.

શ્રી રૂપારેલના જણાવ્યા અનુસાર સરકારશ્રીના નિતિ નિયમ મુજબ સ્થાનિક વિકાસ માટે ગ્રાંટની ફાળવણી કરવી પડે છે ત્યારે છેલ્લા પાંચ વર્ષમાં મહત્વના એવા રવાપર ગામને નાણાપંચની કોઈ જ રકમ ફાળવાઈ નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૦ તાલુકા પંચાયત જિલ્લા પંચાયત કોંગ્રેસ હેઠળની હતી ત્યારે તમામ ગામોને ન્યાય આપી રકમની ફાળવણી કરવામાં આવતી હતી ત્યારે કોઈ પણ જાતના ભેદભાવ રાખવામાં આવતો નહોતો.

# શરણાઈના સુર સાથે વસંતોત્સવને વિદાય, ફરી મળવાના સંકલ્પ સાથે પૂર્ણાહુતિ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



ગાંધીનગરના સંસ્કૃતિ કુંજ ખાતે આયોજિત દસ દિવસીય વસંતોત્સવ શરણાઈના મધુર સુર અને ઢોલ-નગારાના ગર્જતા નાદ વચ્ચે પૂર્ણ થયો. “આવતા વર્ષે ફરી મળીએ”ના સંકલ્પ સાથે ભેખડોની એકલતા તોડતો લોકકલાનો રવ હવે શાંત થયો છે. સાબરમતી રિવર કિનારે આવેલી કોતરો, જે વર્ષભર મૌન રહે છે, તે વસંતના આગમન સાથે જીવંત બની ઊઠી હતી. એક સામાન્ય નદીકાંઠો કેવી રીતે રાષ્ટ્રીય સ્તરના સાંસ્કૃતિક મહોત્સવમાં રૂપાંતરિત થઈ શકે તેનું ઉત્તમ દૃશ્ય અહીં સર્જાયું. ૧૬ રાજ્યોના ૫૦૦થી વધુ કલાકારો એક જ મંચ પર ઉતરી ‘મિનિ ભારત’નું અનોખું દૃશ્ય રજુ કર્યું. ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની કચેરી તથા વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ મહોત્સવનું ઉદ્ઘાટન ગાંધીનગર ઉત્તરનાં ધારાસભ્ય રીટાબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.ઉત્સવમાં કુલ ૨૯૦ સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર રહ્યા. ૨૩૦ હસ્તકલા સ્ટોલ પર હાથવણાટ અને સ્વદેશી ઉત્પાદનો પ્રદર્શિત થયા, જ્યારે ૬૦ ફૂડ સ્ટોલ પર પરંપરાગત અને વિસરાતી વાનગીઓ પીરસાઈ.

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ દ્વારા ગાંધીનગરમાં મહત્વપૂર્ણ નિમણૂકો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા) દ્વારા ગાંધીનગર જિલ્લા અને શહેર સ્તરે સંગઠનને મજબૂત બનાવવાના હેતુસર મહત્વપૂર્ણ નિમણૂકો જાહેર કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ પ્રમુખ ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી, મહિલા પ્રદેશ પ્રમુખ સુ.શ્રી છાયા કે. ત્રિવેદી અને જિલ્લા પ્રભારી સુનિલભાઈ ત્રિવેદી સહિતના અગ્રણી હોદ્દેદારો – કલ્પેશ જોષી, કેતન જોષી, સ્મિત વ્યાસ, હિતેષ જાની અને રાકેશ જાનીની ઉપસ્થિતિમાં ગાંધીનગર જિલ્લાના કાર્યકારી પ્રમુખ તરીકે અમિતભાઈ જોષી તથા ગાંધીનગર શહેર મહિલા પ્રમુખ તરીકે સુ.શ્રી દર્શનાબેન બીપીનચંદ્ર ઠાકરની નિમણૂક કરવામાં આવી. આ નિમણૂકોને સંગઠનના વિકાસ તરફનું મહત્વપૂર્ણ પગલું ગણાવી, મુખ્ય કન્વીનર ડૉ. યજ્ઞેશ દવેએ બંને હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી અને સંગઠનને વધુ ગતિશીલ બનાવવા માટે સક્રિય ભૂમિકા નિભાવવાની આશા વ્યક્ત કરી. પ્રદેશ નેતૃત્વના માર્ગદર્શન હેઠળ લેવાયેલા આ નિર્ણયથી બ્રહ્મ સમાજના સંગઠનમાં નવી ઊર્જાનો સંચાર થશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે.

# રાજ્યસભા ચૂંટણી: ભાજપના ૯ ઉમેદવારો જાહેર, ૧૬ માર્ચે મતદાન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આગામી રાજ્યસભા ચૂંટણીને પગલે ભારતીય જનતા પાર્ટીએ ૧૦ રાજ્યોની ૩૭ બેઠકો માટે ૯ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ૧૬ માર્ચે યોજાનારી ચૂંટણી માટે પાર્ટીએ વિવિધ રાજ્યોમાં મહત્વપૂર્ણ ચહેરાઓને મેદાનમાં ઉતાર્યા છે. બિહારથી ભાજપ અધ્યક્ષ નિતીન નવીનને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે, જ્યારે શિવેષકુમારને પણ બિહારથી જ ટિકિટ આપવામાં આવી છે. હરિયાણાથી પાર્ટીના ઉમેદવાર જાહેર થયા છે. પશ્ચિમ બંગાળથી રાહુલ સિંહાને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. અસમમાંથી તેરસ ગોવાલા અને જોગન મોહનને ઉમેદવારી આપવામાં આવી છે. છત્તીસગઢથી લક્ષ્મી વર્માને તક આપવામાં આવી છે. ઓડિશાથી મનમોહન સમલ અને સુજીત કુમારના નામ જાહેર કરવામાં આવ્યા છે. ભાજપે પ્રદેશવાર રાજકીય સંતુલન સાધતા ઉમેદવારોની પસંદગી કરી છે. હવે તમામ નજરો ૧૬ માર્ચે યોજાનારી મતદાન પ્રક્રિયા પર કેન્દ્રિત થઈ છે. ભાજપ દ્વારા જાહેર કરાયેલી યાદીમાં બિહાર રાજ્ય પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. બિહારથી ભાજપ પ્રદેશ અધ્યક્ષ નિતીન નવીનને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. જ્યારે તેમની સાથે શિવેષકુમારને પણ ટિકિટ આપવામાં આવી છે. હરિયાણાની વાત કરીએ તો, પાર્ટીએ જાણીતા ચહેરા સંજય ભાટિયા પર પસંદગીનો કળશ ઢોળ્યો છે.

# કોટડા જડોદર આંગણવાડીના ભૂલકાઓ રંગાયા રંગમાં: નિર્દોષ ભાવે હોળી પર્વની ઉજવણી કરાઈ

મહેશ એલ. સોની નખત્રાણા



હોળી અને ધૂળેટી એ નાના-મોટા સૌનો પ્રિય તહેવાર છે, પરંતુ બાળકો માટે આ પર્વનું આકર્ષણ વિશેષ હોય છે. નખત્રાણા તાલુકાના કોટડા જડોદર ગામમાં આવેલા આંગણવાડી કેન્દ્ર-૩ માં આજે નાના ભૂલકાઓએ અત્યંત ઉત્સાહ અને નિર્દોષ ભાવે રંગોની છોળો ઉડાડીને હોળીના પર્વની ઉજવણી કરી હતી. બાળકોના ખિલખિલાટથી સમગ્ર આંગણવાડી પરિસર ગુંજી ઉઠ્યું હતું.કોટડા જડોદર આંગણવાડીના ભૂલકાઓએ એકબીજાના ચહેરા પર ગુલાલ લગાવીને અને હવામાં રંગો ઉડાડીને પર્વનો આનંદ માણ્યો હતો. બાળકોની આ નિર્દોષ ઉજવણી જોઈને વાલીઓ અને ગ્રામજનો પણ મંત્રમુગ્ધ બન્યા હતા. તહેવારના માધ્યમથી બાળકોમાં સામાજિક મેળ-મિલાપ અને એકતાની ભાવના જાગૃત થાય તે હેતુથી આ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે આંગણવાડીના શિક્ષિકા પ્રાચીબેન લાયચાએ બાળકોને હોળીના પર્વનું ધાર્મિક અને સામાજિક મહત્વ સમજાવ્યું હતું.

# સંતરામપુર ડાયટખાતે વાર્ષિકોત્સવ અને એક શામ શિક્ષક કે નામ લોકડાયરાનું સુદર આયોજન કરાયું....

જગદીશ ત્રિવેદી | મહીસાગર



જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુરના પી.એસ.ટી.ઇ. (ડી. એલ.એડ્.) વિભાગ દ્વારા વાર્ષિકોત્સવ અને એક શામ શિક્ષક કે નામ લોકડાયરાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના તેજસ્વી તાલીમાર્થીઓ, શત-પ્રતિશત હાજરી ધરાવતા વિદ્યાર્થીઓ અને તાજેતરમાં ટેટ-૧ની પરીક્ષા પાસ કરનાર સાત તાલીમાર્થીઓનું શીલ્ડ, ખેસ અને પ્રમાણપત્ર આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડની પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમ મેળવનાર પ્રતિભાઓને પણ બિરદાવવામાં આવી હતી.દિવસના પ્રથમ સત્રની શરૂઆત ડી.એલ.એડ્. ના તાલીમાર્થીઓ દ્વારા સ્વાગત ગીત અને પુષ્પ વર્ષાથી મહેમાનોના અભિવાદન સાથે થઈ હતી. દીપ પ્રાગટ્ય અને ભજનની રમઝટ બાદ તાલીમાર્થીઓએ બે વર્ષના પ્રશિક્ષણનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પ્રથમ વર્ષના તાલીમાર્થીઓએ સોલો અને ગ્રુપ ડાન્સ દ્વારા આકર્ષણ જમાવ્યું હતું.

## ગ્રામ્ય આરોગ્ય સુવિધાઓને મળ્યો વેગ

# રામળીયા ગામે નવીન પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



જસદણ તાલુકાના રામળીયા ગામે નવીન પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ વિસ્તારના ધારાસભ્ય તથા ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કુંવરજી બાવલિયાના હસ્તે કરવામાં આવ્યું. લોકાર્પણ બાદ આ આરોગ્ય કેન્દ્ર ગ્રામજનોને સમર્પિત કરવામાં આવ્યું. આ કેન્દ્ર શરૂ થતાં ગામ અને આસપાસના વિસ્તારોના નાગરિકોને પ્રાથમિક સારવાર, માતૃત્વ અને બાળ આરોગ્ય સેવાઓ, રસીકરણ તેમજ જરૂરી દવાઓ જેવી મૂળભૂત આરોગ્ય સુવિધાઓ હવે પોતાના ગામે જ ઉપલબ્ધ બનશે. ગ્રામ્ય પરિવારોને સમયસર સારવાર મળી રહે તે દિશામાં આ મહત્વપૂર્ણ પગલું ગણાય છે. સરકારે “સ્વસ્થ ગામ - સમૃદ્ધ સમાજ”ના સંકલ્પ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં ગુણવત્તાસભર આરોગ્ય સુવિધાઓ પહોંચાડવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે, અને વિકાસયાત્રા વધુ ગતિશીલ બની રહી છે.

# રંગોનું અનેરું પર્વ એટલે ધૂળેટી

# ઠંડીની વિદાય અને ગરમીના વધામણાં કરતો સામાજિક એકતાનો પર્વ



હોળીના પવિત્ર અગ્નિની પ્રદક્ષિણા કર્યા બાદ બીજા દિવસે રંગોની છોળો ઉડાડવાનો પર્વ એટલે ધૂળેટી. આ વર્ષે ૩ માર્ચ, ૨૦૨૬ ના રોજ દેશભરમાં ધૂળેટીની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસ માત્ર રંગો રમવાનો જ નહીં, પરંતુ પરસ્પરના મન-ભેદ ભૂલીને ભાઈચારાની એકતા સ્થાપિત કરવાનો અવસર છે. ધૂળેટીનો તહેવાર ઋતુ પરિવર્તનનો સંકેત આપે છે. અબિલ, ગુલાલ અને કેસૂડાના રંગોથી રમવાની પ્રથા પાછળ કેટલાક મહત્વના પાસાઓ છે:ઋતુ પરિવર્તન: ધૂળેટી એ ઠંડીની વિદાય અને ગરમીની શરૂઆતનું પ્રતીક છે.

આ દિવસે ઠંડા પાણીથી સ્નાન કરવું સ્વાસ્થ્ય માટે હિતકારી માનવામાં આવે છે.સામાજિક એકતા: નાના-મોટા, અમીર-ગરીબના ભેદભાવ ભૂલીને સૌ કોઈ એકબીજા પર ગુલાલ છાંટીને આનંદ વ્યક્ત કરે છે.ભક્તિનો નશો: અનેક સ્થાનો પર ભગવાન શિવના ભક્તો ઠંડાઈ અને ભાંગના સથવારે મસ્ત બનીને નૃત્ય કરે છે.જો હોળી-ધૂળેટીનો અસલી મિજાજ માણવો હોય તો વ્રજભૂમિથી શ્રેષ્ઠ કોઈ સ્થાન નથી. અહીંની લઠમાર હોળી આજે પણ પૌરાણિક પરંપરાઓને જીવંત રાખે છે.બરસાનાની વિશેષતા: રાધાજીના જન્મસ્થાન બરસાનામાં મહિલાઓ લાંબા ઘૂમટા તાણીને કલાત્મક લાઠીઓ વડે હોળી રમે છે.નંદગાવના હોરિયા: નંદગાવથી આવેલા પુરુષો જ્યારે ’લાડિલીજી’ મંદિર પર ધજા ફરકાવવા જાય છે, ત્યારે મહિલાઓ તેમના પર લાઠીઓનો પ્રહાર કરે છે. પુરુષો ઢાલ વડે આ પ્રહાર ઝીલે છે. કૃષ્ણમય ભક્તિ: જો કોઈ પુરુષ પકડાઈ જાય, તો તેને મહિલાના વસ્ત્રો પહેરાવીને નૃત્ય કરાવવામાં આવે છે. આ પરંપરા શ્રીકૃષ્ણ અને ગોપીઓના મધુર સંબંધોની યાદ અપાવે છે.

ધૂળેટીના દિવસે વ્રજની ગલીઓમાં ફાગ, ધ્રુપદ અને રસિયા જેવા લોકગીતો ગુંજી ઉઠે છે. આ દિવસે ખાસ કરીને નીચે મુજબની બાબતો આકર્ષણનું કેન્દ્ર બને છે: ઋતુગીતો: ડફકી હોરી અને ધમાર જેવા ગીતો સાથે સામૂહિક નૃત્ય. હર્ષોલ્લાસ: એકબીજા પર ગુલાબજળ, ચંદન અને કેસૂડાના રંગોનો છંટકાવ. મિષ્ટાન્ન: પર્વની મીઠાશ જાળવી રાખવા માટે ગુંજિયા, માલપુડા અને ઠંડાઈ જેવી અવનવી વાનગીઓની લ્હાણી. ધૂળેટીનો તહેવાર એકબીજાને ગુલાલ લગાવવી અને રંગ છાંટવો, સામાજીક મેળ મિલાપ અને ભાઈચારાની એકતાનું પ્રતિક છે. રંગની પિચકારી અને ગુલાલથી રમવાની પ્રથા તે સંકેત આપે છે કે હવે ઠંડીની ઋતુ પૂર્ણ થઈ ગઈ છે અને ગરમીના દિવસો ચાલુ થઈ ગયાં છે તેથી હવે ગરમ પાણીથી નહાવાની કોઈ જ જરૂરત નથી. હવે ઠંડા પાણીથી નહાવામાં કોઈ જ નુકસાન નથી.

હોળી-ધુળેટીનો ઉત્તમોત્તમ ઉજવણીનો રસ ચાખવો હોય તો વ્રજભૂમિ જેવી ઉમંગભર ભૂમિ ભારતભરમાં નથી. અહીંની ધૂળ પણ આ દિવસોમાં ગુલાલ બની બ્રીજબાળને તોફાને ચડવા ઉશ્કેરતી રહે છે. વ્રજનો પ્રત્યેક બાંકો છોરો કાન્હો અને પ્રત્યેક છબીલી છોરી રાધાના પરિવેશમાં આ દિવસે ગુલતાન બની મહાલે છે.

હોળીનાં વિવિધ લોકગીતો જેવાં કે ફાગ, ધ્રુપદ, ધમાર, રસિયા, રંગ કે ડફકી હોરી જેવાં ઋતુગીત વ્રજના દરેક નરનારીના મુખેથી લયબદ્ધ રીતે વહ્યાં કરે છે. આ દિવસે ગાયનવાદન, નૃત્યનાટકો લોકગીતો (રસિયા)નું માન કરવામાં આવે છે. સામૂહિક રીતે ઘણા જ અવનવા કાર્યક્રમોથી વ્રજભૂમિની ગલી-ગલી રાસલીલાઓથી ઊભરાય છે.

ધુળેટીના દિવસે લોકો એકબીજા સાથે નિર્દોષતાથી હાસ્ય મજાક કટાક્ષ વાણી ઉચ્ચારે છે. અબીલ, ગુલાલ, ચંદન, હળદર અને અત્તર તથા ગુલાબજળનો રંગબેરંગી પિચકારીઓથી એકબીજા ઉપર છંટકાવ કરવામાં આવે છે. આ ઉપરાંત એકબીજા પ્રત્યે મીઠાશ ટકી રહે તે હેતુથી અવનવી વાનગીઓ પીરસવાનો પણ કાર્યક્રમ યોજાય છે.

વ્રજમાં સૌથી વધારે પ્રખ્યાત બરસાનાની લઠમાર હોળી છે. બરસાના એ મથુરા પાસે આવેલું રાધાજીનું જન્મસ્થાન છે. અહીંની લઠમાર હોળીની ખાસિયત એ છે કે બરસાના ગામની સ્ત્રીઓ શણગાર સજી લાંબા ઘૂમટા તાણીને ખાસ પ્રકારથી તૈયાર કરવામાં આવેલ કલાત્મક લાઠી દ્વારા હોળી ખેલવા તૈયાર રહે છે.

ત્યારે નંદગાવથી હોળી રમવા આવેલા પુરુષો જે રાધાજીના મંદિર ‘લાડિલીજી’ પર ધજા ફરકાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે મહિલાઓ પુરુષો પર જમકર લાઠીનો પ્રહાર કરે છે. સ્ત્રીઓના નાજુક હાથમાં ચૂડલાનો રણકાર લાઠીના પ્રહારને ખનકદાર બનાવી દે છે. પુરુષો તેનો ખાસ પ્રકારની ઢાલથી પ્રતિકાર કરતાં કરતાં આ લાઠીનો માર સહન કરે છે. જો પુરુષો આ મારમાં પકડાઈ જાય તો તેમને મહિલાના પરિવેશમાં શૃંગાર સજીને નાચ નચાવવામાં આવે છે. પૌરાણિક કાળમાં શ્રીકૃષ્ણને પણ બરસાનાની ગોપીઓએ આ રીતે નાચ નચાવ્યા હતા.

# જગન્નાથજીના માલપુડાથી યુપી-બિહારના ગુંજિયા સુધીની સ્વાદિષ્ટ ગાથા

ધોળી દાળ કાલી રોટી..

અમદાવાદ માં સ્થિત ભગવાન જગન્નાથજી ના મંદિર માં પ્રથમવાર માલપુડા પ્રસાદ સ્વરૂપે આરોગ્યા ત્યારે માલપુડા ના સ્વાદ ની મજા શું? એ સમજાયું હતું. ખબર નહી કેમ? પણ ભગવાન જગન્નાથજી ના મંદિર ના માલપુડા પ્રસાદ માં એવો જાદુ છે કે જેને માલપુડા ન ભાવતા હોય ને એ પણ ઓછામાં ઓછા ચાર પાંચ તો આરોગી જ જશે. ભગવાન ની નજર એને ધરાવેલ ભોગ સામગ્રી પર પડે છે ત્યારે એ ભોગ સામગ્રી પ્રસાદ અમૃત બની જાય છે. આ કારણોસર પ્રસાદ હાથ માં મળ્યા ભેગા જ મોઢાં માં મૂકી દેતા હોઈએ છીએ. અમરેલી જીલ્લા ના નાનકડા ગામ આકડિયા માં બાળપણ માં રહેવાનું થયું ત્યારે ઘણીવાર “કાલી રોટી ધોળી દાળ” મેનૂ ચાખવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. ગામ ને પાદર “નાગા બાવા સંત” નો આશ્રમ હતો. સંત શ્રી ખાસ પર્વ નિમિતે ગામના બાળકો ને એના આશ્રમ માં જમાડતા ત્યારે “કાલી રોટી ધોળી દાળ” ભોજન નું મેનૂ રહેતું. કાલી રોટી ધોળી દાળ એટલે ઘીમાં તળેલા માલપુવા અને એની સાથે દૂધપાક.આ સ્વાદિષ્ટ રેસીપી નો ટેસ્ટ મેં મારી લાઈફ માં આંકડિયા ગામ છોડ્યા બાદ ક્યારેય લીધો જ નથી. ઈષ્ટ ને ધરાવેલ ભોગ પ્રસાદ ની મીઠાશ એવી હોય છે ને કે આ સ્વાદ દુકાનોમાં મળતા માલપુવા રાબડી માં મળવો મુશ્કેલ છે.

હોલી ના પર્વ નિમિતે ઉત્તર પ્રદેશ,બિહાર વગેરે રાજ્યો માં ગુંજિયા અને ઠંડાઈ સાથે માલપુવા પણ બનાવવા નો રિવાજ હોય છે.બાળપણ માં મમ્મી ના હાથે ગરમા ગરમ શુદ્ધ ઘી માં બનેલા ગળિયા પુડલા “માલપુડા” સમજી ને ખૂબ આરોગ્યા હતા. આ “ગળિયા પુડલા” નો સ્વાદ કાયમ જીભ ના ટેરવે રમે એ સ્વભાવિક છે કેમકે મમ્મી ની બનાવેલ રેસિપીઓની વાત જ ખાસ હોય છે.દર વર્ષે હોલી ના દિવસે પડોશ માં રહેતા યૂપી બિહાર ના રસોડા માંથી “માલપુડા” મારે ઘરે લેન્ડ થાય છે ત્યારે માલપુડા ની પ્લેટ ને જોતા માલ ગાયબ ને પૂડા ના દર્શન વધારે થાય છે. આરોગ્યા બાદ ગળિયા પુડલા અને માલપુડા ના સ્વાદ માં જમીન આસમાન નો ફર્ક લાગે છે. કાગળ જેવા પાતળા ગળિયા પુડલા સામે માલપુડા એ વજન અને સાઈઝ માં વધારે હોય છે. માલપુડા નો ટેસ્ટ કર્યા બાદ લાગ્યું કે સાચો માલ એ પુડા ની અંદર ભરપૂર ભર્યો લાગે છે એટલે તો બે ખાધા બાદ પેટ ત્રીજો ખાવાની રજા આપતું નથી.

ચાલો હોલી ના પર્વ ની રેસિપી જાણીએ :

ઠંડાઈ ભાંગ :

જય જય શિવ શંકર કાંટા ન લાગે કંકર,
કે પ્યાલા તેરે નામ કા પિયા..ગીર જવુંગી..

રાજસ્થાન,ઉત્તર પ્રદેશ અને બિહાર માં “ઠંડાઈ ભાંગ” એ શિવરાત્રિ અને હોલી બન્ને પર્વ માં ભરપૂર પીવાઈ છે. એવું કહેવામાં આવે છે કે જેણે પ્યૉર ભાંગ ઠંડાઈ એક વખત પીધી એ કમ સે કમ સાત આઠ દિવસ ઉઠવાનું નામ લેશે નહી. ભાંગ ઠંડાઈ પીધા બાદ એ મન મસ્તિષ્ક પર એવો કબજો જમાવી લે છે ને કે પીનાર ને ખુદ ને સમજાતું નથી કે એ શું બોલે છે? અને શું કરી રહ્યા છે?

નોંધ : ભાંગ ઠંડાઈ બનાવતા પહેલા બદામ,કાજુ, પિસ્તા, ખસખસ,તરબૂચ ના બીજ સાથે કેસર,એલચી અને મરી ને બે ત્રણ કલાક પલાળી ને રાખો.



રંગોત્સવ પર્વ ની મીઠાશ

- રુપાલી દવે

સામગ્રીઓ:

૧ ચાર કપ ઠંડુ દૂધ
૨ બે ચમચી ભાંગ ની પેસ્ટ અને બે ચમચી ભાંગ નો પાવડર
૩ બદામ બાર નંગ
૪ કાજુ બાર નંગ
૫ એક ચમચી તરબૂચ ના બીજ
૬ એક ચમચો ખસખસ
૭ ચાર પાંચ એલચી,ચાર પાંચ મરી ના દાણા,થોડા કેસર ના રેસા
૮ સ્વાદ અનુસાર ખાંડ

પ્રથમ ચાર કપ ઠંડા દૂધ માં સ્વાદ અનુસાર ખાંડ નાખી ને એને મોટા મોઢા વાળા ચમચ થી ખાંડ ઓગળે નહી ત્યાં સુધી હલાવો. ધ્યાન રહે દૂધ ગરમ કરવાનું નથી ઠંડા દૂધ માંજ ખાંડ ઓગળવાની રહેશે.ત્યાર બાદ બેત્રણ કલાક પહેલા પલાળેલા કાજુ,બદામ,તરબૂચ ના બીજ,ખસખસ વગેરે વસ્તુઓને એલચી,કેસર, મરી ના દાણા અને કેસર વગેરે મસાલા સાથે મિક્સર ગ્રાઈન્ડર માં ગ્રાઈન્ડ પેસ્ટ ના સ્વરૂપે કરો. ભાંગ પાવડર માં થોડું દૂધ અને એલાયચી નાખી ને એની પેસ્ટ રેડી કરો. ઠંડા ખાંડ વાળા દૂધ માં કાજુ,બદામ, તરબૂચ ના બીજ,ખસખસ વગેરે મસાલા સાથેની પેસ્ટ ને ઉમેરીને ચમચા વડે મિક્સ કરો. લાસ્ટ માં ભાંગ ની પેસ્ટ ઠંડા દૂધના મિશ્રણમાં ઉમેરીને બધું એક સરખું મિક્સ કરો. તૈયાર ઠંડાઈ પર પિસ્તા,બદામ અને કાજુ ની કતરણ થી સજાવી ને ફ્રીઝ ની અંદર કમ સે કમ ત્રણ ચાર કલાક ઠંડુ કરવા મૂકી દો.

માલપુડા :

૧ ઘઉં નો લોટ અડધો કપ
૨ પા કપ રવો
૩ ચાર પાંચ ચમચા દૂધ
૪ ખાંડ અડધો કપ ખાંડ
૫ તળવા માટે ઘી
૬ ત્રણ ચાર એલચી નો બારીક પાવડર એક નાની ચમચ
૭ એક ચમચી નાળિયેર પાવડર
૮ એક ચમચી પીસેલી વરાયાળી
૯ માલપુડા ના મિશ્રણ માં ખોયા પણ નાખી શકાય છે

રેસીપી : સૌ પ્રથમ દૂધ માં ખાંડ નાખી ને એને પીગળો એ બાદ સાકર વાળા દૂધ માં અડધો કપ ઘઉં ના લોટ સાથે પા કપ રવો ઉમેરીને ઘોળ તૈયાર કરો. આ ઘોળ ને કમ સે કમ બેત્રણ કલાક સુધી પલાળવા દેજો.જો સરખી રીતે માલપુડા નો ઘોળ પલળશે નહી તો માલપુડા ગોળ આકાર માં બનતા પહેલા તૂટી જશે એટલે સહેજ પાણી ઉમેરીને ન જાડું ન પાતળું ખીરું તૈયાર કરો. માલપુડા નો ઘોળ પલળી ગયા બાદ એમાં નાળિયેર પાવડર,એલચી પાવડર, વરયાળી પાવડર વગેરે ઉમેરી ને એને મોટા મોઢા ના ચમચા વડે એને હલાવી ને મિશ્રણ ને એકરસ કરો.

ગેસ ની ધીમી આંચ પર ઘી ગરમ થતા ગોળ આકાર ના નાના માલપુવા લાલ થાય ત્યાં સુધી તળી ને એને ગુલાબ ની પાંદડીઓ થી સજાવીને સર્વ કરો.

ગુંજિયા:

ગુંજિયા ના પુરણ ની રેસીપી : ગેસ ની ધીમી આંચ પર કઢાઈ માં ઘી ગરમ કરીને એમાં સોજી અથવા રવો ઉમેરી ને મોટા મોઢા વાળા ચમચાથી સોજી ને સુંગંધ આવે ત્યાં સુધી હલવો. એ બાદ ગેસ બંધ કરીને ગરમા ગરમ ઘી અને સોજી ના મિશ્રણ માં નાળિયેર નું ખમણ ઉમેરી ને બધું મિક્સ કરો. ઘી,નાળિયેર અને સોજી ના મિશ્રણ માં ધીમે ધીમે ખાંડ નો પાવડર ઉમેરી ને બધું મિક્સ કરો. આ મિશ્રણ ઠંડુ પડે એ બાદ એમાં બારીક ટુકડા કરેલ ડ્રાઈફ્રુટ સાથે સૂકી દ્રાક્ષ નાખી ને સારી રીતે બધું મિક્સ કરો. ગુંજિયા માં ખોયા વાળા બનાવવા માંગતા હો તો કડાઈ માં ખોયા ઘી માં અલગથી સાંતળી ને એમાં એલચી નો ભૂક્કો,ટોપરા નું ખમણ,બારીક સમારેલા ડ્રાયફ્રુટ વગેરે નાખીને બધું મિક્સ કરજો.ખોયા નું મિશ્રણ ઠંડુ થયા બાદ ખાંડ નું બુરું ઉમેરજો.

મેંદા લોટ માં ઘી અથવા તેલ નાખી ને ધીમે ધીમે પાણી ઉમેરી ને એનો પોચો કે કઠણ નહી મધ્યમ લોટ બાંધો. નાના લુવા ની પાતળી પુરી બનાવી ને એમાં એક ચમચી પૂરણ નાખીને અર્ધ ચંદ્રકાર આકાર આપી ને સુંદર ગુંજિયા નો આકાર આપી ને ઘી માં તળી લ્યો.

લ્યો ત્યારે સજાવો થાળ ને હોલીની પારંપરિક મીઠાઈઓ થી ને રંગો ના પર્વ માં માણો અને મનાવો રંગોત્સવ ના પર્વ ને હોલી ના નશા માં ઢોલ નગારા ના તાલ માં..બુરા ન માનો હોલી હૈ..

# સોશિયલ મીડિયા પર વ્યક્ત કર્યો ડર!

## દુબઈમાં ડ્રોન હુમલા બાદ અભિનેત્રી નરગિસ ફાખરી ભારે ગભરાટમાં છે. સોશિયલ મીડિયા પર પોતાની વ્યથા ઠાલવતા તેણે લખ્યું કે, આ ઘટના બાદ તેની રાતોની ઊંઘ ઉડી ગઈ છે અને તેને સતત એન્ઝાયટી થઈ રહી છે



# દુબઈમાં ડ્રોન એટેકથી ફફડી ઉઠી નરગિસ ફખરી

એજન્સી) મુંબઈ તા.03

]જ્યારથી અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો છે ત્યારથી સમગ્ર મધ્ય પૂર્વમાં તણાવ ફેલાયો છે. અમેરિકા અને ઈઝરાયલના હુમલાના જવાબમાં, ઈરાન મધ્ય પૂર્વીય દેશોમાં અમેરિકન ઠેકાણાઓ પર સતત હુમલો કરી રહ્યું છે. યુએઈમાં પણ અનેક ડ્રોન હુમલા થયા છે. ત્યાંના રહેવાસીઓ ભયમાં જીવી રહ્યા છે. ફિલ્મ અભિનેત્રી નરગીસ ફખરી પણ આ દિવસોમાં દુબઈમાં છે અને ત્યાંની પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે ચિંતિત છે. નરગીસ ફખરીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર દુબઈમાં તેની બાલ્કનીમાંથી ફોટા અને વીડિયો શેર કર્યા છે. એક ફોટો શેર કરતા તેણે કેપ્શન આપ્યું છે, બે દિવસ ખૂબ જ ડર લાગી રહ્યો છે. તેણે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક વીડિયો પણ શેર કર્યો છે, જે તેની બાલ્કનીમાંથી શૂટ કરવામાં આવ્યો છે. દુ ફક્ત નરગીસ ફખરી જ નહીં, ઘણા બોલીવુડ અને સાઉથ સ્ટાર્સ યુદ્ધને કારણે યુએઈમાં ફસાયેલા છે. ત્યાંથી બધી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જેના કારણે લોકો ફસાયેલા છે. જે સ્ટાર્સ ભારત પાછા ફરવા માંગતા હતા પરંતુ ફસાયેલા છે તેમાં ઈશા ગુપ્તા અને સોનલ ચૌહાણ છે. સાઉથ ભારતીય કલાકારો વિષ્ણુ મંચુ અને અજીત પણ દુબઈમાં છે. એરિકા ફર્નાન્ડિઝ પણ ત્યાં છે. બઈના ડાઉનટાઉનનો આ વીડિયો શેર કરતાં તે લખે છે, કોઈ પણ વાત હોય, આ સતત ચિંતા અને ડર રહે છે કારણ કે તમને ક્યારેય ખબર નથી હોતી કે આગળ શું થવાનું છે. હું સૂઈ શકતી નથી, મારું મન ખૂબ જ સતર્ક છે. ખૂબ મોડું થઈ ગયું છે અને હું જાગી રહી છું.



# એપ્રિલમાં શકીરા ભારતમાં મચાવશે ધૂમ

પોપ સ્ટાર શકીરા લગભગ 19 વર્ષ પછી ભારત પરત ફરી રહી છે. શકીરાના ભારત પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે, અને તે ફક્ત બે શહેરોમાં જ પરફોર્મ કરશે. કોન્સર્ટ ટિકિટના ભાવ આસમાને પહોંચી રહ્યા છે.

એજન્સી) મુંબઈ તા.03

વાકા વાકા એહ એહ આપણે બધાએ ચોક્કસ આ ગીત કોઈને કોઈ સમયે સાંભળ્યું અને ગાયું હશે. દક્ષિણ આફ્રિકામાં 2010 ના ફિફા વર્લ્ડ કપ માટે બનાવેલ, આ ગીતે બધાને નાચવા માટે મજબૂર કરી દીધા. આ ગીત કોલંબો સ્થિત ગાયિકા અને નૃત્યાંગના શકીરાએ ગાયું હતું, જેના કારણે તે વિશ્વના દરેક ખૂણામાં પ્રખ્યાત થઈ. શકીરાનો ભારતમાં પણ ભારે ક્રેઝ છે અને હવે ભારતીય ફેન્સ માટે સારા સમાચાર છે. લગભગ 19 વર્ષ પછી, શકીરા બધાને તેના સૂર પર નાચવા માટે ભારત આવી રહી છે. શકીરાનો કોન્સર્ટ ભારતમાં યોજાવાનો છે, જેની તારીખ પણ જાહેર કરવામાં આવી છે. ઈન્ટરનેશનલ પોપ સ્ટાર શકીરાએ 2007માં મુંબઈમાં પોતાનો ઓરલ ફિક્સેશન ટૂર કર્યો હતો. હવે, તે ફરી એકવાર ભારત પરત ફરી રહી છે, જેનાથી તેના ફેન્સમાં ઉત્સાહ છે. શકીરા આખરે આ વર્ષે એપ્રિલમાં મુંબઈ અને દિલ્હીમાં પરફોર્મ કરવાની છે. શકીરાના કોન્સર્ટની આસપાસની ચર્ચા ટિકિટના ભાવ જેટલી જ ઊંચી છે. ભારે પ્રચાર પછી, શકીરાના કોન્સર્ટ ટિકિટની કિંમત 32,000 રૂપિયા સુધી પહોંચી ગઈ છે. શકીરાના ઈન્ડિયા કોન્સર્ટે પહેલાથી જ ઘણી ચર્ચા જગાવી છે, અને શોની ટિકિટો હવે લાઈવ છે. લેટિના પોપ સેન્સેશન શકીરાના એપ્રિલ 2026 માં બે પર્ફોર્મન્સનું આયોજન છે. 2007 માં ઓરલ ફિક્સેશન ટૂર પછી આ તેમની ભારતની પહેલી મુલાકાત હશે. શકીરા 10 એપ્રિલે મુંબઈના મહાલક્ષ્મી રેસકોર્સ ખાતે પર્ફોર્મ કરશે. ત્યારબાદ 15 એપ્રિલે દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે તેમનો બીજો શો થશે.

# શનાયા કપૂરની નવી ફિલ્મનું ટાઈટલ જેકોબ કાર્ડોસો નક્કી થયું



મુંબઈ: શનાયા કપૂરની નવી રોમાન્ટિક કોમેડી ફિલ્મનું ટાઈટલ 'જેકોબ કાર્ડોસો' નક્કી થયું છે. આ ફિલ્મમાં અભય વર્મા તેનો હિરો હશે. ફિલ્મમાં ૧૯૮૭નાં અરસાના ગોવાની વાત હશે. ફિલ્મનું શૂટિંગ ઓલરેડી પૂર્ણ થઈ ચૂક્યું છે અને હવે પોસ્ટ પ્રોડક્શનનું કામ શરુ થયું છે. ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ પણ ગોવામાં જ થયું છે. શુજાત સૌદાગરે આ ફિલ્મનું દિગ્દર્શન કર્યું છે. ફિલ્મની રીલિઝ ડેટ હજુ નક્કી થઈ નથી. શનાયાની આ પહેલાંની 'આંખો કી ગુસ્તાખિયાં' તથા 'તુ યા મૈ' બંને ફિલ્મો નબળી સાબિત થઈ હતી. હવે તેની કારકિર્દીનો આધાર આ ફિલ્મ પર છે. બીજી તરફ 'મુંજ્યા'માં અભય વર્માનો રોલ વખણાયો હતો પરંતુ તે પછી તેની કારકિર્દી પણ ધાર્યા ટ્રેક પર આગળ વધી નથી.

# રશ્મિકા-વિજયે 16 મંદિરોમાં શરૂ કર્યું અન્નદાન



(એજન્સી) મુંબઈ તા.03

વિજય દેવરાકોંડા અને રશ્મિકા મંદાનાએ લગ્ન બાદ દેશભરના 21 શહેરોમાં મીઠાઈ વિતરણ અને 16 પવિત્ર મંદિરોમાં અન્નદાન કરવાની જાહેરાત કરી છે. 1 માર્ચથી શરૂ થયેલા આ સેવાકાર્ય હેઠળ અમદાવાદ, હૈદરાબાદ અને દિલ્હી જેવા શહેરોમાં મીઠાઈ મોકલવામાં આવી રહી છે. આ કપલ 4 માર્ચે હૈદરાબાદમાં પોતાનું ગ્રાન્ડ રિસેપ્શન યોજશે. દક્ષિણ ભારતીય સુપરસ્ટાર વિજય દેવરાકોંડા અને રશ્મિકા મંદાનાએ ઉદયપુરમાં ખાનગી લગ્ન કર્યા બાદ હવે પોતાની ખુશીઓ આખા દેશ સાથે વહેંચવાનું નક્કી કર્યું છે. આ નવદંપતીએ સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરીને જાહેરાત કરી છે કે ભારતની દરેક ઉજવણી મીઠાઈ અને ભોજન વગર અધૂરી છે, તેથી તેઓ દેશના 21 મોટા શહેરોમાં મીઠાઈના ટ્રક મોક 1 માર્ચ, 2026 થી આ અભિયાનની શરૂઆત થઈ ચૂકી છે.

# 'હું 1500 કરોડનો માણસ છું...'



(એજન્સી) મુંબઈ તા.03

બોલિવૂડ એક્ટર રાજપાલ યાદવે છેલ્લા બે દિવસમાં તેમના 9 કરોડના ચેક બાઉન્સ કેસ મામલે અનેક વાત કહી છે. તેઓએ મુંબઈમાં એક પ્રેસ કોન્ફરન્સમાં મીડિયાના તમામ સવાલોના જવાબ આપ્યા હતા. રાજપાલે કહ્યું કે, 'હું 1500 કરોડનો માણસ છું...' રાજપાલે કહ્યું કે, 'મારી પાસે આગામી સમયમાં અનેક એવા પ્રોજેક્ટ્સ છે કે જેની કિંમત કરોડોમાં હોય. આમ, મારી પાસે આશરે 1200 કરોડ રૂપિયાનું કામ છે.' ચેક બાઉન્સ કેસ મામલે તેમણે કહ્યું કે, 'પહેલા માત્ર ઘરની વાત હતી. ઈન્ડસ્ટ્રીમાં એક એવું પ્લેટફોર્મ બનાવવામાં આવે કે જ્યાં ઈનવેસ્ટમેન્ટની રીત સરળ હોય અને દરેક વ્યક્તિ તેને સરળતાથી ફૉલો કરી શકે.' વધુમાં રાજપાલ યાદવે કહ્યું કે, 'હું સમગ્ર ફિલ્મ ફેડરેશનને વિનંતી કરુ છું કે, તેઓ ફિલ્મ બનાવવા માટે એક રોકાણ ફંડ બનાવવા માટે રાજી થાવ. તેઓએ એક સામાન્ય પ્લેટફોર્મ બનાવવું જોઈએ, જેનું પાલન ફૉરેન ઈનવેસ્ટર્સ અને એક્ટર બંને કરી શકે. જો આવુ થયુ તો બહુ જ સરળતા રહેશે. હું 26 વર્ષથી કામ કરી રહ્યો છું અને ઓછામાં ઓછા 200 એગ્રીમેન્ટ કરી ચૂક્યો છું. જેમાં 1 લાખથી 1.5 લાખ અને પછી 15 લાખ સુધી. જો મેં એગ્રીમેન્ટ માટે લડાઈ કરી હોત, તો આજે મારી સામે ફક્ત એક જ કેસ કેમ છે અને બીજા કોઈનો કેમ નથી?' 2012માં આવેલી ફિલ્મ 'અતા પતા લાપતા' રાજપાલની દિગ્દર્શક તરીકેની પહેલી ફિલ્મ હતી.

# બોલિવૂડની 'સ્ત્રી' જેણે બોક્સ ઓફિસ અને સોશિયલ મીડિયા પર મચાવી ધૂમ

## પોતાની માસૂમિયત, સુંદરતા અને ઉત્તમ અભિનયથી શ્રદ્ધા કપૂરે ફેન્સના દિલ જીત્યા. બોલીવુડ અભિનેત્રી પોતાના જન્મદિવસની ઉજવણી કરી રહી છે



## જાણો શ્રદ્ધા કપૂરની કુલ નેટવર્થ

(એજન્સી) મુંબઈ તા.03

બોલિવૂડમાં અનેક અભિનેત્રીઓ આવે છે અને જાય છે, પરંતુ શ્રદ્ધા કપૂરે પોતાની સાદગી અને દમદાર અભિનયથી જે સ્થાન મેળવ્યું છે તે અજોડ છે. આજે શ્રદ્ધા માત્ર એક અભિનેત્રી જ નહીં, પણ એક શક્તિશાળી બ્રાન્ડ અને સોશિયલ મીડિયા ક્વીન બની ગઈ છે. અભિનેત્રી શ્રદ્ધા કપૂર આજે પોતાનો 39માં જન્મદિવસની ઉજવણી કરી રહી છે. પોતાની માસૂમિયત, સુંદરતા અને ઉત્તમ અભિનયથી તેણે લાખો ચાહકોના દિલમાં સ્થાન મેળવ્યું છે. શ્રદ્ધા માત્ર એક પ્રતિભાશાળી અભિનેત્રી જ નહીં, પણ એક તેજસ્વી નૃત્યાંગના અને ગાયિકા પણ છે.

### શ્રદ્ધા કપૂરની જાણો કુલ નેટવર્થ

શ્રદ્ધા કપૂરને બોલિવૂડની ટોચની અભિનેત્રીઓમાંની એક ગણવામાં આવે છે. અભિનેત્રીએ સમગ્ર કારકિર્દી દરમિયાન ઘણી પ્રભાવશાળી ફિલ્મોમાં અભિનય કર્યો છે. અભિનય ઉપરાંત, તે જાહેરાતો અને બ્રાન્ડ પ્રમોશનમાંથી પણ નોંધપાત્ર કમાણી કરે છે. અહેવાલ મુજબ, અભિનેત્રી કુલ નેટવર્થ 130 કરોડ (US$1.3 બિલિયન) ધરાવે છે. શ્રદ્ધા પ્રતિ ફિલ્મ આશરે 5 કરોડ (US$1.5 મિલિયન) ચાર્જ કરે છે. જ્યારે બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ માટે આશરે 1.6 કરોડ ચાર્જ કરે છે. તે બ્રાન્ડ પ્રમોશનમાંથી પણ સારી કમાણી કરે છે. સોશિયલ મીડિયા પર પણ શ્રદ્ધા સારી ફેન ફોલોઈંગ ધરાવે છે. ઈન્સ્ટાગ્રામ પર તેને 94 મિલિયનથી વધુ લોકો ફોલો કરે છે.

### "સ્ત્રી" બની શ્રદ્ધા કપૂરે મચાવ્યો તહલકો

શ્રદ્ધા કપૂરે પહેલી ફિલ્મ બોલીવુડના શહેનાશાહ અમિતાભ બચ્ચન સાથે કરી હતી. 2010 માં ફિલ્મ 'તીન પત્તી' થી બોલિવૂડમાં પોતાના કરિયરની શરૂઆત કરી ત્યારબાદ 2011 માં રિલીઝ થયેલી ફિલ્મ 'લવ કા ધ એન્ડ' માં કામ કરવાની તક મળી , પરંતુ ખરી ઓળખ તેને ફિલ્મ 'આશિકી'થી મળી. 2013 માં રિલીઝ થયેલી ફિલ્મ 'આશિકી 2' જબરજસ્ત હિટ થઈ હતી. આ ફિલ્મ બાદ શ્રદ્ધાનો સિતારો બુલંદ થયો અને 'સ્ત્રી' ફિલ્મથી વધુ લોકપ્રિય થઈ. છેલ્લે ફિલ્મ 'સ્ત્રી 2' માં જોવા મળી હતી, જે એક હોરર-કોમેડી ફિલ્મ હતી જેમાં તેણીએ રાજકુમાર રાવ સાથે અભિનય કર્યો હતો. આ ફિલ્મે રેકોર્ડબ્રેક બોક્સ ઓફિસ કલેક્શન હાંસલ કર્યું હતું.

### આલિશાન ઘરની માલકિન શ્રદ્ધા કપૂર

શ્રદ્ધા કપૂરનો જન્મ 3 માર્ચ, 1987ના રોજ મુંબઈમાં થયો હતો. તે બોલીવુડના દિગ્ગજ કલાકારો શક્તિ કપૂર અને શિવાંગી કપૂરની પુત્રી છે. મુંબઈના જુહુમાં એક આલીશાન ઘરમાં રહે છે, જેની કિંમત લગભગ 60 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આ ઉપરાંત, અભિનેત્રી પાસે ઘણી લક્ઝરી કાર છે, જેમાં 83.3 લાખ રૂપિયાની ઓડી Q7, 1.50 કરોડ રૂપિયાની મર્સિડીઝ બેન્ઝ GLE અને BMW 7 સિરીઝનો સમાવેશ થાય છે.

# LIVE પરફોર્મન્સમાં છેડતી અંગે સપના ચૌધરીનો ચોંકાવનારો ખુલાસો

(એજન્સી) મુંબઈ તા.03

હરિયાણવી ક્વીન સપના ચૌધરી હાલમાં 'ધ 50' શો માં નજર આવી રહી છે. સપનાનો દબંગ અંદાજ ચાહકોનું દિલ જીતી રહ્યો છે. બવે આ શો માં સપનાએ એક ડાન્સર તરીકે પોતાની જર્ની પર વાત કરી છે. સપનાએ જણાવ્યું કે, 'મેં મારા કરિયરમાં ખૂબ જ ખરાબ સમય જોયો છે. એક સમયે મારા જીવને પણ જોખમ હતું.' સપનાએ જણાવ્યું કે, 'મારી સામે લગભગ 35 કેસ નોંધાયેલા છે. ઘણી જગ્યાએ મારા પરફોર્મ કરવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.' પોતાના કરિયરના ડાર્ક ફેઝ અંગે વાત કરતા સપના ચૌધરીએ કહ્યું કે, '2018માં બિગ બોસ કર્યા બાદ મેં વધુને વધુ સારા શો કરવાનું શરૂ કરી દીધું હતું. તે પહેલાં ઈવેન્ટ્સમાં પરિસ્થિતિ ખૂબ જ ખરાબ હતી. ત્યાં ક્યારેક નાસભાગ મચી જતી હતી તો ક્યારેક ખુરશીઓ ફેંકાતી, તો ક્યારેક ઝઘડા થતા. મારી સામે 35 કેસ છે કારણ કે મેં એક શો કર્યો અને ત્યાં નાસભાગ મચી ગઈ હતી. મારા પર બડૌદ, મેરઠ વગેરે વિસ્તારોમાં પ્રતિબંધ છે. મારા નામથી શો માટે પરવાનગી નથી મળતી.' આ દરમિયાન સપનાએ પોતાના શોનો એક ભયાનક કિસ્સો પણ યાદ કર્યો. સપનાએ કહ્યું કે, 'એકવાર અમારા ઘરમાં પૈસા નહોતા. હું અને મારી માતા સાથે બેઠા હતા. અમે માત્ર એ જ આશા કરી રહ્યા હતા કે કોઈ શો મળી જાય.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ગાંગુલીની ચેતવણી સંજૂ સેમસનની વિસ્ફોટક બેટિંગે મચાવી ધૂમ

● સંજૂ સેમસનની વિસ્ફોટક બેટિંગથી ભારત સેમિ ફાઈનલમાં



(એજન્સી) કોલકાતા । તા. 03

ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ના હાઈવોલ્ટેજ જંગમાં ભારતીય ટીમે સેમિ ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે, પરંતુ મેદાનની બહાર રણનીતિને લઈને પૂર્વ સુકાની સૌરવ ગાંગુલીએ મોટા સંકેતો આપ્યા છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની કરો યા મરો સમાન મેચમાં સંજૂ સેમસનની વિસ્ફોટક બેટિંગની મદદથી ભારતે જીત મેળવ્યા બાદ 'દાદા'એ સુકાની સૂર્યકુમાર યાદવ અને કોચ ગૌતમ ગંભીરને આડકતરી ચેતવણી આપી દીધી છે. ગાંગુલીએ સ્પષ્ટ કર્યું છે કે સેમસન જેવા ખેલાડીને સતત તક મળવી જ જોઈએ. સુપર-૮ ના મહત્વના મુકાબલામાં વેસ્ટ ઈન્ડિઝે મૂકેલા ૧૯૫ રનના વિશાળ લક્ષ્યાંક સામે જ્યારે ભારતની દિગ્ગજ બેટિંગ લાઈન-અપ ધરાશાયી થઈ રહી હતી, ત્યારે સંજૂ સેમસન ખડકની જેમ ઉભો રહ્યો હતો. અભિષેક શર્મા, સૂર્યા અને હાર્દિક પંડ્યા સસ્તામાં આઉટ થયા છતાં, સંજૂએ માત્ર ૫૦ બોલમાં ૧૨ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી અણનમ ૯૭ રન ફટકારી ભારતની સેમિ ફાઈનલની ટિકિટ કન્ફર્મ કરી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ ઈનિંગે સાબિત કરી દીધું છે કે સંજૂ કોઈપણ ક્રમ પર બેટિંગ કરવાની ક્ષમતા ધરાવે છે.

## સેમિ ફાઈનલ માટે અમ્પાયરોની જાહેરાત ભારત-ઈંગ્લેન્ડ જંગમાં આ દિગ્ગજો સંભાળશે મોરચો

કોલકાતા | આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ હવે તેના સૌથી નિર્ણાયક તબક્કે પહોંચી ગયો છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ આજે સત્તાવાર રીતે બંને સેમિ ફાઈનલ મેચો માટે મેચ ઓફિશિયલ્સ અને અમ્પાયરોના નામોની જાહેરાત કરી દીધી છે. ટૂર્નામેન્ટની સૌથી મોટી ટક્કર ગણાતી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની બીજી સેમિ ફાઈનલમાં અનુભવી અમ્પાયરોની પેનલ મેદાન પર શિસ્ત અને નિષ્પક્ષતા સુનિશ્ચિત કરશે. ૫ માર્ચ, ગુરુવારના રોજ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાનારી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની બીજી સેમિ ફાઈનલ માટે ક્રિસ ગેફની અને અલ્લાહુદ્દીન પાલેકર ઓન-ફિલ્ડ અમ્પાયર તરીકે નિયુક્ત થયા છે. ગેફની અગાઉ ૨૦૨૪ના વર્લ્ડ કપમાં પણ આ બંને ટીમો વચ્ચેની સેમિ ફાઈનલમાં અમ્પાયરિંગ કરી ચૂક્યા છે. તેમની મદદ માટે એડ્રિયન હોલ્ડસ્ટોક થર્ડ અમ્પાયર, પોલ રીફલ ફોર્થ અમ્પાયર અને એન્ડી પાયક્રોફ્ટ મેચ રેફરી તરીકે ભૂમિકા ભજવશે.

## એશિયન પેઈન્ટ્સ ક્રિકેટ એન્થમ લૉન્ચ રંગ દે ઈન્ડિયાના સંગીતમય સૂરે ખેલ અને રંગોનો સંગમ




મુંબઈ | ભારતમાં ક્રિકેટ એ માત્ર રમત નથી, પરંતુ એક અતૂટ લાગણી છે. આ જ જુસ્સાને એક નવા સ્તરે લઈ જતાં, એશિયન પેઈન્ટ્સે આજે તેના પાવરફુલ ક્રિકેટ એન્થમ 'રંગ દે ઈન્ડિયા'ની સત્તાવાર રજૂઆત કરી છે. સુનિધિ ચૌહાણ અને વિશાલ દાદલાની જેવા દિગ્ગજ ગાયકોના મજબૂત અને ઊર્જાસભર સ્વરે સજ્જ આ એન્થમ ભારતીય ઘરોમાં રમત પ્રત્યેના પ્રેમને રંગોના માધ્યમથી ઉજાગર કરે છે. આ સંગીતમય પ્રસ્તુતિ ૧.૪ અબજ ભારતીયોના હૃદયના ધબકારાને એકસૂત્રે બાંધવાનો પ્રયાસ છે. આ એન્થમ મેચના દિવસોમાં લિવિંગ રૂમમાં સર્જાતા ઉત્સાહ અને બાલ્કનીઓમાં થતા ગુંજારવને સુંદર રીતે કેપ્ચર કરે છે. BCCI સાથેના સત્તાવાર કલર પાર્ટનર તરીકે, એશિયન પેઈન્ટ્સ આ ગીત દ્વારા એ સાબિત કરવા માંગે છે કે રંગ એ માત્ર દીવાલોની સજાવટ નથી, પણ ભાવનાઓની અભિવ્યક્તિ છે. સમીર ઉદ્દીન દ્વારા સંગીતબદ્ધ કરાયેલ "રંગ દે - મોહે જીત કે રંગ મેં રંગ દે" હૂક લાઈન ચાહકોમાં નવી ઉર્જાનો સંચાર કરે તેવી દમદાર છે. આ અભિયાન માત્ર રમતગમતની ભાગીદારી પૂરતું મર્યાદિત નથી.

# આઈસીસીના શિસ્તભંગના નિયમોમાં ફસાયો સંજૂ સેમસન હેલ્મેટ ફેંકવું ભારે પડશે



(એજન્સી) કોલકાતા । તા. 03

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં વેસ્ટ ઈન્ડિઝ સામે શાનદાર જીત મેળવીને ભારત સેમિ ફાઈનલમાં પહોંચ્યું છે, પરંતુ આ ખુશીમાં ખલેલ પડી શકે તેવા સમાચાર સામે આવ્યા છે. ટીમ ઈન્ડિયાના મેચ વિનર સંજૂ સેમસને જીતના આવેગમાં આવીને મેદાન પર હેલ્મેટ ફેંકીને જે ઉજવણી કરી, તે હવે તેને ભારે પડી શકે છે. આઈસીસીના શિસ્તભંગના નિયમો હેઠળ આ હરકતને ગેરવર્તણૂક માનવામાં આવી શકે છે, જેના કારણે ઈંગ્લેન્ડ સામેની સેમિ ફાઈનલમાં તેના રમવા પર સવાલો ઉભા થયા છે. ઈડન ગાર્ડન્સ ખાતે ૯૭ રનની વિસ્ફોટક ઈનિંગ રમ્યા બાદ સંજૂએ જે રીતે હેલ્મેટ મેદાન પર પછાડ્યું, તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલની આચારસંહિતાનો ભંગ હોવાનું મનાય છે. આઈસીસીના શિસ્તભંગના નિયમો મુજબ, મેદાન પર ખેલાડીઓ દ્વારા બેટ કે હેલ્મેટ જેવી વસ્તુઓ ફેંકવી એ અમ્પાયર અથવા અન્ય લોકો માટે જોખમી સાબિત થઈ શકે છે. આવી સ્થિતિમાં ખેલાડી પર મેચ ફીના દંડથી લઈને 'ડિમેરિટ પોઈન્ટ' કે સસ્પેન્શન જેવી કડક કાર્યવાહી થઈ શકે છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ માર્ચના રોજ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં બીજી સેમિ ફાઈનલ રમાવાની છે. જો આઈસીસીની શિસ્ત સમિતિ સંજૂ સેમસનને ગંભીર દોષિત ઠેરવે અને તેને એક મેચનું સસ્પેન્શન મળે, તો ભારત માટે આ મોટો આઘાત સાબિત થશે. ૨૦૨૨ના વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ સામે મળેલી હારનો બદલો લેવા માટે ભારત માટે સેમસનનું હોવું અત્યંત અનિવાર્ય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભારતીય ટીમ મેનેજમેન્ટ અત્યારે આ મામલે બચાવની તૈયારી કરી રહ્યું છે.



### ઈન્ડિયા માટે કપરા ચઢાણ

એક તરફ પાકિસ્તાની દિગ્ગજો ભારતની રમત પર સવાલો ઉઠાવી રહ્યા છે, ત્યારે બીજી તરફ સેમસન જેવો ફોર્મમાં રહેલો ખેલાડી જો બહાર બેસે તો સૂર્યકુમાર યાદવની ચિંતા વધી શકે છે. વર્ષ ૨૦૨૨ની યાદો હજુ તાજી છે, જ્યારે ઈંગ્લેન્ડે ભારતને હરાવીને બહાર કર્યું હતું. હવે જોવાનું એ રહેશે કે આઈસીસી આ મામલે કેટલી ઉદારતા દાખવે છે.



# IPL એમએસ ધોનીનો જોરદાર વીડિયો થયો વાયરલ

(એજન્સી) ચેન્નાઈ । તા. 03

વિશ્વના સૌથી લોકપ્રિય ક્રિકેટ ઉત્સવ એટલે કે આઈપીએલ ૨૦૨૬ની તૈયારીઓ હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) એ ૧ માર્ચથી પોતાના સત્તાવાર પ્રેક્ટિસ કેમ્પનો પ્રારંભ કરી દીધો છે, અને અપેક્ષા મુજબ જ તમામની નજર ભારતીય ક્રિકેટના દિગ્ગજ ખેલાડી મહેન્દ્ર સિંહ ધોની પર ટકેલી છે. સોશિયલ મીડિયા પર અત્યારે માહીનો એક વીડિયો વાવાઝોડાની ગતિએ વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે ક્રિકેટના ગંભીર વાતાવરણ વચ્ચે પણ પોતાના હળવા અને રમુજી અંદાજમાં જોવા મળી રહ્યો છે. ચેન્નાઈની પીળી જર્સીમાં સજ્જ ધોનીની આ મસ્તીએ કરોડો ચાહકોના દિલ જીતી લીધા છે.

### અમ્પાયર બનીને માહીએ કરી વાઈડ બોલની મસ્તી

તાજેતરમાં સીએસકેની સત્તાવાર સોશિયલ મીડિયા ચેનલો પર શેર કરવામાં આવેલા વીડિયોમાં જોવા મળે છે કે, ધોની નેટ્સમાં બેટિંગની પ્રેક્ટિસ કરી રહ્યો છે. આ પ્રેક્ટિસ સેશન દરમિયાન જ્યારે એક બોલ ઓફ સ્ટમ્પની ઘણી બહાર (વાઈડ) ફેંકવામાં આવ્યો, ત્યારે ધોનીએ બેટ છોડીને તરત જ પ્રોફેશનલ અમ્પાયરની જેમ વાઈડ બોલનો ઈશારો કરવાનું શરૂ કરી દીધું હતું. માહીની આ અદા એટલી આકર્ષક હતી કે કેટલાક ચાહકો તેને 'ધોનીનો અનોખો ડાન્સ' પણ કહી રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ધોની કેમ્પમાં યુવા ખેલાડીઓનું મનોબળ વધારવા માટે આવા હળવા સંવાદો અને મસ્તી કરતો રહે છે.

### ઋતુરાજ અને ધોનીની જોડી પર ચાહકોની મીટ

સીએસકે કેમ્પના પ્રથમ દિવસે જ કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ અને મહેન્દ્ર સિંહ ધોની એકસાથે પ્રેક્ટિસ કરતા જોવા મળ્યા હતા. ફ્રેન્ચાઈઝી દ્વારા શેર કરવામાં આવેલા ફૂટેજમાં બંને ખેલાડીઓ રમતની રણનીતિ પર ચર્ચા કરતા પણ નજરે પડ્યા હતા. નોંધનીય છે કે, ઋતુરાજ અને ધોનીની જોડી છઠ્ઠી વખત ચેન્નાઈને આઈપીએલ ચેમ્પિયન બનાવવા માટે તનતોડ મહેનત કરી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, ધોની આ સિઝનમાં ફિનિશર તરીકે પોતાની ભૂમિકાને વધુ મજબૂત કરવા માટે સ્પિનર્સ સામે વિશેષ પ્રેક્ટિસ કરી રહ્યો છે. માહીનો વાયરલ વીડિયો એ સાબિત કરે છે કે ૪૪ વર્ષની ઉંમરે પણ તેનો ઉત્સાહ એક નવયુવાન જેવો જ છે.

# મધ્ય પૂર્વના રણમેદાનમાંથી પી.વી. સિંધુ સુરક્ષિત ભારત પરત બેંગલુરુ પહોંચતા માન્યો આભાર

(એજન્સી) બેંગલુરુ । તા. 03

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ફાટી નીકળેલા ભીષણ યુદ્ધને કારણે દુબઈમાં ફસાયેલા ભારતીય બેડમિન્ટન સ્ટાર પી.વી. સિંધુ આખરે સુરક્ષિત રીતે ભારત પરત ફર્યા છે. બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા સિંધુ મંગળવારે સવારે બેંગલુરુ પહોંચ્યા હતા. ગત કેટલાક દિવસોથી મધ્ય પૂર્વમાં ચાલી રહેલા મિસાઈલ હુમલા અને અંધાધૂંધી વચ્ચે સિંધુ ત્યાં અટવાયા હતા, જેના કારણે તેમના પરિવાર સહિત સમગ્ર ખેલ જગતમાં ચિંતાનું મોજું વ્યાપી ગયું હતું. બેંગલુરુ સ્થિત પોતાના ઘરે પહોંચીને સિંધુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોતાની રાહત અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. સિંધુએ જણાવ્યું કે, "છેલ્લા કેટલાક દિવસો અત્યંત તણાવપૂર્ણ અને અનિશ્ચિતતાથી ભરેલા હતા. હું મારા ઘરે પરત ફરી તે બદલ ખરેખર આભારી છું." ઉલ્લેખનીય છે કે, સિંધુએ અગાઉ દુબઈમાં પોતાની નજર સામે આકાશી મિસાઈલ હુમલા અને તેના ઈન્ટરસેપ્શન જોયા હતા, જેને તેમણે અત્યંત ડરામણા ગણાવ્યા હતા.

સિંધુએ તેમની સુરક્ષિત વાપસી માટે દુબઈની ઓથોરિટી, એરપોર્ટ સ્ટાફ, ઈમિગ્રેશન વિભાગ અને ભારતીય દૂતાવાસનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે ખાસ કરીને તે લોકોની વ્યાવસાયિકતા અને સહાનુભૂતિના વખાણ કર્યા જેમણે મુશ્કેલ સમયમાં તેમની સંભાળ રાખી હતી. સિંધુના પિતા પી.વી. રમણાએ અગાઉ જણાવ્યું હતું કે, ભારતીય દૂતાવાસે સિંધુને હોટલમાં સુરક્ષિત રાખવા માટે તમામ વ્યવસ્થા કરી હતી. ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા ખામેનેઈના મોતના જવાબમાં ઈરાને જે વળતા હુમલા કર્યા, તેની અસર દુબઈ જેવા પર્યટન અને પરિવહન હબ પર પણ પડી છે. સિંધુની જેમ જ અનેક પ્રવાસીઓ અને રમતવીરો ત્યાં ફસાયા હતા. હાલમાં સિંધુએ થોડો સમય આરામ કરવા અને આ માનસિક આઘાતમાંથી બહાર આવીને આગામી ટુર્નામેન્ટ્સ માટે રણનીતિ ઘડવાની ઈચ્છા વ્યક્ત કરી છે.






# ઈરફાન પઠાનની ચિંતા અભિષેક શર્માના ફોર્મે વધાર્યું ટીમ ઈન્ડિયાનું ટેન્શન

(એજન્સી) નવી દિલ્હી । તા. 03

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરીને સેમિ ફાઈનલમાં સ્થાન બનાવી લીધું છે, પરંતુ પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાન અત્યારે ટીમની બેટિંગ લાઈન-અપને લઈને ચિંતિત છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી હાઈ-વોલ્ટેજ સેમિ ફાઈનલ મેચ પહેલા પઠાણે યુવા ઓપનર અભિષેક શર્માના કથળતા ફોર્મ અને સૂર્યકુમાર યાદવની લાંબી ઈનિંગ રમવાની ક્ષમતા પર સવાલો ઉઠાવ્યા છે.

વેસ્ટ ઈન્ડિઝ સામેની છેલ્લી મેચમાં અભિષેક શર્મા માત્ર ૧૦ રન બનાવીને આઉટ થયો હતો. ઈરફાન પઠાણે તેની યુટ્યુબ ચેનલ પર વિશ્લેષણ કરતા જણાવ્યું કે, ઝિમ્બાબ્વે સામે અડધી સદી ફટકાર્યા બાદ એવું લાગતું હતું કે અભિષેક લય પકડશે, પરંતુ તેની ટેકનિકમાં ખામી જોવા મળી રહી છે. પઠાણે કહ્યું, "શોટ રમતી વખતે તેનો પાછળનો ઘૂંટણ વધુ નમી જાય છે અને શરીરનું વજન પાછળ તરફ જાય છે, જ્યારે આદર્શ રીતે વજન ફ્રન્ટ ફૂટ પર હોવું જોઈએ. જો તેણે રન બનાવવા હશે, તો આ બાબત પર ધ્યાન આપવું પડશે."

ઈરફાન પઠાણે માત્ર અભિષેક જ નહીં, પરંતુ ટીમના સ્ટાર બેટર સૂર્યકુમાર યાદવ વિશે પણ મહત્વની વાત કરી છે. જોકે સૂર્યા ૨૩૧ રન સાથે ભારતનો ટોપ સ્કોરર છે, પરંતુ પઠાનના મતે તેણે હવે મોટી ટીમો સામે લાંબી અને પ્રભાવશાળી ઈનિંગ્સ રમવી પડશે. યુએસએ સામે ૮૪ રન કર્યા બાદ સૂર્યા કોઈ મોટો સ્કોર નોંધાવી શક્યો નથી, જે સેમિ ફાઈનલ જેવી મહત્વની મેચ પહેલા ચિંતાનો વિષય છે.

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની મેચમાં જસપ્રિત બુમરાહે ૨/૩૬ સાથે સારી બોલિંગ કરી હતી, જ્યારે હાર્દિક અને વરુણ ચક્રવર્તી થોડા મોંઘા સાબિત થયા હતા. ભારતે ૫ વિકેટે જીત મેળવીને સેમિ ફાઈનલમાં પ્રવેશ કર્યો છે, જ્યાં હવે તેમનો સામનો મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડ સામે થશે. મીડિયા અહેવાલ મુજબ, જો ભારતને ફાઈનલમાં પહોંચવું હશે તો ઓપનિંગ જોડીએ મજબૂત શરૂઆત આપવી પડશે અને મધ્યમ ક્રમના બેટરોએ જવાબદારી નિભાવવી પડશે.

# સેમિ ફાઈનલ પહેલા ગાવસ્કરનું વિશ્લેષણ વિલ જેક્સ સાતમા ક્રમે ઈંગ્લેન્ડ માટે ટ્રમ્પ કાર્ડ

## ઈંગ્લેન્ડના વિલ જેક્સનો ખતરો ભારત માટે ચિંતાજનક



(એજન્સી) મુંબઈ । તા. 03

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની બીજી સેમિ ફાઈનલમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે સતત ત્રીજી વખત ટક્કર થવા જઈ રહી છે. ગુરુવારે મુંબઈના ઐતિહાસિક વાનખેડે સ્ટેડિયમમાં રમાનાર આ હાઈ-વોલ્ટેજ મુકાબલા અગાઉ ભારતના મહાન ક્રિકેટર સુનીલ ગાવસ્કરે ટીમ ઈન્ડિયાને સાવધ કરી છે. ગાવસ્કરના મતે સાતમા નંબરે બેટિંગ કરવા આવતો ઈંગ્લેન્ડનો વિલ જેક્સ ભારત માટે મોટો પડકાર સાબિત થઈ શકે છે.

વિલ જેક્સ અત્યારે તેના કરિયરના સર્વશ્રેષ્ઠ ફોર્મમાં છે. ચાલુ વર્લ્ડ કપમાં તેણે અત્યાર સુધીમાં ૪ વખત 'પ્લેયર ઓફ ધ મેચ'નો એવોર્ડ જીતીને ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર શેન વોટસનના વિક્રમની બરાબરી કરી છે. મીડિયા અહેવાલ મુજબ, જેક્સે ૭ ઈનિંગ્સમાં ૬૩ની સરેરાશ અને ૧૭૬ના વિસ્ફોટક સ્ટ્રાઈક રેટથી ૧૯૧ રન બનાવ્યા છે. ગાવસ્કરે તેની સરખામણી ભારતના શિવમ દુબે સાથે કરતા જણાવ્યું હતું કે, જે રીતે દુબે દબાણના સમયે બાઉન્ડ્રી ફટકારે છે, તેવું જ કામ જેક્સ ઈંગ્લેન્ડ માટે નીચલા ક્રમે કરી રહ્યો છે.

માત્ર બેટિંગ જ નહીં, પરંતુ જેક્સે પોતાની ઓફ-સ્પિન બોલિંગથી પણ ૭ વિકેટ ઝડપી છે. ગાવસ્કરે ચેતવણી આપી છે કે જો વાનખેડેની પિચ પર થોડો પણ ટર્ન મળશે, તો તે ભારતીય બેટરો માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. સુનીલ ગાવસ્કરે કહ્યું, "સૂર્યકુમાર યાદવ, સંજૂ સેમસન અને હાર્દિક પંડ્યા તેને કેવી રીતે રમે છે તે મેચનું મહત્વનું પાસું હશે. ભારતીય જમણેરી બેટ્સમેનોએ તેની સામે વધુ સાવધાનીપૂર્વક બેટિંગ કરવી પડશે." જોકે, તેમણે એમ પણ ઉમેર્યું કે અભિષેક શર્મા અને તિલક વર્મા જેવા ડાબેરી બેટ્સમેનો સામે તે કદાચ એટલો અસરકારક સાબિત ન થાય.

ક્રિકેટ વિશ્લેષણની સાથે ગાવસ્કર સામાજિક કાર્યોમાં પણ વ્યસ્ત છે. તેઓ મુંબઈમાં શુક્રવારે એક ચેરિટી ગોલ્ફ ઈવેન્ટનું આયોજન કરી રહ્યા છે.

ચેમ્પિયન // ટ્રિગર ટેક્ટિશિયન ચેમ્પિયન બનીને ઈતિહાસ રચ્યો

# શૂટિંગ લીગ ઓફ કર્ણાટક વિજેતા બન્યા ટ્રિગર ટેક્ટિશિયન

(એજન્સી) બ્રસેલ્સ । તા. 03

કર્ણાટકના રમતગમત ઈતિહાસમાં એક નવું સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. તાજેતરમાં સંપન્ન થયેલી 'શૂટિંગ લીગ ઓફ કર્ણાટક'ની પ્રથમ સિઝનમાં અદભૂત નિશાનબાજી અને શ્રેષ્ઠ રણનીતિનું પ્રદર્શન કરતા 'ટ્રિગર ટેક્ટિશિયન'ની ટીમે ચેમ્પિયન બનવાનું બહુમાન મેળવ્યું છે. ૧ માર્ચના રોજ રમાયેલી રોમાંચક ફાઈનલ મેચમાં ટેક્ટિશિયન્સે બેંગલુરુ બ્રિગેડને ૮-૪ થી પરાજય આપીને અજેય વિજેતા તરીકે ટ્રોફી પોતાના નામે કરી છે. આ ટુર્નામેન્ટમાં માત્ર વ્યક્તિગત કૌશલ્ય જ નહીં, પરંતુ ટીમની સામુદાયિક શક્તિ અને વ્યૂહાત્મક ગહનતાનો પણ વિજય થયો છે.




આ લીગનું આયોજન શૂટિંગ લીગ ઓફ ઈન્ડિયા (SLI) ના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું, જેનું માળખું અત્યંત વ્યવસ્થિત હતું. દરેક ટીમમાં ૧૦ મીટર એર રાઈફલના બે શૂટર્સ, ૧૦ મીટર એર પિસ્તોલના બે, ૨૫ મીટર પિસ્તોલના ત્રણ, ટ્રેપ શૂટિંગના બે, સ્કીટ અને ૫૦ મીટર પ્રોન ઈવેન્ટના એક-એક ખેલાડીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ટ્રિગર ટેક્ટિશિયન ટીમની માલિકી કૃતિ, વિવેક પંકજ, મનિકા અને લવલેશ કુમાર ગુપ્તા પાસે છે, જે પોતે પણ સક્રિય સ્પર્ધકો છે. આ મેનેજમેન્ટ અને ખેલાડીઓના અનોખા સંગમથી ટીમમાં આખી સિઝન દરમિયાન જબરદસ્ત તાલમેલ જોવા મળ્યો હતો.

ટ્રિગર ટેક્ટિશિયનની આ જીત પાછળ વિવિધ શ્રેણીઓમાં ખેલાડીઓની સાતત્યપૂર્ણ કામગીરી જવાબદાર રહી છે. ૧૦ મીટર એર રાઈફલમાં આંતરરાષ્ટ્રીય ખેલાડી ડેરિયસ સૌરાષ્ટ્રીએ પાંચમાંથી ત્રણ મેચ જીતીને સૌથી વધુ સ્કોર નોંધાવ્યો હતો, જ્યારે ખેલો ઈન્ડિયાની ખેલાડી સાનિકાએ તેને પૂરતો સાથ આપ્યો હતો. ૧૦ મીટર એર પિસ્તોલમાં એશિયન મેડલિસ્ટ ડેરીન કે ડોન અને શ્વેતા શિવન્નાની જોડીએ ફાઈનલમાં નિર્ણાયક જીત મેળવી હતી. મીડિયા અહેવાલ મુજબ, ૨૫ મીટર પિસ્તોલ કેટેગરીમાં મનિકાએ ૪ જીત અને લવલેશે ૩ જીત મેળવીને ટીમનો પાયો મજબૂત કર્યો હતો. સ્કીટમાં ગિરીશ પુંજાનું પ્રભુત્વ રહ્યું હતું, જેમણે પાંચમાંથી ચાર મેચમાં વિજય મેળવ્યો હતો.

બીજી તરફ, બેંગલુરુ બ્રિગેડની ટીમે પણ આખી ટુર્નામેન્ટમાં પ્રશંસનીય રમત બતાવી હતી. શરૂઆતની હાર બાદ વાપસી કરતા તેમણે ગ્રુપ સ્ટેજની બાકીની તમામ મેચો જીતીને નોકઆઉટમાં પ્રવેશ કર્યો હતો. સેમિફાઈનલમાં તેમણે કેલિબર કેપિટલ્સને ૮-૪ થી હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી હતી. જોકે, ફાઈનલમાં ટ્રિગર ટેક્ટિશિયન સામે તેઓ ટકી શક્યા નહીં અને રનર્સઅપ ટ્રોફીથી સંતોષ માનવો પડ્યો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, બેંગલુરુ બ્રિગેડના ખેલાડીઓએ દબાણ હેઠળ પણ પોતાનો સંયમ જાળવી રાખ્યો હતો, જે પ્રેક્ષકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

બેલ્જિયમ ડ્રેસેજ ઈવેન્ટ્સમાં ભારતીય સ્ટારનો દબદબો

# અનુશ અગ્રવાલાનું શાનદાર ડેબ્યૂ બેલ્જિયમમાં ભારતીય ઘોડેસવારે જીત્યા સૌના દિલ

(એજન્સી) બ્રસેલ્સ । તા. 03

ભારતના સ્ટાર ઘોડેસવાર અનુશ અગ્રવાલાએ પ્રતિષ્ઠિત 'બેલ્જિયમ ડ્રેસેજ ઈવેન્ટ્સ'માં શાનદાર આંતરરાષ્ટ્રીય પદાર્પણ કરીને ભારતનું ગૌરવ વધાર્યું છે. એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય થવાની સફર શરૂ કરતા અનુશ અગ્રવાલાનું શાનદાર ડેબ્યૂ અને સચોટ દેખાવ વિશ્વભરના નિષ્ણાતોનું ધ્યાન ખેંચવામાં સફળ રહ્યો છે. અનુશે તેના બે પ્રશિક્ષિત ઘોડા 'ફ્લોરિયાના' અને 'ફ્લિન' સાથે સ્પર્ધાના બંને દિવસે અત્યંત પરિપક્વતા દર્શાવી હતી.



૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ અનુશે તેની ૮ વર્ષની ઘોડી 'ફ્લોરિયાના' સાથે પ્રથમ વખત મેદાનમાં ઉતરીને ૬૮.૮૫% ના સ્કોર સાથે ચોથું સ્થાન મેળવ્યું હતું. ત્યારબાદ ૧ માર્ચના રોજ તેણે તેના ૧૦ વર્ષના ઘોડા 'ફ્લિન' સાથે અગાઉના દેખાવમાં સુધારો કરતા ૭૦.૩% નો પ્રભાવશાળી સ્કોર હાંસલ કર્યો હતો. આંતરરાષ્ટ્રીય ડેબ્યૂમાં ૭૦% ની મર્યાદા પાર કરવી એ કોઈપણ ખેલાડી માટે મોટી ઉપલબ્ધિ ગણાય છે. મીડિયા અહેવાલ મુજબ, આ સ્પર્ધામાં અન્ય ભારતીય ઘોડેસવાર શ્રુતિ વોરાએ પણ ભાગ લીધો હતો, પરંતુ અનુશનો સ્કોર સૌથી વધુ રહ્યો હતો.

આ સફળતા બાદ અનુશ અગ્રવાલાએ જણાવ્યું હતું કે, "બેલ્જિયમમાં મારું આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ મારા માટે ગૌરવની ક્ષણ છે. અહીં સ્પર્ધાનું સ્તર ખૂબ જ ઊંચું છે, જે આપણને વધુ સજ્જ થવા માટે પ્રેરણા આપે છે. ફ્લોરિયાના અને ફ્લિને મારા પર પૂરો વિશ્વાસ મૂક્યો અને શાનદાર પ્રતિસાદ આપ્યો. એશિયન ગેમ્સને ધ્યાનમાં રાખીને આ એક મહત્વનું પગલું છે." સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, એશિયન ગેમ્સના ક્વોલિફિકેશન માટે હજુ બે તકો બાકી છે,

### મિડલ ઈસ્ટ સંકટ થી સમગ્ર વિશ્વમાં ભારે ચિંતા, હિઝબુલ્લાહના હુમલા સામે ઈઝરાયલી સેનાનું ઓપરેશન

# ઈઝરાયલ લેબેનોન યુદ્ધ ભભૂક્યું, સૈન્ય અંદર ઘૂસ્યું

(એજન્સી) જેરુસલેમ । તા. 03

મધ્ય-પૂર્વ એશિયામાં ફરી એકવાર યુદ્ધના નગારા વાગી રહ્યા છે અને આ વખતે સ્થિતિ કાબૂ બહાર જતી જણાય છે. ઈરાન સાથે ચાલી રહેલા ગંભીર તણાવની વચ્ચે, ઈઝરાયલે એક અત્યંત મોટું અને જોખમી સૈન્ય પગલું ભરતા દક્ષિણ લેબેનોનની અંદર પોતાની મિલિટ્રી ઉતારી દીધી છે. ઈઝરાયલી સંરક્ષણ દળોએ સત્તાવાર રીતે જાહેર કર્યું છે કે તેમના સૈનિકો હવે માત્ર સરહદ પર તૈનાત નથી, પરંતુ તેઓ લેબેનોનની ભૌગોલિક સીમાની અંદર પ્રવેશીને લક્ષિત સૈન્ય કાર્યવાહી કરી રહ્યા છે. આ ઓપરેશનનો મુખ્ય ઉદ્દેશ્ય ઉત્તર ઈઝરાયલના નાગરિકોને હિઝબુલ્લાહના સતત થઈ રહેલા રોકેટ હુમલાઓથી બચાવવાનો અને સરહદ પર સુરક્ષા કવચ મજબૂત કરવાનો છે.

વર્ષ ૨૦૨૪માં થયેલા યુદ્ધવિરામ બાદ ઈઝરાયલી સૈનિકો લેબેનોન સરહદે પાંચ સંવેદનશીલ સ્થળો પર હાજર હતા, પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોતા હવે ત્યાં સૈનિકોની સંખ્યામાં તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. આધુનિક હથિયારો, ટેન્કો અને સુરક્ષાના અદ્યતન સાધનો સાથે ઈઝરાયલની સેના હવે વધુ આક્રમક મૂડમાં છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઈઝરાયલની આ કાર્યવાહી પાછળની મુખ્ય રણનીતિ હિઝબુલ્લાહના લોન્ચિંગ પેડ્સને તોડી પાડવાની છે, જેથી સરહદ પારથી થતી ઘૂસણખોરી અને હુમલાઓને જડબાતોડ જવાબ આપી શકાય. અત્યારે દક્ષિણ લેબેનોનના અનેક વિસ્તારોમાં ઈઝરાયલી મિલિટ્રીના બૂટના અવાજ સંભળાઈ રહ્યા છે, જે ભવિષ્યમાં મોટા યુદ્ધના સંકેત આપી રહ્યા છે.

ઈઝરાયલની આ સૈન્ય કાર્યવાહી સામે લેબેનોનના ઉગ્રવાદી સંગઠન હિઝબુલ્લાહ દ્વારા પણ વળતો પ્રહાર શરૂ કરવામાં આવ્યો છે. બેરૂત સહિતના શહેરો પર થયેલા બોમ્બમારાના જવાબમાં હિઝબુલ્લાહએ ઉત્તર ઈઝરાયલમાં આવેલા મહત્વના મિલિટ્રી એર બેઝને નિશાન બનાવ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ



હુમલામાં આધુનિક ડ્રોન અને લાંબા અંતરના રોકેટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગોલાન હાઈટ્સમાં આવેલા ઈઝરાયલી સૈન્ય મથકો પર પણ સતત રોકેટમારો કરીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. હિઝબુલ્લાહના પ્રવક્તાએ ચેતવણી આપી છે કે જો ઈઝરાયલ લેબેનોનની ધરતી પરથી પીછેહઠ નહીં કરે તો તેઓ વધુ ભયાનક હુમલાઓ કરશે.

ઈઝરાયલની નેતન્યાહૂ સરકાર હાલમાં કોઈપણ ભોગે પીછેહઠ કરવા તૈયાર નથી. સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જ્યાં સુધી ઉત્તર ઈઝરાયલના રહેવાસીઓ સંપૂર્ણ સુરક્ષિત નહીં થાય ત્યાં સુધી આ મિલિટ્રી ઓપરેશન ચાલુ રહેશે. જોકે, આશ્ચર્યની વાત એ છે કે આટલા ગંભીર તણાવ છતાં હજુ સુધી સ્થાનિક નાગરિકોને મોટા પાયે સ્થળાંતર કરવાની કોઈ સત્તાવાર સૂચના આપવામાં આવી નથી. પરંતુ, સંભવિત હુમલાના જોખમને ધ્યાનમાં રાખીને સમગ્ર ઈઝરાયલમાં 'હાઈ એલર્ટ' જાહેર કરી દેવામાં આવ્યું છે. સુરક્ષા એજન્સીઓ સતત પરિસ્થિતિ પર નજર રાખી રહી છે અને સરહદી ગામડાઓમાં બંકરોને સજ્જ કરી દેવામાં આવ્યા છે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનો છૂપો જંગ હવે સીધો લેબેનોનના મેદાનમાં આવી ગયો છે. ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ અને ઈઝરાયલ વચ્ચેની આ ટક્કરથી સમગ્ર મધ્ય-પૂર્વમાં અરાજકતાનો માહોલ છે.

### મધ્ય પૂર્વમાં ભીષણ યુદ્ધ ફાટી નીકળતા

# ખાડી દેશોમાં ફસાયેલા એક કરોડ ભારતીયો જોખમમાં

(એજન્સી) તેહરાન । તા. 03

મધ્ય પૂર્વમાં સ્થિતિ અત્યંત સ્ફોટક બની છે અને ઈરાન દ્વારા કરવામાં આવેલા વળતા પ્રહારોને કારણે સમગ્ર ખાડી વિસ્તાર યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગયો છે. અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ ઈરાને પડોશી દેશો પર મિસાઈલ અને ડ્રોન હુમલા તેજ કર્યા છે, જેને પગલે ત્યાં વસતા આશરે એક કરોડ ભારતીયોના માથે મોટું જોખમ તોળાઈ રહ્યું છે. ખાસ કરીને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ), સાઉદી અરેબિયા અને કતાર જેવા દેશોમાં વસતા ભારતીય સમુદાયમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ઈરાને અમેરિકાના સૈન્ય મથકોને નિશાન બનાવવાના બહાને આસપાસના ૧૦ થી વધુ દેશો પર આક્રમણ કર્યું છે. પર્યટન માટે જાણીતા દુબઈ જેવા શહેરો પર પણ મિસાઈલો ત્રાટકી છે. યુએઈમાં વસતીના ૩૫ ટકા એટલે કે ૪૩ લાખ ભારતીયો વસે છે. આ ઉપરાંત સાઉદીમાં ૨૭ લાખ, કુવૈતમાં ૧૦ લાખ અને કતારમાં ૮ લાખ ભારતીયો અત્યારે યુદ્ધની સીધી અસરમાં છે. જો આ સંઘર્ષ લાંબો ચાલશે તો ત્યાં રોજગારી અર્થે ગયેલા લાખો લોકોની આર્થિક સ્થિતિ પણ ડામાડોળ થઈ શકે છે. ભારતીયોની સુરક્ષા અંગે ચિંતા જણાતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાત્કાલિક ધોરણે યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી.

## ન્યૂઝ બ્રીફ

### મધ્ય પૂર્વ છોડવા ફરમાન ભીષણ યુદ્ધ લાંબુ ખેંચાવાના ડરથી નાગરિકોમાં ફફડાટ



વોશિંગ્ટન | મધ્ય પૂર્વમાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ફાટી નીકળેલું સંઘર્ષ હવે વિશ્વ યુદ્ધ જેવી ભયાનક સ્થિતિ તરફ આગળ વધી રહ્યું છે. અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત હુમલા બાદ ઈરાન દ્વારા કરવામાં આવેલા વળતા પ્રહારોને ગંભીરતાથી લેતા, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે તેના નાગરિકો માટે અત્યંત કડક સૂચના જારી કરી છે. અમેરિકાએ સાઉદી અરેબિયા અને યુએઈ સહિતના ડઝનથી વધુ દેશોમાંથી તેના નાગરિકોને તાત્કાલિક અસરથી સ્વદેશ પરત ફરવા અથવા સુરક્ષિત સ્થળે ખસી જવા આદેશ આપ્યો છે. અમેરિકાએ જારી કરેલી નવીનતમ એડવાઈઝરીમાં બહેરીન, ઈજિપ્ત, ઈરાન, ઈરાક, જોર્ડન, કુવૈત, ઓમાન, કતાર અને સાઉદી અરેબિયા જેવા દેશોનો સમાવેશ થાય છે.

### નેપાળમાં લોકશાહીનું મહાપર્વ શરૂ મતદાન માટે કાઠમંડુ છોડી લાખો લોકો વતનની વાટે

કાઠમંડુ | હિમાલયના ખોળે વસેલા નેપાળમાં આગામી ગુરુવારે યોજાનારી ઐતિહાસિક સામાન્ય ચૂંટણી માટેની તૈયારીઓ તેના અંતિમ ચરણમાં પહોંચી છે. રાજધાની કાઠમંડુ અત્યારે જાણે ખાલી થઈ રહી હોય તેવા દ્રશ્યો સર્જાયા છે, કારણ કે હજારોની સંખ્યામાં મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે વતનની વાટે રવાના થયા છે. ગયા સપ્ટેમ્બરમાં થયેલા જનરેશન-ઝેડ (Gen-Z) આંદોલન બાદ આ પ્રથમ ચૂંટણી હોવાથી યુવા મતદારોમાં પરિવર્તનની ભારે આશા સેવાઈ રહી છે. ટ્રાફિક પોલીસના સત્તાવાર આંકડા મુજબ, અત્યાર સુધીમાં ૩ લાખથી વધુ લોકો સડક માર્ગે કાઠમંડુ છોડીને પોતપોતાના જિલ્લાઓમાં જવા રવાના થયા છે. બુધવાર સુધીમાં આ સંખ્યા બમણી થવાની સંભાવના છે. કોટેશ્વર બસ પાર્ક જેવા વિસ્તારોમાં મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે.

### ટેક્સાસમાં અંધાધૂંધ ફાયરિંગમાં ભારતીય મૂળની તેજસ્વી વિદ્યાર્થિનીનું કરુણ મોત



ટેક્સાસ | અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં રવિવારની રાત્રિ લોહીયાળ બની હતી. ઓસ્ટિનના એક લોકપ્રિય બારની બહાર થયેલા ભીષણ ગોળીબારમાં ભારતીય મૂળની ૨૧ વર્ષીય તેજસ્વી વિદ્યાર્થિની સવિતા શાન સહિત બે લોકોના મોત થયા છે, જ્યારે ૧૪ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનાને પગલે સમગ્ર ટેક્સાસમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હુમલાખોરને પોલીસે વળતા જવાબમાં ઠાર માર્યો છે, પરંતુ તપાસ દરમિયાન આ ઘટનામાં આતંકવાદી કનેક્શન હોવાના સંકેતો મળી રહ્યા છે. સવિતા શાન યુનિવર્સિટી ઓફ ટેક્સાસની મેકકોમ્સ સ્કૂલ ઓફ બિઝનેસમાં અંતિમ વર્ષની વિદ્યાર્થિની હતી અને આ મે મહિનામાં તે સ્નાતક થવાની હતી.

### ઈઝરાયલ હાઈટેક હુમલો કરી તેહરાનમાં મચાવ્યો હાહાકાર

# તેહરાન જાસૂસીકાંડ ખામેનેઈના મોત પાછળ મોસાદનો હાથ, મોસાદનો માસ્ટર પ્લાન અને એઆઈ ક્રાંતિ

(એજન્સી) તેહરાન । તા. 03

ઈરાનના પાટનગર તેહરાનમાંથી એક એવો ચોંકાવનારો ખુલાસો થયો છે જેણે સમગ્ર વિશ્વની ગુપ્તચર એજન્સીઓને સ્તબ્ધ કરી દીધી છે. ઈઝરાયલની જાસૂસી સંસ્થા મોસાદે તેહરાનના જ ટ્રાફિક કેમેરા અને મોબાઈલ નેટવર્કનો ઉપયોગ કરીને ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈની જાસૂસી કરી હોવાની વિગતો બહાર આવી છે. આ હાઈ-ટેક જાસૂસી અભિયાન એટલું સચોટ હતું કે ઈઝરાયલી અધિકારીઓ પાસે ખામેનેઈના રહેઠાણ, તેમના કામના સ્થળ અને તેમની પળેપળની હિલચાલની સચોટ માહિતી ઉપલબ્ધ હતી. ઈરાને જે કેમેરા પોતાના નાગરિકો પર નજર રાખવા લગાવ્યા હતા, તે જ કેમેરા આજે તેમના સર્વોચ્ચ નેતાના મોતનું કારણ બન્યા છે.

મોસાદના એન્જિનિયરોએ તેહરાન મ્યુનિસિપાલિટીના સર્વરને હેક કરીને શહેરના ખૂણે ખૂણે લાગેલા સુરક્ષા કેમેરાનો એક્સેસ મેળવી લીધો હતો. ખાસ કરીને તેહરાનની અત્યંત સુરક્ષિત ગણાતી 'પાશ્ચર સ્ટ્રીટ', જ્યાં ઈરાનના ટોચના નેતાઓના નિવાસસ્થાન છે, ત્યાંના કેમેરાના વીડિયો સિગ્નલ સીધા ઈઝરાયલના સર્વર પર મોકલવામાં આવતા હતા. જટિલ એન્ક્રિપ્શન અલ્ગોરિધમ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની મદદથી આ હજારો કલાકના ફૂટેજનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ ટેકનોલોજી દ્વારા ખામેનેઈના બોડીગાર્ડ્સની શિફ્ટ બદલાવાનો સમય અને તેમની સુરક્ષા વ્યવસ્થાની નબળી કડીઓ શોધી કાઢવામાં આવી હતી.

વિરોધાભાસ એ વાતનો છે કે ઈરાન સરકારે આ હાઈ-ટેક સર્વેલન્સ સિસ્ટમ દેશમાં થતા વિરોધ પ્રદર્શનોને દબાવવા અને સામાન્ય જનતા પર નજર રાખવા માટે કરોડોના ખર્ચે વિકસાવી હતી. જોકે, ઈઝરાયલ અને અમેરિકાની એજન્સીઓએ આ જ માળખાગત સુવિધાને ઈરાની શાસન વિરુદ્ધ હથિયાર બનાવી દીધી. મીડિયા અહેવાલ અનુસાર,



મોસાદે ખામેનેઈની સુરક્ષા ટીમની 'પેટર્ન ઓફ લાઈફ' એટલે કે તેમની રોજિંદી આદતોનો સંપૂર્ણ ડેટાબેઝ તૈયાર કરી લીધો હતો. તેઓ કયા રસ્તેથી પસાર થશે અને કયા સમયે ક્યાં રોકાશે, તેની જાણકારી હુમલાખોરો પાસે અગાઉથી જ હતી.

જ્યારે હુમલાનો અંતિમ તબક્કો શરૂ થયો, ત્યારે ઈઝરાયલે માત્ર ભૌતિક હુમલો જ નહીં પરંતુ સાયબર હુમલો પણ કર્યો હતો. ઓપરેશન શરૂ થતાંની સાથે જ તેહરાનના ચોક્કસ વિસ્તારોના મોબાઈલ ટાવર હેક કરીને બંધ કરી દેવામાં આવ્યા હતા. આ વ્યૂહરચના પાછળનો હેતુ ખામેનેઈની સુરક્ષામાં તૈનાત કમાન્ડો અને ગાર્ડ્સ વચ્ચેના સંપર્કને સંપૂર્ણપણે તોડી નાખવાનો હતો. સંચાર વ્યવસ્થા ઠપ થઈ જવાથી ઈરાની સુરક્ષા દળો એકબીજાને ચેતવણી આપી શક્યા નહીં અને મોસાદે પોતાના ટાર્ગેટને અત્યંત ચોકસાઈપૂર્વક નિશાન બનાવ્યો. આ જ રીતે જનરલ કાસિમ સુલેમાનીના કિસ્સામાં પણ ઈઝરાયલે ડિજિટલ ફૂટપ્રિન્ટ્સનો ઉપયોગ કર્યો હોવાનું માનવામાં આવે છે.

આ સમગ્ર માસ્ટર પ્લાનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ભૂમિકા સૌથી મહત્વની રહી છે. મોસાદે ફેશિયલ રેકગ્નિશન સોફ્ટવેરનો ઉપયોગ કરીને તેહરાનના ટ્રાફિકમાં છુપાયેલા ખામેનેઈના વાહનોના કાફલાને ઓળખી કાઢ્યો હતો.

### ઈરાનમાં રહસ્યમય ભૂકંપ શું યુદ્ધ વચ્ચે તેહરાને કર્યું ગુપ્ત ન્યુક્લિયર ટેસ્ટિંગ

તેહરાન | મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ વચ્ચે એક અત્યંત ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અમેરિકામાં ભૂકંપના આંચકા અનુભવાયા બાદ હવે ઈરાનના ગેરાશ વિસ્તારમાં ૪.૩ ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો છે. જોકે, આ ઘટના કુદરતી છે કે ઈરાન દ્વારા કરવામાં આવેલું કોઈ ગુપ્ત પરમાણુ પરીક્ષણ, તેને લઈને વૈશ્વિક સ્તરે અનેક તર્ક-વિતર્ક શરૂ થઈ ગયા છે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકન જિયોલોજિકલ સર્વે (USGS) એ પુષ્ટિ કરી છે કે આ ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનથી માત્ર ૧૦ કિલોમીટર ઊંડે હતું. ઈરાન ભૌગોલિક રીતે અત્યંત સક્રિય માનવામાં આવે છે, કારણ કે અહીં અરેબિયન અને યુરેશિયન પ્લેટ્સની ટક્કરથી 'જાગ્રોસ ફોલ્ટ થ્રસ્ટ બેલ્ટ' બનેલો છે. ગેરાશ શહેર પણ આ જ પટ્ટામાં આવેલું છે, જ્યાં સામાન્ય રીતે ભૂકંપ આવતા રહે છે. પરંતુ, અત્યારે જ્યારે ઈઝરાયેલ અને અમેરિકા સાથે સીધું યુદ્ધ ચાલી રહ્યું છે, ત્યારે આ ભૂકંપને સંરક્ષણ નિષ્ણાતો શંકાની નજરે જોઈ રહ્યા છે. એવી પ્રબળ આશંકા સેવવામાં આવી રહી છે કે ઈરાને પોતાની પરમાણુ શક્તિનું પ્રદર્શન કરવા માટે કોઈ ભૂગર્ભ ન્યુક્લિયર ટેસ્ટિંગ કર્યું હોઈ શકે છે. બીજી તરફ, અમેરિકાના નેવાડા વિસ્તારમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. ખાસ કરીને નેવાડાની એ ન્યુક્લિયર ટેસ્ટિંગ સાઈટ જે 'એરિયા ૫૨' તરીકે ઓળખાય છે, ત્યાં ૨.૫ થી વધુ તીવ્રતાના ૧૬ જેટલા મધ્યમ આંચકા નોંધાયા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ બંને ઘટનાઓ વચ્ચે કોઈ કનેક્શન હોઈ શકે છે. 'નેવાડા ટેસ્ટ એન્ડ ટ્રેનિંગ રેન્જ' (NTTR) જેવા સંવેદનશીલ વિસ્તારોમાં ભૂકંપ આવવો એ અમેરિકા દ્વારા પણ કોઈ ગુપ્ત ટ્રાયલ કરવામાં આવતી હોવાના સંકેત આપે છે. યુદ્ધના માહોલમાં ધરતીના પેટાળમાં થઈ રહેલી આ હલચલથી વિશ્વ આખું ફફડી રહ્યું છે. જો આ ભૂકંપ ખરેખર પરમાણુ પરીક્ષણના પરિણામે હોય, તો મધ્ય પૂર્વમાં વિનાશક પરમાણુ યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે.

## મેલાનિયા ટ્રમ્પ અધ્યક્ષસ્થાને ઈતિહાસમાં પ્રથમવાર રાષ્ટ્રપ્રમુખના પત્નીએ સભા ગજવી

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 03

એક અભૂતપૂર્વ રાજદ્વારી ઘટનાક્રમમાં અમેરિકાના ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પે સોમવારે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ની બેઠકનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું. વિશ્વના ઈતિહાસમાં આ પ્રથમ પ્રસંગ છે જ્યારે કોઈ દેશના શાસકના પત્નીએ ૧૫ સભ્યોની આ શક્તિશાળી પરિષદની બેઠકની અધ્યક્ષતા કરી હોય. મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈઝરાયેલની સૈન્ય કાર્યવાહી ચાલુ છે, તેવા સમયે મેલાનિયા ટ્રમ્પે શિક્ષણ, ટેકનોલોજી અને શાંતિના વિષય પર સુરક્ષા પરિષદને સંબોધિત કરી હતી.

વ્હાઈટ હાઉસના અહેવાલ મુજબ, મેલાનિયા ટ્રમ્પે પરિષદના સભ્યોને અત્યંત સ્પષ્ટ સંદેશ આપતા જણાવ્યું હતું કે, "શાંતિ નાજુક હોવી જરૂરી નથી." તેમણે આજના આધુનિક યુગને 'કલ્પનાનો યુગ' ગણાવતા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને નવી ટેકનોલોજીનો




ઉપયોગ શિક્ષણના ફેલાવા માટે કરવા પર ભાર મૂક્યો હતો. ફર્સ્ટ લેડીએ જણાવ્યું કે જ્યારે જ્ઞાન અને સમજણનું મૂલ્ય તમામ સમાજોમાં સન્માનિત થશે, ત્યારે જ ટકાઉ શાંતિ સ્થાપી શકાશે. એકતરફ મેલાનિયા ટ્રમ્પ શાંતિની વાતો કરી રહ્યા હતા, તો બીજી તરફ ઈરાને તેને 'દંભી' ગણાવીને વિરોધ વ્યક્ત કર્યો હતો.

## ઈન્ડોનેશિયામાં શક્તિશાળી ભૂકંપ રિક્ટર સ્કેલ પર ૬.૨ ની તીવ્રતાથી ધરા ધ્રૂજી

જકાર્તા | કુદરતી આપત્તિઓના ગઢ ગણાતા ઈન્ડોનેશિયામાં મંગળવારે સવારે ભૂકંપનો અત્યંત શક્તિશાળી આંચકો અનુભવાયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૨ નોંધાઈ છે. આ આંચકો ભારતીય સમય અનુસાર સવારે ૧૦:૨૬ વાગ્યે અનુભવાયો હતો, જેનું કેન્દ્રબિંદુ જમીનથી ૨૦ કિલોમીટરની ઊંડાઈએ સ્થિત હતું. આ શક્તિશાળી આંચકાને કારણે ઈમારતો ધ્રૂજી ઉઠી હતી અને ભયભીત લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ઈન્ડોનેશિયા વિશ્વના સૌથી સંવેદનશીલ ગણાતા 'પેસિફિક રિંગ ઓફ ફાયર' પર આવેલું છે. અહીં ત્રણ મુખ્ય ટેક્ટોનિક પ્લેટ્સ-પેસિફિક, યુરેશિયન અને ઓસ્ટ્રેલિયન પ્લેટ્સ-એકબીજા સાથે સતત ટકરાતી રહે છે.

## વૈશ્વિક હવાઈ મુસાફરીમાં અંધાધૂંધી મધ્ય પૂર્વના યુદ્ધના કારણે સતત ત્રીજા દિવસે ફ્લાઈટો ઠપ

### ૩૦૦થી વધુ ફ્લાઈટો રદ થતા હાહાકાર

(એજન્સી) લંડન । તા. 03

અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર સતત કરવામાં આવી રહેલા બોંબમારાને પગલે મધ્ય પૂર્વની સ્થિતિ અત્યંત ગંભીર બની છે. આ યુદ્ધની સીધી અસર આકાશી માર્ગો પર જોવા મળી રહી છે, જેના કારણે સતત ત્રીજા દિવસે વૈશ્વિક હવાઈ મુસાફરીમાં અંધાધૂંધી સર્જાઈ છે. મધ્ય પૂર્વના દેશોમાં ઈરાનના વળતા હુમલાઓને કારણે મોટાભાગના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યા છે, પરિણામે હજારો પ્રવાસીઓ રઝળી પડ્યા છે.

દુબઈ, અબુ ધાબી અને દોહા જેવા વિશ્વના સૌથી વ્યસ્ત ગણાતા એરપોર્ટ સળંગ બીજા દિવસે બંધ રહેતા યુરોપ અને આફ્રિકા જતી કનેક્ટિંગ ફ્લાઈટો ખોરવાઈ છે. જોકે, સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ દુબઈ એરપોર્ટ પર મર્યાદિત સંખ્યામાં ફ્લાઈટો શરૂ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે, પરંતુ પરિસ્થિતિ હજુ પણ તણાવપૂર્ણ છે. આ સંકટમાં ૩૦,૦૦૦ જેટલા જર્મન પ્રવાસીઓ અને ઉમરાહ માટે ગયેલા ૫૮,૦૦૦થી વધુ ઈન્ડોનેશિયન નાગરિકો સૌદી અરેબિયામાં ફસાયા છે. જેઓ અત્યારે સ્વદેશ પરત ફરવા માટે વલખાં મારી રહ્યા છે. ભારતની વાત કરીએ તો, ખાડી દેશોની ફ્લાઈટો બંધ હોવાને કારણે દેશની અગ્રણી એરલાઈન્સોએ ૩૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો રદ કરવાની ફરજ પડી છે. મીડિયા અહેવાલ મુજબ, ઈન્ડિગોએ સૌથી વધુ ૧૬૩ ફ્લાઈટો રદ કરી છે, જ્યારે એર ઈન્ડિયા ગ્રુપે ૧૧૦ અને સ્પાઈસજેટે ૨૦ ફ્લાઈટો સ્થગિત કરી છે. આ કારણે ભારતના મુખ્ય એરપોર્ટ પર મુસાફરોનો ભારે ધસારો અને અફરાતફરી જોવા મળી રહી છે.

**યુદ્ધ** | ડૂરન્ડ લાઈન તણાવ થી સરહદ પર લોહીની નદીઓ વહી, તાલિબાનના ડ્રોન હુમલા થી પાકિસ્તાની સૈન્યમાં ફફડાટ

# પાકિસ્તાન અફઘાનિસ્તાન યુદ્ધ ભભૂક્યું તાલિબાને 8 ચોકીઓ આંચકી

(એજન્સી) કાબુલ/ઈસ્લામાબાદ । તા. 03

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષની વચ્ચે હવે ભારતની પાડોશમાં પણ સ્થિતિ અત્યંત સ્ફોટક બની છે. અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે વર્ષોથી ચાલી રહેલી ખટપટ હવે ખુલ્લા યુદ્ધમાં ફેરવાઈ ગઈ છે. અફઘાનિસ્તાનની તાલિબાન સેનાએ પાકિસ્તાની સૈન્યને જોરદાર લપડાક આપતા વિવાદાસ્પદ ડૂરન્ડ લાઈન પર આવેલી પાકિસ્તાન મિલિટ્રીની ૮ મહત્વની સુરક્ષા ચોકીઓ પર પોતાનો કબજો જમાવી લીધો છે. આ કાર્યવાહી બાદ બંને દેશો વચ્ચેની સરહદ હવે યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગઈ છે, જ્યાં ટેન્કો અને તોપોના ગડગડાટ સંભળાઈ રહ્યા છે.

અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે કંધાર પ્રાંતના સ્પિન બોલ્ડક અને શોરાબક જિલ્લામાં પાકિસ્તાની ચોકીઓ હવે તાલિબાનના નિયંત્રણમાં છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ઓપરેશનમાં તાલિબાને પાકિસ્તાની સૈન્યને ભારે નુકસાન પહોંચાડ્યું છે. કંધારમાં ૫, ખોસ્તમાં ૨ અને ઝાબુલમાં ૧ પોસ્ટ સહિત કુલ ૮ સૈન્ય મથકો હવે અફઘાન લડાયકોના હાથમાં છે. પાકિસ્તાની સૈનિકોએ પોતાની ચોકીઓ છોડીને ભાગવું પડ્યું હોવાના અહેવાલો પણ પ્રાપ્ત થઈ રહ્યા છે, જે પાકિસ્તાની સેનાની નબળાઈ છતી કરે છે.

### રાવલપિંડી પર આત્મઘાતી ડ્રોન હુમલા અને એર બેઝને નુકસાન

યુદ્ધની જ્વાળાઓ હવે સરહદથી આગળ વધીને પાકિસ્તાનના સૈન્ય મુખ્ય મથક રાવલપિંડી સુધી પહોંચી ગઈ છે. તાલિબાન સેનાએ આધુનિક હથિયારોથી સજ્જ ડ્રોન દ્વારા રાવલપિંડીના 'નૂર ખાન એર બેઝ' પર સીધો હુમલો કર્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આ હુમલામાં પાકિસ્તાનના કમાન્ડ



અને કંટ્રોલ સેન્ટરને નિશાન બનાવવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, મે ૨૦૨૫માં ભારત સાથેની લડાઈ બાદ આ એર બેઝ પર હજુ તો રિપેરિંગ કામ ચાલી રહ્યું હતું, ત્યાં આ નવા હુમલાએ પાકિસ્તાની એરફોર્સની કમર તોડી નાખી છે. રાવલપિંડી જેવા સુરક્ષિત ગણાતા વિસ્તારમાં આ હુમલો થવો તે પાકિસ્તાન માટે સુરક્ષામાં મોટી ક્ષતિ સમાન છે.

આ સંઘર્ષમાં અફઘાનિસ્તાને વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે. પૂર્વ અફઘાનિસ્તાનના જલાલાબાદ શહેરમાં આકાશમાં ઉડતા એક પાકિસ્તાની ફાઈટર જેટને તાલિબાનના એન્ટી-એરક્રાફ્ટ ગન દ્વારા તોડી પાડવામાં આવ્યું છે. વિમાન તૂટી પડતા પહેલા પાયલટ પેરાશૂટની મદદથી નીચે ઉતર્યો હતો, પરંતુ સ્થાનિક લોકો અને તાલિબાન સત્તાવાળાઓએ તેને જીવતો પકડી પાડ્યો છે. હાલ આ પાયલટ તાલિબાનની કસ્ટડીમાં છે, જે પાકિસ્તાન માટે આંતરરાષ્ટ્રીય સ્તરે શરમજનક સ્થિતિ પેદા કરી રહ્યું છે. પાકિસ્તાને અગાઉ કાબુલ અને કંધારમાં કરેલી એરસ્ટ્રાઈકનો આ એક વળતો અને સચોટ પ્રહાર માનવામાં આવે છે. અફઘાનિસ્તાનની વાયુસેનાએ પણ આ યુદ્ધમાં ઝંપલાવ્યું છે. ક્વેટામાં આવેલી ૧૨મી ડિવિઝન હેડક્વાર્ટર અને ખૈબર પખ્તુનખ્વાના મોહમંદ એજન્સીમાં આવેલા ખ્વાજાઈ કેમ્પ પર તાલિબાને હવાઈ હુમલા કર્યા હોવાનો દાવો કર્યો છે. મીડિયા અહેવાલ દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આ હવાઈ હુમલાઓમાં પાકિસ્તાની સેનાના અનેક જવાનોના મોત થયા છે અને મોટા પ્રમાણમાં દારૂગોળો નાશ પામ્યો છે. અફઘાનિસ્તાન હવે પાકિસ્તાનની અંદર ઘૂસીને હુમલા કરવાની વ્યૂહનીતિ અપનાવી રહ્યું છે, જેના કારણે સરહદી વિસ્તારોમાં રહેતા લોકોમાં ભારે ગભરાટ ફેલાયો છે.

અગાઉ પાકિસ્તાને કરેલી એરસ્ટ્રાઈકમાં ૧૩૩ તાલિબાન લડાયકો માર્યા ગયા હતા, જેનો બદલો લેવા માટે હવે તાલિબાન આતુર બન્યું છે. ડૂરન્ડ લાઈન પર અત્યારે બંને દેશોની સેનાઓ આમને-સામને છે. નિષ્ણાતોનું માનવું છે કે જો આ સંઘર્ષ જલ્દી નહીં અટકે તો તે દક્ષિણ એશિયાની શાંતિ માટે મોટો ખતરો બની શકે છે. પાકિસ્તાન અત્યારે આંતરિક રાજકીય ખેંચતાણ અને આર્થિક મંદીથી ઘેરાયેલું છે, તેવામાં અફઘાનિસ્તાન સાથેનું આ યુદ્ધ તેના અસ્તિત્વ માટે જોખમ ઊભું કરી શકે છે.

### આયતુલ્લા ખામેનેઈની હત્યા અને ભારતનું મૌન ચિંતાજનક | ઈરાન સંકટ અને વિદેશ નીતિ અંગે વિપક્ષે સરકારને ઘેરી

# સરકાર જવાબદારીમાંથી છટકી રહી છે સોનિયા ગાંધીના આકરા પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી | તા 03

પશ્ચિમ એશિયામાં સર્જાયેલી યુદ્ધ જેવી સ્થિતિ અને ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈની ટાર્ગેટેડ હત્યાના મામલે હવે ભારતીય રાજકારણમાં ગરમાવો આવ્યો છે. કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીએ આ સંવેદનશીલ મુદ્દે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળની સરકારના વલણની આકરી ટીકા કરી છે. સોનિયા ગાંધીએ એક અખબારી લેખ દ્વારા સરકારને આડેહાથ લેતા જણાવ્યું કે, આટલી મોટી આંતરરાષ્ટ્રીય ઘટના પર ભારતનું મૌન કોઈ 'વ્યૂહાત્મક તટસ્થતા' નથી, પરંતુ જવાબદારીમાંથી પીછેહઠ સમાન છે. સોનિયા ગાંધીએ આરોપ મૂક્યો છે કે જ્યારે ઈરાનની સંપ્રભુતાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થયું છે, ત્યારે ભારત સરકારે તેની નિંદા કરવામાં કે સ્પષ્ટ પ્રતિક્રિયા આપવામાં નિષ્ફળતા બતાવી છે. તેમણે નોંધ્યું કે



અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરાયેલા આ હુમલાઓ બાદ પીએમ મોદીએ માત્ર ઈરાનની જવાબી કાર્યવાહીની ટીકા કરી હતી, જે પક્ષપાતી વલણ દર્શાવે છે. મીડિયા અહેવાલ મુજબ, સોનિયા ગાંધીએ આને સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરનું ઉલ્લંઘન ગણાવ્યું છે અને કહ્યું છે કે લોકશાહી દેશે આંતરરાષ્ટ્રીય ધોરણોના રક્ષણ માટે બોલવું જોઈએ.

લેખમાં સોનિયા ગાંધીએ એક મહત્વપૂર્ણ પાસા તરફ ધ્યાન દોરતા લખ્યું છે કે, આ હત્યાના માત્ર 48 કલાક પહેલા જ વડાપ્રધાન મોદી ઈઝરાયલની મુલાકાતેથી પરત ફર્યા હતા અને નેતન્યાહૂ સરકાર પ્રત્યે સમર્થન જાહેર કર્યું હતું. આ વલણને કારણે વિશ્વમાં ખોટો સંકેત જઈ રહ્યો હોવાનું તેમણે જણાવ્યું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, સોનિયા ગાંધીનું માનવું છે કે જ્યારે બ્રિક્સ (BRICS) ના અન્ય ભાગીદાર દેશો સાવચેતીભર્યું અંતર જાળવી રહ્યા છે, ત્યારે ભારતનું એકતરફી વલણ ભારતની વર્ષો જૂની વિદેશ નીતિની ગરિમાને ઠેસ પહોંચાડી શકે છે.

કોંગ્રેસ નેતાએ આ મામલાની ગંભીરતાને જોતા સંસદમાં તાત્કાલિક ચર્ચા કરવાની માંગણી કરી છે. તેમણે કહ્યું કે વિદેશ નીતિ એ રાષ્ટ્રના હિતો સાથે જોડાયેલો વિષય છે અને તેના પર દેશની જનતાને વિશ્વાસમાં લેવી જરૂરી છે. પશ્ચિમ એશિયામાં ભારતના લાખો નાગરિકો વસે છે અને જો આ સંઘર્ષ વધુ ઉગ્ર બનશે તો ભારતની ઉર્જા સુરક્ષા અને આર્થિક હિતો પર પણ માઠી અસર પડશે. સરકારના મૌનને તેમણે 'વ્યૂહાત્મક ભૂલ' તરીકે ગણાવી છે.

સોનિયા ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું કે ભારત હંમેશા ન્યાય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓનો પક્ષધર રહ્યો છે. જો કોઈ દેશના રાષ્ટ્રાધ્યક્ષની ઔપચારિક યુદ્ધની જાહેરાત વગર હત્યા કરવામાં આવે, તો તે વૈશ્વિક સુરક્ષા માટે ખતરો છે. વિપક્ષી નેતાના આ પ્રહારો બાદ હવે જોવાનું એ રહેશે કે સરકાર સંસદમાં આ મુદ્દે શું સ્પષ્ટતા કરે છે. મીડિયા અહેવાલ મુજબ, આ નિવેદનથી આગામી દિવસોમાં વિદેશ નીતિ પર સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચે ઘર્ષણ વધવાના એંધાણ છે.

## ચેન્નાઈને મળી નવી ભેટ: સીએમ સ્ટાલિને ૯ આધુનિક પુસ્તકાલયોનું ઉદ્ઘાટન કર્યું



ચેન્નાઈ: તામિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને મંગળવારે ચેન્નાઈમાં શિક્ષણ અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા માટે ૧૬.૮૭ કરોડના ખર્ચે બનેલા ૯ આધુનિક પુસ્તકાલયો અને 'મુખ્યમંત્રી સર્જનાત્મક કેન્દ્રો' નું ઉદ્ઘાટન કર્યું હતું. આ ઉપરાંત, ગ્રેટર ચેન્નાઈ કોર્પોરેશન દ્વારા ૪.૨૪ કરોડના ખર્ચે નિર્મિત અન્ય એક અત્યાધુનિક લાયબ્રેરી પણ જનતા માટે ખુલ્લી મૂકવામાં આવી હતી. આ પ્રોજેક્ટ્સનો હેતુ યુવાનોને વાંચન અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ માટે શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવાનો છે.ચૂંટણી પૂર્વે રાજ્ય સરકારે લોકકલ્યાણકારી યોજનાઓનો પટારો ખોલ્યો છે. મુખ્યમંત્રીએ જાહેરાત કરી કે સરકાર દ્વારા મહિલાઓ, વૃદ્ધો, વિધવાઓ, દિવ્યાંગો અને ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના ખાતામાં ૨,૦૦૦ રૂપિયાની વધારાની સહાય અને માસિક પેન્શન જમા કરી દેવામાં આવ્યું છે. 'કલાઈગ્નાર મગાલિર ઉરીમાઈ થીટ્ટમ' (KMUT) યોજનાનો વ્યાપ હવે સમાજના નબળા વર્ગો સુધી વિસ્તારવામાં આવ્યો છે. તમિલનાડુ સરકારે નીલગીરી જિલ્લાના ૧૪,૮૭૦ ચાના ખેડૂતો માટે ૮.૫૩ કરોડ રૂપિયાના ફંડની જાહેરાત કરી છે, જે અંતર્ગત લીલી ચા પર કિલો દીઠ ૨ રૂપિયાની વધારાની સહાય અપાશે. આ સાથે જ, એપ્રિલથી જૂન દરમિયાન માછીમારી પરના પ્રતિબંધના સમયગાળા માટે ૧.૬૨ લાખ માછીમાર પરિવારોને કુટુંબ દીઠ ૮,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. સોમવારે જ મુખ્યમંત્રીએ ૨૪૯ કરોડના ખર્ચે તૈયાર થયેલા 'ફિનટેક ટાવર'નું ઉદ્ઘાટન કર્યું હતું, જે રાજ્યમાં આર્થિક ટેકનોલોજી ક્ષેત્રે મોટા રોકાણને આકર્ષશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, ડીએમકે (DMK) સરકાર પોતાના 'દ્રવિડિયન મોડલ' ને મુખ્ય ચૂંટણી મુદ્દો બનાવી રહી છે. શિક્ષણ, ટેકનોલોજી અને સામાજિક ન્યાયના સંતુલન દ્વારા રાજ્યના સર્વાંગી વિકાસનો દાવો કરવામાં આવી રહ્યો છે. વર્ષના પ્રથમ છ મહિનામાં યોજાનારી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ જાહેરાતો અત્યંત મહત્વની માનવામાં આવે છે. જ્યાં એકતરફ ડીએમકે સત્તા જાળવી રાખવા મથામણ કરી રહ્યું છે.

## News Brief

### પવન કલ્યાણ વન્યજીવ સંરક્ષણ અને ગ્રામીણોની સુરક્ષા માટે કટિબદ્ધ

અમરાવતી:આંધ્ર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણે ચિત્તૂર અને પાર્વતીપુરમ મન્યમ જેવા જિલ્લાઓમાં માનવ અને વન્યજીવો વચ્ચેના સંઘર્ષને ઉકેલવા માટે 'પ્રોજેક્ટ હનુમાન' ની ધમાકેદાર શરૂઆત કરી છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય સરહદી ગામડાઓના લોકો, પાક અને પશુધનની સુરક્ષા કરવાની સાથે વન્યજીવોનું પણ સંરક્ષણ સુનિશ્ચિત કરવાનો છે.પ્રોજેક્ટ હનુમાન હેઠળ અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. પવન કલ્યાણે ૧૦૦ જીપીએસ સજ્જ વાહનોને લીલી ઝંડી આપી હતી, જેમાં ૯૩ રેપિડ રિસ્પોન્સ વાહનો અને ૭ વન્યજીવ એમ્બ્યુલન્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, વન્યજીવોની સારવાર અને બચાવ માટે ચાર અત્યાધુનિક 'વાઈલ્ડલાઈફ રેસ્ક્યુ એન્ડ ટ્રીટમેન્ટ સેન્ટર' પણ સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. આ પહેલથી મુશ્કેલીના સમયે વન વિભાગની ટીમ ખૂબ જ ઝડપથી ઘટનાસ્થળે પહોંચી શકશે.રાજ્ય સરકારે વન્યજીવોના હુમલામાં જાન ગુમાવનારા પરિવારો માટે એક્સ-ગ્રેશિયા વળતર ૫ લાખથી વધારીને ૧૦ લાખ રૂપિયા કરી દીધું છે. જ્યારે ઈજાગ્રસ્તોને આપવામાં આવતી સહાય વધારીને ૨ લાખ રૂપિયા કરવામાં આવી છે. પવન કલ્યાણે જણાવ્યું હતું કે, હનુમાન પ્રોજેક્ટનો ધ્યેય સંઘર્ષને 'જવાબદાર સહઅસ્તિત્વ' માં ફેરવવાનો છે. ખાસ કરીને હાથીઓના હુમલા જેવી સંવેદનશીલ ઘટનાઓ અટકાવવા માટે ગામડાઓમાં એઆઈ (AI) આધારિત 'અર્લી વોર્નિંગ સિસ્ટમ' પણ લગાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારે પણ ડિસેમ્બર ૨૦૨૩ માં 'પ્રોજેક્ટ ટાઈગર એન્ડ એલિફન્ટ' હેઠળ વળતરની રકમમાં વધારો કર્યો હતો.

### મલ્લિકાર્જુન ખડગે અને કોંગ્રેસ માટે બેઠક જાળવવી અનિવાર્ય

# ખડગેનું પદ બચાવવા કોંગ્રેસની ઠાકરેને મોટી એક્સચેન્જ ઓફર

(એજન્સી) મુંબઈ | તા 03

મહારાષ્ટ્રના રાજકારણમાં રાજ્યસભાની ખાલી પડનારી બેઠકોએ મહાવિકાસ આઘાડી (MVA) માં ભારે હલચલ મચાવી દીધી છે. કોંગ્રેસ માટે આ માત્ર એક ચૂંટણી નથી, પરંતુ રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખવાનો પ્રતિષ્ઠાનો જંગ બની ગયો છે. રાજ્યસભામાં 'વિરોધ પક્ષના નેતા' (LoP) નું પદ જાળવી રાખવા માટે કોંગ્રેસે હવે ઉદ્ધવ ઠાકરે સામે એક અનોખો 'એક્સચેન્જ પ્રસ્તાવ' મૂક્યો છે. આ આખી રમત મલ્લિકાર્જુન ખડગેની ખુરશી અને ગૃહમાં કોંગ્રેસના દરજ્જાને બચાવવા માટે ગોઠવાઈ રહી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

રાજ્યસભાના નિયમો અત્યંત કડક છે. કોઈપણ પક્ષને વિરોધ પક્ષના નેતાનું પદ ત્યારે જ મળે છે જ્યારે તેની પાસે ગૃહની કુલ સભ્ય સંખ્યાના ઓછામાં ઓછા 10 ટકા એટલે કે 25 સાંસદો હોય. હાલમાં કોંગ્રેસ પાસે 27 સભ્યો છે, પરંતુ આ વર્ષે નિવૃત્ત થઈ રહેલા સાંસદોને કારણે



આ સંખ્યા 25 થી નીચે જવાનો ગંભીર ભય છે. જૂન મહિનામાં મલ્લિકાર્જુન ખડગેનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે, ત્યારે જો પૂરતી બેઠકો ન મળે તો કોંગ્રેસ સત્તાવાર રીતે વિરોધ પક્ષના નેતાનો દરજ્જો ગુમાવી શકે છે.મીડિયા અહેવાલ મુજબ, કોંગ્રેસના પ્રભારી રમેશ ચેન્નીથલાએ ઉદ્ધવ ઠાકરે સાથે સીધી વાતચીત કરી છે. કોંગ્રેસનો પ્રસ્તાવ છે કે જો શિવસેના (UBT) આ રાજ્યસભા બેઠક પર કોંગ્રેસને સમર્થન આપે, તો તેના બદલામાં કોંગ્રેસ વિધાન પરિષદ (MLC) ની પોતાની ખાલી પડનારી બેઠક ઉદ્ધવ ઠાકરેની પાર્ટીને આપવા તૈયાર છે. આ ઓફર પાછળનો હેતુ રાષ્ટ્રીય સ્તરે ઈન્ડિયા ગઠબંધનને મજબૂત બતાવવાનો અને ખડગેનું પદ સુરક્ષિત રાખવાનો છે.મહારાષ્ટ્રમાંથી રજની પાટીલ જેવા કદાવર નેતાનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. આ ઉપરાંત અભિષેક મનુ સિંઘવી અને ફૂલોદેવી નેતામ જેવા દિગ્ગજો પણ નિવૃત્ત થઈ રહ્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, જો કોંગ્રેસ મહારાષ્ટ્રની આ એક બેઠક જીતી લે છે, તો તે ટેકનિકલ રીતે 25 ના જાદુઈ આંકડાની નજીક રહી શકશે. આ જ કારણ છે કે કોંગ્રેસ હાઈકમાન્ડ અત્યારે આ બેઠક માટે કોઈ પણ પ્રકારનું જોખમ લેવા માંગતું નથી.

આ વર્ષે ત્રણ તબક્કામાં રાજ્યસભાની ચૂંટણીઓ યોજાવાની છે. 16 માર્ચ અને 24 જૂનના તબક્કાઓ કોંગ્રેસ માટે નિર્ણાયક સાબિત થશે. હવે બોલ ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારના કોર્ટમાં છે. શું તેઓ કોંગ્રેસની આ કટોકટીમાં સાથ આપીને ખડગેનું પદ બચાવશે કે પછી બેઠકોની વહેંચણીમાં નવા વિવાદો સર્જાશે, તેના પર સૌની નજર છે.

## હોળી પૂર્વે દિલ્હી પોલીસનું ઓપરેશન આઘાત ૪૦૦૦ ની અટકાયત

નવી દિલ્હી:રંગોના પર્વ હોળી દરમિયાન કોઈ અપ્રિય ઘટના ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે દિલ્હી પોલીસે 'ઓપરેશન આઘાત 4.0' (Operation Aaghat 4.0) હાથ ધર્યું છે. ૧ અને ૨ માર્ચ દરમિયાન હાથ ધરવામાં આવેલા આ મેગા સર્ચ ઓપરેશનમાં પોલીસે અંદાજે ૪,૦૦૦ જેટલા શંકાસ્પદ શખ્સોની અટકાયત કરી છે. તહેવારના બહાને ગેરકાયદે પ્રવૃત્તિઓ કરતા બુટલેગરો, નશીલા પદાર્થોના સોદાગરો અને રીઢા ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલી દિલ્હી પોલીસે શાંતિપૂર્ણ હોળીની ખાતરી આપી છે.જોઈન્ટ કમિશનર સંજય કુમાર જૈને મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ ઓપરેશન અત્યંત સફળ રહ્યું છે. પોલીસે ૯૭૫ થી વધુ વ્યક્તિઓની અટકાયતી અટકાયત (Preventive Custody) કરી છે. હોળી પૂર્વે ગુનેગારોને સ્પષ્ટ સંદેશ આપવા માટે આ કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ, નશાખોરો અને હથિયાર રાખતા તત્વો વિરુદ્ધ આર્મ્સ એક્ટ, દિલ્હી એક્સાઈઝ એક્ટ અને અન્ય કડક કલમો હેઠળ ગુના નોંધવામાં આવ્યા છે.

ઓપરેશન દરમિયાન પોલીસે હથિયાર ધારા હેઠળ ૩૩ કેસ નોંધીને ૩૫ અગ્નિશસ્ત્રો અને ૨૩ તીક્ષ્ણ છરીઓ કબજે કરી છે. હોળીમાં ગેરકાયદે દારૂનું વેચાણ રોકવા માટે પોલીસે ૬૦ જેટલા કેસ નોંધી ૧૯,૦૦૦ થી વધુ દારૂના ક્વાર્ટર જપ્ત કર્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, જાહેર સ્થળોએ દારૂ પીનારા ૫૫૦ થી વધુ લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે અને ૪૭૫ થી વધુ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા છે.માત્ર નશાખોરો જ નહીં, પરંતુ ચોરી અને લૂંટફાટ કરનારા તત્વોને પણ પોલીસે છોડ્યા નથી. ઓપરેશન આઘાત હેઠળ પોલીસે ૬ રીઢા ગુનેગારોને ઝડપી પાડી તેમની પાસેથી ચોરીની ૯ મોટરસાઈકલ અને ૨૦ મોબાઈલ ફોન રિકવર કર્યા છે. આ કાર્યવાહીથી તહેવાર ટાણે ભીડભાડ વાળા વિસ્તારોમાં થતી ચોરીની ઘટનાઓ પર અંકુશ આવશે તેવો વિશ્વાસ પોલીસ વિભાગે વ્યક્ત કર્યો છે. દિલ્હી પોલીસના ઉચ્ચ અધિકારીઓએ ખાતરી આપી છે કે રાજધાનીમાં હોળીના દિવસે સુરક્ષાનો ચુસ્ત બંદોબસ્ત રહેશે. જોઈન્ટ કમિશનરે ઉમેર્યું કે, "અમારો હેતુ માત્ર ધરપકડનો નથી, પરંતુ ગુનેગારોમાં ડર પેદા કરવાનો અને સામાન્ય નાગરિકોમાં સુરક્ષાની ભાવના જગાડવાનો છે." મીડિયા અહેવાલ મુજબ, હોળી દરમિયાન દિલ્હીના દરેક ખૂણે પોલીસ તૈનાત રહેશે અને હંગામો કરનારા તત્વો સામે કડક હાથે કામ લેવામાં આવશે.

## ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનેઈની હત્યાના શોકમાં પુંછ સજ્જડ બંધ

પુંછ:ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈની હત્યાના વિરોધમાં અને તેમના પ્રત્યે શોક વ્યક્ત કરવા માટે મંગળવારે જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં સજ્જડ બંધ પાળવામાં આવ્યો હતો. આ વિસ્તારના રહીશોએ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હવાઈ હુમલાની આકરી નિંદા કરી હતી. દુકાનો, વ્યાપારિક સંસ્થાઓ અને અન્ય વ્યાપારી પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે બંધ રહેતા જનજીવન પર તેની વ્યાપક અસર જોવા મળી હતી. ખામેનેઈના નિધન બાદ જમ્મુ-કાશ્મીરના અનેક વિસ્તારોમાં છેલ્લા ત્રણ દિવસથી મોટા પાયે વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. ખાસ કરીને શિયા મુસ્લિમ સમુદાયમાં આ ઘટનાને લઈને ભારે આક્રોશ અને શોકની લાગણી છે. પ્રદર્શનકારીઓએ અમેરિકા અને ઈઝરાયેલ વિરોધી સૂત્રોચ્ચાર કરીને ઈરાન સાથે એકતા દર્શાવી હતી. સ્થિતિને જોતા પુંછ અને આસપાસના વિસ્તારોમાં પોલીસ અને સીઆરપીએફ (CRPF) ની ટુકડીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે.ઈરાની સરકારી મીડિયાના જણાવ્યા અનુસાર, આયતુલ્લા ખામેનેઈના નિધન બાદ ઈરાનમાં ૪૦ દિવસનો જાહેર શોક જાહેર કરવામાં આવ્યો છે. શિયા ઈસ્લામમાં મૃત્યુના ૪૦મા દિવસ (અરબઈન) નું વિશેષ આધ્યાત્મિક મહત્વ છે, જેના કારણે આગામી દિવસોમાં પણ આ પ્રકારના પ્રદર્શનો અને શોક સભાઓ ચાલુ રહેવાની શક્યતા છે.

પશ્ચિમ એશિયામાં સ્થિતિ સતત વણસી રહી છે. ઈરાક, સાઉદી અરેબિયા અને લેબેનોનમાં પણ અનેક હુમલાઓના અહેવાલ છે. ઈરાકના એક સશસ્ત્ર જૂથે ઈરબિલમાં અમેરિકી સૈનિકો રહેતા હોવાની આશંકાવાળી હોટલ પર હુમલાની જવાબદારી સ્વીકારી છે. બીજી તરફ, સાઉદી અરેબિયાના સંરક્ષણ મંત્રાલયે રિયાધ અને અલ-ખર્જ નજીક ૮ ડ્રોન તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો છે. લેબેનોનમાં પણ ઈઝરાયેલી હુમલામાં હિઝબુલ્લાહ સાથે જોડાયેલ બ્રોડકાસ્ટર અલ-મનારના મુખ્યાલયને નિશાન બનાવવામાં આવ્યું હતું.ઈઝરાયેલ સંરક્ષણ દળોએ પુષ્ટિ કરી છે કે લેબેનોનની રાજધાનીમાં કરવામાં આવેલા રાત્રિ હુમલામાં હિઝબુલ્લાહના ઈન્ટેલિજન્સ હેડક્વાર્ટરના વડા હુસૈન મકલદનું મોત થયું છે.

## પશ્ચિમ એશિયાના તણાવ વચ્ચે દુબઈથી ભારતીયોની ઘરવાપસી શરૂ

(એજન્સી) નવી દિલ્હી | તા 03

પશ્ચિમ એશિયામાં વધી રહેલા સંઘર્ષને કારણે આંતરરાષ્ટ્રીય હવાઈ સેવાઓ ખોરવાઈ છે, જેની સીધી અસર ભારતીય પ્રવાસીઓ પર પડી રહી છે. દુબઈમાં એરસ્પેસ આંશિક રીતે ખુલ્યા બાદ, મંગળવારે એર ઈન્ડિયાની ફ્લાઈટ (AI916D) દ્વારા ૧૪૯ મુસાફરો સુરક્ષિત રીતે દિલ્હી પહોંચ્યા હતા. દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરેલા મુસાફરોએ દુબઈમાં ફસાયેલા રહેવા દરમિયાન ભોગવવી પડેલી માનસિક ચિંતા અને વધારાના આર્થિક બોજની વિગતો શેર કરી હતી.નોઈડાથી પ્રવાસી તરીકે દુબઈ ગયેલા એક મુસાફરે જણાવ્યું કે, તેમની પરત ફરવાની તારીખ ૨૮ ફેબ્રુઆરી હતી, પરંતુ અચાનક ફ્લાઈટ્સ રદ થતા તેઓ ત્યાં ફસાઈ ગયા હતા. તેમણે ઉમેર્યું કે, "દુબઈમાં રહેવું ખૂબ મોંઘું છે. વધારાના દિવસોના રોકાણના ખર્ચને કારણે અમારું બજેટ ખોરવાઈ ગયું છે." મુસાફરોએ ભારત સરકારને વિનંતી કરી છે કે ત્યાં ફસાયેલા અન્ય ભારતીય પ્રવાસીઓના રોકાણ અને ખાવા-પીવાના ખર્ચ અંગે યુએઈ સરકાર સાથે વાતચીત કરી મદદ પૂરી પાડવામાં આવે. દિલ્હી પરત ફરેલા પ્રવાસીઓના જણાવ્યા મુજબ, દુબઈમાં પરિસ્થિતિ સામાન્ય છે અને યુએઈ સરકાર પ્રવાસીઓને શક્ય તેટલી મદદ કરી રહી છે. બીજી તરફ, ઓમાનના મસ્કતથી પરત ફરેલા મુસાફરોએ ત્યાં શાંતિ અને સૌહાર્દ હોવાનું જણાવ્યું છે. જોકે, ત્યાં પણ સુરક્ષાના કારણોસર ૨૪ કલાક માટે ફ્લાઈટ્સ સ્થગિત કરવામાં આવી હતી. એર ઈન્ડિયા, ઈન્ડિગો અને ઓમાન એર જેવી કંપનીઓએ હવે ધીમે ધીમે સેવાઓ ફરી શરૂ કરી છે.એર ઈન્ડિયા દ્વારા સોશિયલ મીડિયા પર પુષ્ટિ કરવામાં આવી છે કે AI916D એ દિલ્હી પહોંચનારી પ્રથમ ભારતીય ફ્લાઈટ હતી. ૧૪૯ મુસાફરો અને ૮ ક્રૂ મેમ્બર્સનું એરપોર્ટ પર સ્વાગત કરવામાં આવ્યું હતું. પશ્ચિમ એશિયામાં ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચેના તાજેતરના હવાઈ હુમલાઓને કારણે સમગ્ર ક્ષેત્રની હવાઈ સુરક્ષા જોખમમાં મૂકાઈ હતી, જેના કારણે હજારો ભારતીયો વિદેશમાં ફસાયા હતા. દુબઈ એરપોર્ટ્સે પુષ્ટિ કરી છે કે ૨ માર્ચની સાંજથી કામગીરી મર્યાદિત રીતે ફરી શરૂ થઈ છે. દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ (DXB) અને અલ મકતુમ ઈન્ટરનેશનલ એરપોર્ટ (DWC) પરથી હવે ફ્લાઈટ્સ ઉડાન ભરી રહી છે. સત્તાવાળાઓએ હજુ પણ સાવચેતી રાખવાની સલાહ આપી છે. મુસાફરો ભારત સરકાર અને એરલાઈન્સના માર્ગદર્શન માટે આભાર માની રહ્યા છે, પરંતુ હજુ પણ હજારો લોકો પોતાની વારીની રાહ જોઈ રહ્યા છે.

## તેલંગાણામાં બસ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો: ૧૦ મુસાફરો ઘાયલ

યાદાદ્રી ભુવનગીરી:તેલંગાણાના યાદાદ્રી ભુવનગીરી જિલ્લામાં મંગળવારે સવારે એક માર્ગ અકસ્માત સર્જાયો હતો. આંધ્ર પ્રદેશથી હૈદરાબાદ જઈ રહેલી આંધ્ર પ્રદેશ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (APSRTC) ની બસ દાંદુમૈલારામ પાસે એક ટ્રક સાથે અથડાતા અંદાજે ૧૦ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. પોલીસના જણાવ્યા મુજબ, અકસ્માત સમયે બસમાં ૩૬ મુસાફરો સવાર હતા, જેમાંથી મોટાભાગના લોકોનો આબાદ બચાવ થયો છે.ચૌટુપ્પલ પોલીસ સ્ટેશનની હદમાં આ ઘટના બની હતી. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, અકસ્માતની માહિતી મળતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ઈજાગ્રસ્ત મુસાફરોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે, કોઈ જાનહાનિના અહેવાલ નથી, પરંતુ બસના આગળના ભાગને મોટું નુકસાન પહોંચ્યું છે.માર્ગ અકસ્માતની અન્ય એક કરુણ ઘટનામાં, ૧ માર્ચના રોજ આંધ્ર પ્રદેશના અનંતપુર જિલ્લામાં આરટીસી બસ અને ટેક્સી કાર વચ્ચે થયેલી ટક્કરમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા હતા. કલ્યાણદુર્ગથી રાયદુર્ગ જતી બસ અને કાર વચ્ચે ગોબનપલ્લી પાસે ટક્કર થઈ હતી. મૃતકો કર્ણાટકના રહેવાસી હોવાનું ઓળખાયું છે. કાર એટલી હદે ક્ષતિગ્રસ્ત થઈ હતી કે મૃતદેહોને બહાર કાઢવા માટે પોલીસે ભારે જહેમત ઉઠાવવી પડી હતી.યાદાદ્રી ભુવનગીરીમાં થયેલા અકસ્માત અંગે પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

## કોંગ્રેસ સાંસદ ઈમરાન મસૂદે ખમેનેઈના ભારતીય પ્રતિનિધિ સાથે મુલાકાત કરી

નવી દિલ્હી: ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખમેનેઈની હત્યા બાદ પેદા થયેલા રાજકીય ગરમાવા વચ્ચે કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદે મંગળવારે ભારતમાં ખમેનેઈના પ્રતિનિધિ અબ્દુલ મજિદ હકીમ ઈલાહી સાથે મુલાકાત કરી હતી. મસૂદે ખમેનેઈના નિધનને એક 'દુઃખદ ઘટના' ગણાવી હતી અને ભારતના ઈરાન સાથેના સદીઓ જૂના સંબંધોને યાદ કર્યા હતા. આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ આ મુદ્દે કેન્દ્ર સરકારના મૌન સામે સવાલો ઉઠાવ્યા છે. મુલાકાત બાદ પત્રકારો સાથે વાત કરતા ઈમરાન મસૂદે જણાવ્યું કે, ખમેનેઈ સાહેબ ભારત પ્રત્યે ખૂબ જ ઊંચો આદર ધરાવતા હતા. મસૂદના જણાવ્યા મુજબ, ખમેનેઈ વારંવાર કહેતા હતા.

### આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ન્યાયતંત્રમાં જવાબદારી નક્કી થશે

# એઆઈથી નકલી કેસ ટાંકવા એ ભૂલ નહીં પણ ગેરરીતિ સુપ્રીમ

નવી દિલ્હી: ભારતીય ન્યાયતંત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વધી રહેલા અને જોખમી ઉપયોગ સામે સુપ્રીમ કોર્ટે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. સર્વોચ્ચ અદાલતે એક સીમાચિહ્નરૂપ આદેશમાં સ્પષ્ટ કર્યું છે કે, જો કોઈ ન્યાયાધીશ પોતાના ચુકાદામાં એઆઈ દ્વારા જનરેટ કરાયેલા ખોટા કેસ અથવા અસ્તિત્વ વગરના કાયદા ટાંકે છે, તો તેને માત્ર કાયદાકીય ભૂલ ગણીને માફ કરી શકાય નહીં. આવી હરકતને ન્યાયાધીશની ગંભીર ગેરરીતિ ગણવામાં આવશે અને તેના માટે કાયદાકીય પરિણામો ભોગવવા પડશે. આ વિવાદની શરૂઆત આંધ્ર પ્રદેશની એક ટ્રાયલ કોર્ટના વિચિત્ર ચુકાદાથી થઈ હતી. મિલકત વિવાદના એક કેસમાં ન્યાયાધીશે એડવોકેટ કમિશનરના રિપોર્ટ સામેની વાંધા અરજી ફગાવી દીધી હતી. આ આદેશને મજબૂત બનાવવા માટે ન્યાયાધીશે સુપ્રીમ કોર્ટના



ચાર ચુકાદાઓનો આધાર લીધો હતો. જોકે, જ્યારે આ મામલો ઉપલી અદાલતમાં પહોંચ્યો ત્યારે સત્ય બહાર આવ્યું કે તે ચારેય કેસ અસ્તિત્વમાં જ નથી. તે એઆઈ ટૂલ્સ દ્વારા બનાવવામાં આવેલા સંપૂર્ણપણે કાલ્પનિક અને 'સિન્થેટિક' કેસ હતા.

જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને જસ્ટિસ આલોક અરાધેની બેન્ચે આ ઘટનાની ગંભીર નોંધ લેતા ચિંતા વ્યક્ત કરી છે. બેન્ચે જણાવ્યું કે, ન્યાયિક નિર્ણયોમાં આવા નકલી ચુકાદાઓનો ઉપયોગ ન્યાયતંત્રની વિશ્વસનીયતા પર પ્રહાર સમાન છે. મીડિયા અહેવાલ મુજબ, સર્વોચ્ચ અદાલતે આ બાબતને અક્ષમ્ય ગણી છે, કારણ કે આનાથી ખોટા કાયદાકીય દાખલાઓ બેસે છે અને સામાન્ય લોકોનો ન્યાય પરથી વિશ્વાસ ઉઠી શકે છે.આ ગંભીર બેદરકારી અથવા જાણીજોઈને કરાયેલી ગેરરીતિના કિસ્સામાં જવાબદારી કોની રહેશે તે નક્કી કરવા સુપ્રીમ કોર્ટે કવાયત શરૂ કરી છે. કોર્ટે એટર્ની જનરલ, સોલિસિટર જનરલ અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) ને નોટિસ જારી કરી છે. હવે તપાસ એ દિશામાં થશે કે જ્યારે ન્યાયિક પ્રક્રિયામાં એઆઈ દ્વારા જનરેટ કરાયેલા ડેટાનો ઉપયોગ થાય, ત્યારે ન્યાયાધીશ અને વકીલની શું જવાબદારી હોવી જોઈએ.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**અમદાવાદ ડિવિઝનના અમદાવાદ, સાબરમતી BG, મહેસાણા, ગાંધીધામ, ભુજ, અસારવા, ગાંધીનગર કેપીટલ, વિરમગામ, આંબલી રોડ, ચાંદલોડિયા, સાબરમતી, કલોલ અને સામખિયાળી સ્ટેશનો પર ATVM સેવા પ્રદાતાની નિમણૂંક**

**અમદાવાદ ડિવિઝનના** વિવિધ સ્ટેશન પર **"ATVM સેવા પ્રદાતા"** તરીકે કામ કરવા **સામાન્ય જનતા અને નિવૃત્ત રેલવે કર્મચારીઓ** પાસેથી નિર્ધારીત ફોર્મેટમાં અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે. અરજદારે તેમની/તેણીની પસંદગીના સ્ટેશનનું નામ સ્પષ્ટપણે જણાવવાનું રહેશે. પસંદ કરાયેલ અરજદારોને ૦૨ (બે) વર્ષોના સમયગાળા માટે ATVM દ્વારા ટિકિટ ઈશ્યુ કરવાની પરવાનગી આપવામાં આવશે, જેને સક્ષમ અધિકારી એટલે કે ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ) – અમદાવાદ પશ્ચિમ રેલવેના સંતોષ અને યોજનાના વિસ્તરણ આધિન વધુ એક વર્ષ માટે લંબાવી શકાશે. **અરજી ફોર્મ્સ રેલવેની વેબસાઈટ www.wr.indianrailways.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે અને બંધ થવાની તારીખ ૦૯/૦૪/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાક સુધી અથવા તે પહેલાં જમા કરાવવાના રહેશે.**

**લાયકાતની શરતો :-**

**(૧) અરજદારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઈએ અને તેણે ઓછામાં ઓછું મેટ્રિક અથવા તેને સમકક્ષ પાસ કરેલું હોવું જોઈએ. (૨) અરજદાર જ્યાં ATVM સેવા પ્રદાતાની નિમણૂંક થવાની છે તે સ્ટેશન જ્યાં આવેલું હોય તે સ્થાનિક જિલ્લાનો રહેવાસી હોવો જોઈએ.** (૩) યોજનાની મુખ્ય વિશેષતાઓ અને અન્ય નિયમો તથા શરતો **પરિશિષ્ટ–A** માં સંલગ્ન કરવામાં આવેલ છે. **(૪)** અરજીનો નમૂનો અને તેની સાથે જોડવાના દસ્તાવેજોની વિગતો **પરિશિષ્ટ–B અને C** માં આપવામાં આવેલ છે. **(૫)** પસંદ કરવાના/નિમણૂંક કરવાના સેવા પ્રદાતાની સ્ટેશન મુજબ સંખ્યા અને ATVM સ્થળોની વિગતો **પરિશિષ્ટ–D** માં આપવામાં આવેલ છે. **(૬) એકથી વધુ અરજીઓ અમાન્ય ગણવામાં આવશે અને તેને કોઈપણ તબક્કે નકારી દેવામાં આવશે.**

અરજદારોએ પ્રસ્તાવિત ફોર્મેટમાં યોગ્ય રીતે ભરેલી તેમની અરજી જરૂરી દસ્તાવેજો સાથે સિલબંધ કવરમાં **સિનિ. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, કોમર્શિયલ વિભાગ, ચામુંડા માતાના મંદિર પાસે, ગુજરાત કેન્સર હોસ્પિટલની સામે, અમદુપુરા, અમદાવાદ – ૩૮૨૩૪૫ ખાતે તમામ કામકાજના દિવસો દરમિયાન ૧૦:૩૦ કલાકથી ૧૬:૦૦ કલાકની વચ્ચે તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ અથવા એ પહેલાં જમા કરાવવાની રહેશે. ઉપરોક્ત જણાવેલી તારીખ પછી મળેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. ટપાલ દ્વારા થનાર વિલંબને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. કવર પર સ્પષ્ટપણે "સ્ટેશન (સ્ટેશનનું નામ) માટે ATVM સેવા પ્રદાતા તરીકે નિમણૂંક માટેની અરજી અને અરજદારનું નામ અને પીનકોડ સહિતનું સરનામું" લખેલું હોવુ જોઈએ. તમામ જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ થયા પછી અરજીઓની ચકાસણી કરવામાં આવશે અને તમામ શરતો પરિપૂર્ણ થવા પર, ફાળવણી કરવામાં આવશે.** જો કોઈપણ સ્ટેશન અથવા ATVM સ્થાન માટે પાત્રતા/લાયકાત ધરાવતા અરજદારોની સંખ્યા જરૂરી સેવા પ્રદાતાની સંખ્યા કરતાં વધારે હશે ત્યારે પસંદગી પાત્રતા/લાયકાત ધરાવતા અરજદારો અને અમદાવાદ ડિવિઝનના બે અધિકારીઓની ઉપસ્થિતિમાં લકી ડ્રો દ્વારા કરવામાં આવશે. ATVM સેવા પ્રદાતાની માન્યતા રેલવે બોર્ડની નીતિ માર્ગદર્શિકા મુજબ માન્ય હશે તો જ વિસ્તારીત કરી શકાશે.

**બિડાણ : (૧)** પરિશિષ્ટ A : યોજનાની મુખ્ય વિશેષતાઓ **(૨)** પરિશિષ્ટ B : નિવૃત રેલવે કર્મચારીઓ માટે અરજી ફોર્મેટ **(૩)** પરિશિષ્ટ C : સામાન્ય જનતા માટે અરજી ફોર્મેટ **(૪)** પરિશિષ્ટ D : ATVMs માટે સ્ટેશન મુજબ પસંદ થનારા સેવા પ્રદાતાની સંખ્યા **(૫)** પરિશિષ્ટ E : નોમિનેશન ફોર્મેટ (નિવૃત રેલવે કર્મચારીઓ માટે) **(૬)** રૂ. ૧૦૦/– ના સ્ટેમ્પ પેપર પર બાંયધરી પત્ર (નિવૃત રેલવે કર્મચારીઓ માટે) **(૭)** યોગ્ય રકમના સ્ટેમ્પ પેપર પર બાંયધરી પત્ર (સામાન્ય જનતા માટે)

ADI-295

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

## કોન્સ્ટેબલ ઉપર બૂટલેગરે હુમલો કરી માથુ ફાડી નાખ્યું

અમદાવાદ | અમદાવાદ શહેરના કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા મજૂર ગામ પાસે એકતા નગરની ચાલીમાં પોલીસ કોન્સ્ટેબલ ઉપર બુટલેગરે હુમલો કર્યો હોવાની ઘટના બની છે. ત્રણ લોકોએ ભેગા મળી અને કોન્સ્ટેબલના માથામાં લાકડીઓ મારી હતી. જેનાથી કોન્સ્ટેબલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તું અમારા ધંધાની બાતમી કેમ આપે છે એમ કહી અને કોન્સ્ટેબલ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. કાગડાપીઠ પોલીસ દ્વારા ત્રણ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સિટી એક્સપ્રેસ
WEDNESDAY 04 MARCH-2026
AHMEDABAD

## 12 લાખનો પ્રતિબંધિત દવાઓનો જથ્થો ઝડપાયો : ત્રણની ધરપકડ

ગાંધીનગર | ગાંધીનગર સીઆઈડી ક્રાઈમના અમદાવાદ ઝોનની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સે શહેરના રાયખડ વિસ્તારમાંથી ગેરકાયદેસર અલ્પ્રાઝોલમ દવાના જથ્થા સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે રૂ. 12 લાખની કિંમતની 3000 જેટલી ગોળીઓ જપ્ત કરી છે. શહેરના સોલા વિસ્તારમાં ચાણક્યપુરી પાસે આવેલા બજરંગ મેડિકલ સ્ટોર ધરાવતા હાર્દિક ઠક્કર નામના વ્યક્તિ પાસેથી દવાઓનો જથ્થો લાવ્યા હોવાનું સામે આવ્યું છે. નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની ટીમ દ્વારા આ મામલે આરોપીઓ સામે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### યાત્રાધામ દુધરેજ માટે ₹૬.૫ કરોડનું પેકેજ નાયબ મુખ્યમંત્રીએ ગૌ-રક્ષા અંગે સરકારની કટિબદ્ધતા દોહરાવી

# દુધરેજ વડવાળા ધામે હોળી મહોત્સવમાં નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિ

## યાત્રાધામના વિકાસ માટે વધારાના ₹૨ કરોડની મહત્વપૂર્ણ જાહેરાત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગૌ-હત્યારાઓ સામે ઝીરો ટોલરન્સ; ૧૮થી વધુને આજીવન કેદ સુધીની સજા દુધરેજ ધામના વિકાસ માટે વધારાના ૨ કરોડની જાહેરાત સુરેન્દ્રનગર જિલ્લાના વડવાળા મંદિર ખાતે આયોજિત હોળી મહોત્સવમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહભાગી રહ્યા હતા. આ અવસરે તેમણે હરિદ્વાર કુંભમાં મહામંડળેશ્વર તરીકે વિખ્યાત અને તાજેતરમાં શંકરાચાર્ય પદથી વિભૂષિત કનીરામ બાપુ તથા લઘુ મહંત નાગરદાસ બાપુના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. જનમેદનીને સંબોધતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગૌ-હત્યા વિરોધી મામલે રાજ્ય સરકારની કડક વૃત્તિ દોહરાવી હતી. તેમણે જણાવ્યું કે છેલ્લા એક વર્ષમાં ગૌ-હત્યા સંબંધિત ગુનાઓમાં ૧૮થી

**સુરેન્દ્રનગરમાં ભક્તિનો માહોલ દુધરેજ વડવાળા ધામે હોળી મહોત્સવમાં નાયબ મુખ્યમંત્રીએ લીધા આશીર્વાદ**

વધુ આરોપીઓને સાત વર્ષથી લઈને આજીવન કેદ સુધીની સજા ફટકારવામાં આવી છે. નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં ગૌ-રક્ષા માટે કડક કાયદાકીય અને વહીવટી પગલાં લેવામાં આવ્યા હોવાનું તેમણે ઉમેર્યું. દુધરેજ યાત્રાધામના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ જાહેરાત કરતાં તેમણે જણાવ્યું કે અગાઉ મંજૂર થયેલા રૂ. ૪.૫ કરોડ ઉપરાંત વધારાના રૂ. ૨ કરોડ ફાળવવામાં આવ્યા છે. આમ કુલ રૂ. ૬.૫ કરોડના વિકાસકામોથી યાત્રાધામને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે. આ પ્રક્રિયા ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ અમલમાં મુકાઈ રહી હોવાનું તેમણે જણાવ્યું. પ્રસંગે ધારાસભ્યો, જનપ્રતિનિધિઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, સાધુ-સંતો અને મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.



### ગૌ-હત્યા રોકવા રાજ્ય સરકારની કડક કાર્યવાહી

જનમેદનીને સંબોધતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગૌ-રક્ષા અંગે સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે ગૌ-હત્યાના ગુનામાં સંડોવાયેલા તત્વો સામે રાજ્ય સરકાર 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવી રહી છે. છેલ્લા એક વર્ષમાં ગૌ-હત્યાના ગુનાઓમાં ૧૮ થી વધુ આરોપીઓને ૭ વર્ષથી લઈ આજીવન કેદ સુધીની સજા ફટકારવામાં આવી છે. ગૌ-વંશની સુરક્ષા માટે કાયદાકીય કડક અમલવારી કરવામાં આવી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

### દુધરેજ ધામ માટે વિકાસનું નવું પેકેજ

દુધરેજ યાત્રાધામને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવા માટે નાયબ મુખ્યમંત્રીએ મોટી જાહેરાત કરી હતી. અગાઉ મંજૂર થયેલા રૂ. ૪.૫ કરોડ ઉપરાંત વધારાના રૂ. ૨ કરોડ ફાળવવાની જાહેરાત કરતા તેમણે જણાવ્યું કે હવે કુલ રૂ. ૬.૫ કરોડના ખર્ચે યાત્રાધામનો સર્વાંગી વિકાસ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ દ્વારા ભક્તો માટે આધુનિક આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવશે.

### સાધુ-સંતો અને જનપ્રતિનિધિઓની ઉપસ્થિતિ

આ મહોત્સવમાં ધારાસભ્યો, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, સાધુ-સંતો અને રાજ્યભરમાંથી આવેલા હજારો ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રીની મુલાકાતથી ભક્તોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. સરકારના આ પગલાથી સુરેન્દ્રનગર જિલ્લામાં ધાર્મિક પર્યટનને વેગ મળશે અને દુધરેજ ધામની ગરિમામાં વધારો થશે તેવું સ્થાનિક અગ્રણીઓએ જણાવ્યું હતું.

---

### 80% ગર્ભાધાન સફળતા દરથી હજારો પશુપાલકોની આવકમાં નોંધપાત્ર વધારો

# પાંચ ચોપડી પાસ 'મિરેકલ બોય' દિપક પટેલે બદલ્યો ડેરી ક્ષેત્રનો ચહેરો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સુરત જિલ્લાના મહુવા તાલુકાના વહેવલ ગામના 63 વર્ષીય દિપક પટેલ આજે દેશભરમાં ડેરી ઉદ્યોગમાં 'મિરેકલ બોય' તરીકે ઓળખાય છે. માત્ર પાંચ ધોરણ ભણેલા દિપકભાઈએ પશુઓમાં કૃત્રિમ બિજદાન ક્ષેત્રે 80 ટકા ગર્ભાધાન સફળતા દર હાંસલ કરીને રાષ્ટ્રીય સરેરાશને બમણો પાર કર્યો છે. નિષ્ણાતો મુજબ દેશમાં કૃત્રિમ બિજદાનનો સરેરાશ સફળતા દર 35થી 40 ટકા છે, જ્યારે દિપક પટેલ છેલ્લા બે દાયકાથી 80 ટકા સફળતા જાળવી રાખી સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન પર છે. વર્ષ 1999થી સુરત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ સાથે જોડાયેલા



દિપકભાઈ અત્યાર સુધીમાં 80 હજારથી વધુ બિજદાન પ્રક્રિયાઓ સફળતાપૂર્વક પૂર્ણ કરી ચૂક્યા છે. તેમની કુશળતાનો સીધો લાભ મહુવા તાલુકાના પશુપાલકોને મળ્યો છે. જ્યાં દેશમાં એક શંકર ગાય સરેરાશ 7.4 લિટર અને ગુજરાતમાં 8.05 લિટર દૂધ આપે છે, ત્યાં મહુવામાં આ આંકડો 11.3 લિટર સુધી પહોંચ્યો છે. પરિણામે દૂધ ઉત્પાદન વધ્યું, ખર્ચ ઘટ્યો અને હજારો પરિવારોની આવકમાં જબરદસ્ત વધારો નોંધાયો છે. સમયની સચોટ પરખ અને પશુની 'હીટ' સ્થિતિનું ચોક્કસ નિદાન તેમની સફળતાનું મુખ્ય રહસ્ય માનવામાં આવે છે. દિપક પટેલની કામગીરીને પ્રોત્સાહન આપવા National Dairy Development Board દ્વારા 'સફલ બિજદાન' નામની ડોક્યુમેન્ટરી પણ તૈયાર કરવામાં આવી છે.

### પ્રકૃતિના રંગોથી ધૂળેટીનો સુરક્ષિત આનંદ

# બીટ, પાલક અને કેસૂડાથી તૈયાર 'કુદરતી ગુલાલ'ની અનોખી પહેલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

કેમિકલયુક્ત રંગોથી સ્વાસ્થ્ય અને પર્યાવરણ પર થતા પ્રતિકૂળ પ્રભાવ વચ્ચે અમદાવાદની સુરભીબેનના સ્વ-સહાય જૂથની મહિલાઓએ કુદરતી રંગોની પ્રેરણાદાયી પહેલ કરી છે. પરંપરાગત જ્ઞાન અને વૈજ્ઞાનિક પદ્ધતિના સમન્વયથી તૈયાર થતી આ 'કુદરતી ગુલાલ' હવે હોળી ઉજવણીમાં નવો વિકલ્પ બની રહી છે. આ જૂથ આરારોટના લોટને બેઝ બનાવી ગુલાબ અને બીટથી લાલ, ગલગોટા અને હળદરથી પીળો, પાલક અને મોરિંગાથી લીલો, કેસૂડાથી કેસરી તેમજ અપરાજીતાથી વાદળી રંગ તૈયાર કરે છે. તૈયાર મિશ્રણને



સૂકવી, પીસી અને ચાળી મુલાયમ ગુલાલ બનાવવામાં આવે છે. ગયા વર્ષે 60થી 70 કિલો જેટલા કુદરતી રંગોનું વેચાણ કરીને જૂથે રૂ. 10 હજારથી વધુ આવક મેળવી હતી.

### યુરિયા વપરાશ ઘટાડીને ગુજરાતને મોડલ રાજ્ય બનાવવાનો સંકલ્પ

# પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ઘટતું નથી: રાજ્યપાલનો દૃઢ વિશ્વાસ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ પ્રત્યે વધતી જાગૃતિ વચ્ચે ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે રાજ્યકક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકનું અધ્યક્ષસ્થાન આચાર્ય દેવવ્રતે કર્યું હતું, જ્યારે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી પ્રેરક ઉપસ્થિતિ નોંધાવી હતી. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીને સમયની અનિવાર્ય જરૂરિયાત ગણાવી જણાવ્યું કે રાસાયણિક ખેતીના કારણે જમીન, પાણી, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય પર ગંભીર પ્રભાવ પડ્યો છે. રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના સંશોધનોનો ઉલ્લેખ કરતા તેમણે



સ્પષ્ટ કર્યું કે પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ઘટતું નથી, વિપરીત રીતે તે જમીનની ઉપજક્ષમતા અને ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત બનાવે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે પ્રાકૃતિક ખેતી દેશવ્યાપી જનઆંદોલન બનશે તો તે ઐતિહાસિક પરિવર્તન સાબિત થશે. હરિત ક્રાંતિના શિલ્પી એમ. એસ. સ્વામીનાથનની જેમ પ્રાકૃતિક ખેતીના આ અભિયાન સાથે જોડાયેલા કાર્યકરોને પણ ભવિષ્યમાં દેશ યાદ રાખશે, એવો આશાવાદ વ્યક્ત કર્યો.

---

### વિરપર ખાતે વિકાસ કાર્યોનો પ્રારંભ

# પશુ દવાખાનું અને નવા બસ સ્ટેન્ડથી ગ્રામ સુવિધાઓને મળશે વેગ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

"સુવિધાસભર ગામ - સમૃદ્ધ ગુજરાત"ના મંત્ર સાથે જસદણ તાલુકાના વિરપર મુકામે નવીન પશુ દવાખાનાના બાંધકામ તથા નવા બસ સ્ટેન્ડના ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન થયું. પ્રસંગે વિસ્તારના ધારાસભ્ય તથા રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ઉપસ્થિત રહ્યા અને વિકાસયાત્રાને ગતિ આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. ધારાસભ્ય ગ્રાન્ટ હેઠળ નિર્માણ પામનાર બસ સ્ટેન્ડ અને પશુ આરોગ્ય સેવાઓને મજબૂત બનાવનાર દવાખાનું ગ્રામ્ય વિસ્તાર માટે મહત્વપૂર્ણ સાબિત થશે. આ અવસરે ભાડલા તાલુકા પંચાયતના આગેવાનો અને કાર્યકરો સાથે બેઠક યોજી પ્રાથમિક સુવિધાઓ, ચાલી રહેલા વિકાસ કાર્યો અને લોકકલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.ગ્રામ્ય વિકાસમાં જનસહભાગિતા અને સંગઠનની ભૂમિકા મજબૂત બને તે દિશામાં માર્ગદર્શન અપાયું.

# ગાંધીનગરમાં 'મિશન મધમાખી' તાલીમ પૂર્ણ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ખેડૂતો પરંપરાગત ખેતી સાથે મધમાખી ઉછેર જેવા પૂરક વ્યવસાય અપનાવી આવકમાં વધારો કરે તે હેતુથી ગાંધીનગર ખાતે બે દિવસીય તાલીમ શિબિર સફળતાપૂર્વક યોજાઈ. નાયબ બાગાયત નિયામક કચેરી દ્વારા 'મિશન મધમાખી' અંતર્ગત ૨૬-૨૭ ફેબ્રુઆરીએ યોજાયેલી આ તાલીમમાં જિલ્લાના આશરે ૧૦૦ પ્રગતિશીલ ખેડૂતોએ ભાગ લીધો. પ્રથમ દિવસે કૃષિ વૈજ્ઞાનિકોએ મધમાખી પાલનની વૈજ્ઞાનિક પદ્ધતિ, સંભાળ અને બજાર સંભાવનાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું. બીજા દિવસે ખેડૂતોએ ખેડા જિલ્લાના જાળિયા ગામે સ્થિત શ્રીરાજ હની ફાર્મની મુલાકાત લીધી, જ્યાં યુવા ઉદ્યોગસાહસિક અર્જુનભાઈ ઝાલાએ



**૧૦૦થી વધુ ખેડૂતોએ પૂરક વ્યવસાય તરફ પગલું ભર્યું**

જીવંત પ્રદર્શન દ્વારા પ્રાયોગિક તાલીમ આપી. માત્ર ૧૦૦ પેટીથી શરૂઆત કરી ૧૧૦૦ પેટી સુધી પહોંચવાની પોતાની સફર તેમણે શેર કરી ખેડૂતોમાં આત્મવિશ્વાસ જગાવ્યો. ખેડૂતોએ મહંમદપુરા સ્થિત સેન્ટર ઓફ એક્સેલેન્સ ફોર હોર્ટિકલ્ચરની મુલાકાત લઈ બાગાયતી પાકો અને સરકારી યોજનાઓ અંગે માહિતી મેળવી. કાર્યક્રમના અંતે તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયા. આયોજકોએ આશા વ્યક્ત કરી કે આ પહેલથી ખેડૂતો આત્મનિર્ભરતા તરફ આગળ વધશે અને મધમાખી ઉછેર દ્વારા વધારાની આવક સર્જશે. તાલીમના બીજા દિવસે ખેડૂતોને ખેડા જિલ્લાના જાળિયા ગામે આવેલા 'શ્રીરાજ હની ફાર્મ'ની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા.

### સ્પોર્ટ્સ ક્લબ ઓફ ગુજરાત ખાતે સાહિત્ય-સિનેમાનો અર્થસભર સંવાદ

# 'ધ નેમસેક' પર ગહન ચર્ચાએ સભ્યોને આપ્યો વિચારપ્રેરક અનુભવ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ સ્થિત ધ સ્પોર્ટ્સ ક્લબ ઓફ ગુજરાત લિમિટેડ. ખાતે "The Namesake - A Retrospective" કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું. સાહિત્ય અને સિનેમાને એક જ મંચ પર લાવી યોજાયેલા આ કાર્યક્રમમાં સભ્યોને ગહન અને અર્થપૂર્ણ ચર્ચાનો અનોખો અનુભવ મળ્યો. કાર્યક્રમની શરૂઆત પ્રખ્યાત આરજે આર જે દેવકીના પ્રેરણાદાયી પરિચયથી થઈ. ત્યારબાદ પ્રસિદ્ધ નવલકથા The Namesake અને તેની ફિલ્મ આવૃત્તિ The Namesake



અંગે વિસ્તૃત ચર્ચા યોજાઈ. વૈશાખી ભરુચાએ સંવાદનું નેતૃત્વ કરતાં ઓળખ, સંસ્કૃતિ, લાગણીશીલ જોડાણ અને વાર્તાકથનની ઊંડાણભરી પરિમાણો પર સભ્યોને માર્ગદર્શન આપ્યું. સભ્યોને સાહિત્ય અને ફિલ્મ વચ્ચેના સુમેળને નવી દૃષ્ટિએ સમજવાની તક મળી.

---

# કમલમ ખાતે બેઠક યોજાઈ

## એસ.સી અને એસ.ટી. વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિમાં આવક મર્યાદા 6 લાખ થતા ગાંધીનગરમાં યોજાશે ભવ્ય કાર્યક્રમ

(એજન્સી) ગાંધીનગર. તા. 03

ગાંધીનગર સ્થિત ભાજપ પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે પૂર્વ સાંસદ અને અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડૉ. કિરીટભાઈ સોલંકીની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય હેતુ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકાર દ્વારા પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં લેવાયેલા ઐતિહાસિક નિર્ણય બદલ 'ઋણ સ્વીકાર' કાર્યક્રમનું આયોજન કરવાનો હતો. સામાન્ય રીતે આ યોજનામાં નાણાકીય જોગવાઈઓ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતી હોય છે, પરંતુ ગુજરાત સરકારે પોતાના જનરલ બજેટમાં આ આર્થિક ભાર વહન કરવાનો નિર્ણય લીધો છે.




### ઐતિહાસિક નિર્ણય: આવક મર્યાદામાં માતબર વધારો

રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2026-27 ના બજેટમાં એસ.સી. અને એસ.ટી. સમાજના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિની વાર્ષિક આવક મર્યાદા 2.50 લાખથી વધારીને સીધી 6 લાખ કરી દેવામાં આવી છે.

### ગાંધીનગર ખાતે યોજાશે ભવ્ય અભિવાદન

ડૉ. કિરીટભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, અનુસૂચિત જાતિનો કાર્યકર્તા પક્ષની 'રીડ કી હડ્ડી' સમાન છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું જાહેર લોક અભિવાદન કરવા માટે ગાંધીનગર ખાતે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

### વરિષ્ઠ આગેવાનોની ઉપસ્થિતિ

આ બેઠકની શરૂઆતમાં રાજ્યના દરેક જિલ્લામાં નવા નિમાયેલ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખો અને મહામંત્રીઓનો પરિચય કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ગૌતમ ગેડિયા, પૂર્વ મંત્રી અને ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, કડીના ધારાસભ્ય રાજેન્દ્રભાઈ ચાવડા, પૂર્વ સાંસદ રાજુભાઈ પરમાર, પૂર્વ મંત્રી પ્રદીપભાઈ પરમાર, ગિરીશભાઈ પરમાર તેમજ મહામંત્રી વિક્રમભાઈ ચૌહાણ અને દેવેન વર્મા સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

## ડિજિટલ ગુજરાત: અંતરિયાળ ગામડાંથી ગ્લોબલ હબ સુધીની દ્રુત દોડ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ટેક્નોલોજી આધારિત શાસન અને નવીનતાના સંકલનથી ગુજરાત આજે ડિજિટલ પરિવર્તનના માર્ગે આગવું સ્થાન મેળવી રહ્યું છે. નરેન્દ્ર મોદીના 'ડિજિટલ ઈન્ડિયા' વિઝનને સાકાર કરવા ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય ડિજિટલ ઈકોસિસ્ટમ મજબૂત કરી રહ્યું છે. રાજ્ય સરકારની IT/ITeS નીતિ (2016-21 અને 2022-27) અંતર્ગત આઈ.ટી. ઔદ્યોગિક એકમોને અત્યાર સુધી રૂ. 200 કરોડથી વધુ સહાય આપવામાં આવી છે. ડીપ ટેક, એઆઈ, ડેટા સેન્ટર અને સ્ટાર્ટઅપ્સ માટેની જોગવાઈઓ સાથે ગુજરાત વૈશ્વિક ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCC) માટે અનુકૂળ ગંતવ્ય બનતું જાય છે. ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગુજરાત ફાઈબર ગ્રેડ નેટવર્ક લિમિટેડએ ગ્રામપંચાયતોમાં 100 ટકા કનેક્ટિવિટી અને 95 ટકા કરતાં વધુ નેટવર્ક અપટાઈમ હાંસલ કરી રાજ્યને અગ્રેસર બનાવ્યું છે.

### ગુજરાતને ખાલિસ્તાન બનાવવાની ધમકી આપી હતી, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પ.બંગાળથી દબોચ્યો

# મોદી-શાહને ટાર્ગેટ કરી સ્કૂલોને બોમ્બની ધમકી આપનારો ઝડપાયો

(એજન્સી) અમદાવાદ. તા. 03

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બોમ્બની ધમકીભર્યા ઈમેલ કરનાર એક આરોપીની ધરપકડ કરી છે.બોમ્બની ધમકીના મેસેજ કરનાર આરોપીની પશ્ચિમ બંગાળથી ધરપકડ કરવામાં આવી છે.બોમ્બની ધમકીના કેસમાં ક્રાઈમ બ્રાન્ચે પ્રથમ વખત આરોપીની ધરપકડ કરી છે.આરોપીની ધરપકડ કરી રિમાન્ડ પણ મેળવવામાં આવ્યા છે.હાલ આરોપીની પૂછપરછ ચાલી રહી છે.અમદાવાદ સહિત રાજ્યભરની સ્કૂલો અને નીચલી અદાલતને ખાલિસ્તાનના નામે ઈમેલ કરનાર બિશ્વાસ નામના આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, 17 ડિસેમ્બરના રોજ ખાલિસ્તાનના નામે અમિત શાહના લોકસભા મત વિસ્તારની સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી હતી. જ્યારે 16 ફેબ્રુઆરીએ મેઈલ કરી લખ્યું હતું કે મોદી-શાહ ટાર્ગેટ છે. હિન્દુસ્તાનનાં ટુકડા થશે, ગુજરાત ખાલિસ્તાન બનશે. આટલું લખીને અમદાવાદ-વડોદરાની 40 સ્કૂલને બોમ્બની ધમકી આપી હતી.આ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર ક્રાઈમનું સંયુક્ત ઓપરેશન ચાલી રહ્યું છે. ઈ-મેલ કરનાર કોઈ એક આરોપી નથી,હાલ એક આરોપી ઝડપાયો છે,બાકીના આરોપીઓની તપાસ ચાલી રહી છે.

### સ્કૂલ, એરપોર્ટ અને સરકારી કચેરીઓને જ કેમ નિશાન બનાવે છે?

આવી બોમ્બ ધમકીઓ મોટેભાગે શાળાઓ, એરપોર્ટ, હોસ્પિટલ, સરકારી કચેરીઓ અને જાહેર સ્થળોને જ લક્ષ્ય બનાવે છે. તેનું મુખ્ય કારણ એ છે કે આ જગ્યાઓ પર ધમકી આપવાથી સૌથી વધુ અસર થાય છે .આ જગ્યાઓ પર ધમકી મળે તો તરત જ એવેક્યુએશન , તપાસ, બોમ્બ સ્ક્વોડ, પોલીસ અને ડોગ સ્ક્વોડ આવે છે. શાળામાં બાળકોને ઘરે મોકલવા પડે છે, વાલીઓ ચિંતિત થાય છે, શિક્ષણ અટકી જાય છે.

### સાયબર અપરાધીઓ આવા ઈમેઈલ કેવી રીતે મોકલે છે?

સાયબર અપરાધીઓ આવા ધમકીભર્યા ઈમેઈલ મોકલવા માટે અનેક તરકીબો અપનાવે છે. તેઓ સામાન્ય રીતે ગુપ્ત ઈમેઈલ સેવાઓનો ઉપયોગ કરે છે, જેમ કે પ્રોટોનમેઈલ અથવા ટેમ્પરરી ઈમેઈલ સર્વિસ. આ સેવાઓમાં તેઓ ખોટા નામ અને વિગતો વાપરીને એકાઉન્ટ બનાવે છે, જેથી તેમની ઓળખ છુપાઈ રહે. તેઓ વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક અથવા ટોર બ્રાઉઝરનો ઉપયોગ કરીને તેમના આઈપી એડ્રેસને છુપાવે છે.